بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/સપ્ટેમ્બર/૨૦૧૬**

ઝીલ હજ્જ મુબારક
હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૯, સળંગ અંક : ૧૫૩



સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | તોડવાનું નહીં, જોડવાનું કામ કરો ! | 02 |
| 02 | રબની નારાઝગીનો એક સબબ જેનાથી આપણે નચિંત છીએ ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | ક઼ાનૂને શરીઅત | 17 |
| 07 | ઈસ્લામમાં રસ્તાના હક્કો અને તેનું મહત્વ | 24 |
| 08 | નિરર્થક લક઼બો અને પોકળ નારાઓથી બચો ! | 32 |
| 09 | હજ્જ કરને કી ફઝીલતેં ઔર ન કરને પર વઈદેં ! | 37 |
| 10 | કુર્બાનીનું જાનવર તથા કુર્બાનીનો તરીક઼ો | 44 |
| 11 | સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ | 45 |


## ફૌઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ

ફૌઝે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ દાફએ ગ઼મ તુમ્હારી દુહાઈ હૈ
ઉમ્ર ખેલોં મેં હમને ગંવાઈ હૈ ઉમ્ર ભર કી યહી તો કમાઈ હૈ
તુમને કબ આંખ હમ કો દિખાઈ હૈ તુમને કબ આંખ હમ સે ફિરાઈ હૈ
તૂ ખુદા કા હુવા ઔર ખુદા તેરા તેરે ક઼બ્ઝે મેં સારી ખુદાઈ હૈ
જબ ખુદા ખૂદ તુમ્હારા હુવા તો ફિર કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ
અંબિયા કો રસાઈ મિલી તુમ તક બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ
મેરા બેળા કિનારે લગે પ્યારે નૂહ કી નાવ કિસને તિરાઈ હૈ
આગ કો બાગ કિસને કિયા પ્યારે તુમને તુમને હી કુદરત યે પાઈ હૈ
કાશ વો હશ્ર કે દિન કહે મુઝ સે નારે દોઝખ સે તુઝ કો રિહાઈ હૈ
તયબહ જાઉં વહાં સે ન વાપસ આઉં મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ
શૌકે દીદારે નૂરી મેં અય **નૂરી** રૂહ ખીંચ કર અબ આંખોં મેં આઈ હૈ

**અઝ : હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝા ક઼ાદરી નૂરી** رحمۃ اللہ علیہ

# તોડવાનું નહીં, જોડવાનું કામ કરો !

અઝ : હઝરત મૌલાના
મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

એમાં કોને શંકા હોય શકે છે કે ઝિનાકારી, શરાબનોશી, જૂગાર અને લાંચખોરી વગેરે સમાજના માટે અતિશય તબાહ કરનાર બુરાઈઓ છે. યકીનન ! એ બુરાઈઓમાં સમાજ બુરી રીતે સપડાયેલ છે. એનાથી બચવું અને એકબીજાને બચાવવું મુસલમાનની દીની જિમ્મેદારી પણ છે અને અખ્લાકી જિમ્મેદારી પણ છે, પરંતુ એક અન્ય બુરાઈ છે જે સમાજને બર્બાદીની ખાઈમાં ધકેલી રહી છે, જેમાં આપણી કૌમ અભાનપણે સપડાયેલી છે. અને એવું લાગે છે કે તે આ બુરાઈને ગુનાહમાં ગણતી જ નથી ! એનું મોટુ કારણ એ છે કે કમનસીબીથી આપણે આપણા દીનથી એટલા બેખબર છીએ કે ઘણા બધા ગુનાહોનાં નુકસાનો અને તેની ધમકીઓથી સદંતર અજાણ છીએ. હદ તો એ છે કે મોટા મોટા દીનદાર કહેવાતા લોકો પણ એમાં સપડાયેલા જોવા મળે છે ! આવો ! જાણી લઈએ કે તે કયો ગુનોહ છે જેથી એનાથી બચીએ અને કાલે કયામતના દિવસે એના અઝાબથી મેહફૂઝ રહીએ.

કોઈ મુસલમાન ભાઈના દિલને દુ:ખવવું ખૂબ જ મહાન ગુનોહ છે. કુર્આને કરીમ ખુદ એનાથી મુસલમાનોને દૂર રહેવાની તલ્કીન કરે છે : "અને જેઓ ઈમાનવાળા પુરૂષો તથા સ્ત્રીઓને વિના વાંકે સતાવે છે તેમણે બોહતાન અને ખુલ્લો ગુનોહ પોતાના માથે લીધો." *(સૂરએ અહઝાબ, આ. ૫૮)*

કોઈ મો'મિનનું દિલ રાખવું એ ખરેખર ખૂબ જ મહાન નેકી છે, એ જ પ્રમાણે એના દિલને રંજાડવું એ ઘણો જ મહાન ગુનોહ છે. પરંતુ કિસ્મતની ખરાબી કે આજકાલ વાણી તથા વર્તન વડે દિલોને રંજાડવાનો ક્રમ એટલો લાંબો થઈ ચૂક્યો છે કે જેનો કોઈ છેડો નથી. કોઈ મો'મિનનું દિલ રાખવું અને તેને ખુશ કરવો કેટલી મોટી નેકી છે એને હદીષે નબવી થકી જાણો : "અલ્લાહ તઆલાને ફર્ઝો પછી સૌથી પસંદીદા કામ કોઈ મો'મિનના દિલને ખુશી પહોંચાડવું છે." જોયું તમે ?! મો'મિનના દિલને ખુશ કરવું અલ્લાહ તઆલાને કેટલું પસંદ છે કે તેને ઈમાન પછી સૌથી પ્રિય અમલ ઠરાવવામાં આવ્યો. જ્યારે કે આપણી હાલત એ છે કે આપણે મુસલમાનને ખુશ કરવા તથા ખુશ રાખવાની કોશિશ જ નથી કરતા. બલ્કે આપણામાંથી દરેક ત્રીજી વ્યક્તિ ચોથી વ્યક્તિના દિલને રંજાડતો જોવા મળે છે, જેના કારણે તેની આહ નીકળે છે અને પછી દુ:ખ પહોંચાડનાર માણસ પણ ખુશીઓને તરસતો જોવા મળે છે.

હઝરત ફુઝૈલ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, "કૂતરા તથા સુવ્વરને પણ નાહક્ક ઈજા પહોંચાડવું હલાલ નથી." તો મો'મિન પુરૂષો તથા મો'મિન સ્ત્રીઓને ઈજા પહોંચાડવું એ કેટલા અંશે બદ્તરીન જુર્મ છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

જાહેર છે કે જ્યારે જાનવરને તકલીફ પહોંચાડવાની મનાઈ છે તો ઈન્સાન જે અશ્રફુલ મખ્લૂકાત છે એને તકલીફ પહોંચાડવાની કેટલા અંશે મનાઈ હશે ?!

કાશ ! કે આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامનું ફર્માન આપણી નજરો સમક્ષ હોત ! કે "જેણે મુસલમાનને તકલીફ આપી એણે મને તકલીફ આપી, અને જેણે મને તકલીફ આપી તેણે અલ્લાહને તકલીફ આપી. અને જેણે અલ્લાહને તકલીફ પહોંચાડી તો અલ્લાહ તેને જહન્નમમાં ફેંકી દેશે."

અલ્લાહુ અકબર ! આ છે મુસલમાનના દિલને રંજાડવાનું પરિણામ ! આપણે મોટાભાગે શિકાયત કરીએ છીએ કે અમારી દુઆ કબૂલ નથી થતી, પણ આપણે એના પર વિચારણા કેમ નથી કરતા કે જ્યારે પચાસ માણસોની દુઆ પહેલેથી જ રબની બારગાહમાં આપણી શિકાયતના માટે હાજર હોય જેમના દિલને આપણે રંજાડયું છે, તો પછી આપણી દુઆ ક્યાંથી કબૂલ થશે ?! ખુદારા ! આ મહાન ગુનાહથી બચો પણ અને લોકોને બચાવો પણ. યાદ રાખો ! મો'મિનના દિલનો મકામ ખૂબ જ ઉચ્ચ તથા ઉચ્ચતમ છે. જે કુદરતનો સમાવેશ જમીન તથા આસ્માનની વિશાળતાઓમાં પણ શક્ય નથી તેનો સમાવેશ મો'મિનના દિલમાં છે. ખુદારા ! મુસલમાનના દિલને તોડશો નહીં બલ્કે એને જોડો. અલ્લાહ આપણને સૌને આપણા હબીબ ﷺના સદકામાં એની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૬)*

# રબની નારાઝગીનો એક સબબ જેનાથી આપણે નચિંત છીએ !

*તંત્રી લેખ...*

આજે પહેલાંની સરખામણીમાં જોવામાં આવે તો માણસો બેફામ કમાય છે અને બેફામ વાપરે છે. ઈન્સાન દુનિયાના જમેલામાં રહી ભાન ભૂલીને અઢળક માલ કમાય લેવાની ધાડમાં હરામ શું હલાલ શું એની રજમાત્ર પરવા નથી કરતો. (ઈલ્લા માશાઅલ્લાહ !) ગમે તેવા ધંધા કરીને માલ સમેટી લઈ તેના પર ખુશ થતો જોવા મળે છે. તો એ રીતે હરામ કમાઈને હરામનો માલ ખાવો એ જહન્નમના દરવાજે ટકોરા મારવા સમાન છે. કેમ કે હદીષે પાકમાં છે : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "કસમ છે એ જાતની જેની કુદરતના કબજામાં મુહમ્મદ ﷺની જાન છે કે જ્યારે આદમી પોતાના **પેટમાં હરામનો કોળિયો** નાખે છે તો **એના કારણે એની ચાળીસ દિવસની ઈબાદત કબૂલ નથી થતી. અને જે બંદો હરામથી પોતાનો ગોશ્ત વધારે છે (જહન્નમની) આગ એની ઘણી જ નજીક હોય છે.** *(મુકાશફતુલ કુલૂબ, પેજ–૫૪૭, ગુજરાતી)*

બીજી હદીષમાં છે : "જે વ્યક્તિએ દસ દિરહમનુ કાપડ ખરીદયું અને તેમાં એક દિરહમ હરામનો હતો, તો જ્યાં સુધી તે કાપડ એના શરીર પર રહે છે અલ્લાહ તઆલા એની નમાઝ કબૂલ નથી ફર્માવતો." *(મુકાશફતુલ કુલૂબ, પેજ–૫૪૭, ગુજરાતી)*

સારાંશ માનવી હરામને અપનાવે છે તો અલ્લાહ તઆલા ખૂબ જ ગઝબનાક થાય છે કે તેની ઈબાદત નથી કબૂલતો અને તેને જહન્નમની બશારત સંભળાવી આપે છે.

### ★ હરામ લુકમો ખાનારની દુઆ કબૂલ થતી નથી ! ★

હરામ ગમે તે રીતે હોય ચાહે **હરામ માર્ગે કમાણી કરીને ખાવ** કે પછી **અલ્લાહની હરામ કરેલ ચીજો ખાવ પીઓ ! હરામ જ ગણાશે !** અહીં ખાસ જે ચર્ચા કરવી છે તે હરામ કરેલ ચીજો ખાવા વિશે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ પાક છે, તે પાક ચીજોને કબૂલ ફર્માવે છે, અને તેણે મો'મિનને તે જ હુકમ આપ્યો છે જે તેણે રસૂલોને આપ્યો છે. જેમ કે ફર્માને ઈલાહી છે : **يَاأَيُّهَا الرُّسُلُ كُلُوا مِنَ الطَّيِّبٰتِ وَاعْمَلُوا صَالِحًا** "અય રસૂલો ! પાકીઝા ચીજોમાંથી ખાવ અને સારા અમલ કરો." *(સૂ. મુઅમિનૂન, આ. : ૫૧)* અને બીજી આયતમાં ફર્માવ્યું : **يَاأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَارَزَقْنٰكُمْ** "અય મો'મિનો ! અમારી આપેલી રોજીમાંથી પાકીઝા ચીજો ખાવ." *(સૂ. બકરહ, આ. : ૧૭૨)*

પછી આપે એવા માણસનો ઉલ્લેખ કર્યો જે લાંબી સફર પછી વિખરાયેલ વાળો અને ધૂળમાં રગદોરાયેલ ચેહરાની સાથે આવે છે, અને આસમાનની તરફ હાથ ઉઠાવીને, અય અલ્લાહ ! અય

અલ્લાહ ! કહે છે, જ્યારે કે એનું ખાવું, પીવું, પહેરવેશ અને ખોરાક બધું હરામ હોય છે. આ હાલતમાં એની દુઆ રબ્બે જલીલ કેવી રીતે કબૂલ ફર્માવશે ?! *(તિર્મિઝી, ૨/૨૨૮, મિશ્કાતુલ મસાબીહ, ૧/૨૪૧, દારમી, ૨/૨૩૯, તફસીરે ઈબ્ને કષીર, ૩/૨૭૩)*

## ★ વર્તમાન સમયમાં લોકોની બેપરવાહીની હાલતની ઝલક ! ★

આજકાલ સૌથી વિશેષ હરામ કોઈ ચીજ ખાવામાં આવતી હોય તો તે "ગોશ્ત" છે. આજે શહેરની સડકો પર સાંજના સમયે તમે નીકળ્યા હોઉ તો ચિકનની વિવિધ આઈટમોના ચટાકા કરવા નીકળી પડેલા લોકોની ઠેરે ઠેર રેસ્ટોરેન્ટો પર તથા રેસ્ટોરેન્ટના બહાર ચોગાનોમાં ભીડ જોવા મળશે. અને જેમ જેમ અંધારું છવાતુ જશે તેમ તેમ અડધી રાત સુધી લોકો ચિકનની વિવિધ ચટાકેદાર ને મસાલેદાર વાનગીઓ આરોગવામાં વ્યસ્ત જોવા મળશે. એમના સમક્ષ આવતી મટનની આ આઈટમો હલાલ છે કે હરામ ? હલાલ છે કે મુરદાર ? તેની કોઈને પણ પરવા નથી હોતી ! (ઈલ્લા માશાઅલ્લાહ !) સામાન્ય લોકો તો ઠીક પણ એક હાફિઝ સાહબે એરપોર્ટ પર પોતાના પુત્રને ચિકનની આઈટમ અપાવી તો એક સાથીએ કહ્યું કે અહીં ક્યાંથી હલાલ મટન હોય ! તો હાફિઝ સાહબ બોલ્યા કે "ચાલે હવે !" અને મારો જ અનુભવ કે એક મોલ્વી સાહબ "મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ !" ના ખૂબ નારા જલસાઓમાં લગાડે, પણ મારી મુલાકાત થઈ તો એક દેવબંદીની લારી પરથી ખીમાવાળા સમોસા લઈ મને તોહફામાં આપવા લાગ્યા ! મેં તેમને એ વાત જણાવી તો અજાણ હોવાનું નાટક કરવા લાગ્યા અને છતાં પોતાના માટે તો લઈ જ ગયા !

આજે લોકો કોઈ મહેમાની કે શાદી પ્રસંગની ગમે તે પાર્ટી રાખે છે તો હાઈ ફાઈ હોટલમાં જમાડે છે ! ત્યાં મટન ક્યાંથી આવ્યું, કોણે ઝબહ કર્યું, કોણ લાવ્યું કોઈ જ પરવા નહીં ! પીરસનારા વેઈટરો ગૈર મુસ્લિમ હોય, છતાં ખુશીના પ્રસંગે આવું હરામ મુરદાર ખાણુ લોકોને ખવડાવે છે ! અને એને પોતાના માટે ગર્વની વાત સમજે છે ! **મટન સિવાયનું ભોજન મચ્છી કે વેજીટેબલ ખવડાવે તો વાંધો નહીં**, પણ અહીં તો તંદૂરી, ચિકન ચિલ્લી તથા બિર્યાનીની જ ઉજાણીઓ થતી જોવા મળે છે !

## ★ માંસ-મટન હલાલ રહેવા માટેનો શરીઅતનો હુકમ શું છે ?! ★

જાનવર નાનુ કે મોટુ હોય કે મરઘી હોય પણ તેને ઝબહ કરનાર સુન્ની મુસલમાન "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહીને તે જાનવરની કમસે કમ ત્રણ રગો કપાય એ રીતે ઝબહ કરે.

**"વળી જાનવર ભલે શરઈ તરીક઼ા પ્રમાણે સુન્ની મુસ્લિમે ઝબહ કરેલ હોય પણ તેમ છતાં તેના હલાલ રહેવા માટે જરૂરી છે કે ઝબહ થવાના સમયથી ખરીદવાના (પીરસવાના) સમય સુધી તે સતત મુસલમાનની નજરો સમક્ષ રહે. થોડીવાર માટે પણ તેની નજરોથી ઓજલ ન થાય, નહીં તો 'હરામ' થઈ જશે."** *(મશીની ઝબીહા, અઝ : મુફતી નિઝામુદ્દીન રઝવી-મુબારકપુર)*

સુન્ની મુસલમાન જ ઝબહ કરે, કટીંગ કરે, રાંધે અને પીરસે તો વાંધો નથી. પણ જો બદ અક઼ીદા વહાબી, દેવબંદી, શીઆ વગેરે અથવા અન્ય ગૈર મુસ્લિમની જો એમાં દખલ હોય, ભલે સુન્ની

મુસ્લિમે જ ઝબહ કર્યું હોય તો પણ ઉપર મુજબ શરત હશે તો હલાલ રહેશે, નહીં તો હરામ તથા મુરદાર થઈ જશે.

આજકાલ તો મોટાભાગે આવા રેસ્ટોરન્ટોમાં પકવનારા પણ ગૈર ક઼ૌમના હોય છે અને વેઈટરો પણ ગૈર ક઼ૌમના હોય છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) ચાહે તે કહેવાતા સુન્નીની જ રેસ્ટોરન્ટ કેમ ન હોય ?! તો પછી અન્યના રેસ્ટોરન્ટોની વાત જ શું કરવી ?!

**★ હજમાં ઘણા હાજીઓને પણ કયો ગોશ્ત ખવડાવવામાં આવે છે ?! ★**

સઊદી અરબમાં દેશ વિદેશ ફ્રાંસ, બ્રાઝિલ તથા અન્ય દેશોએથી મટન "મશીન વડે ઝબહ" કરેલ જાનવરોનું વિમાન માર્ગે સપ્લાય થતુ હોય છે. તો "મશીની ઝબીહા" વિશે મસ્અલો જાણી લો :

**"મશીન થકી જે જાનવરો ઝબહ થાય છે તે ચારેવ મઝહબો (હનફી, શાફઈ, માલિકી, હંબલી)માં "હરામ" છે. તેનો હુકમ શરીઅતની રૂએ તે જ છે જે મુરદારનો છે.** કેમ કે જાનવરને ઝબહ થવા માટે સર્વ સંમતિથી એ શરત છે કે ઝબહ કરનાર સાહિબે અક઼્લ (અક્કલવાળો) તથા સમજબુઝવાળો હોય, તેમજ મુસ્લિમ અથવા કિતાબી હોય, જ્યારે કે મશીની ઝબહ વ્યવસ્થામાં ઝબહ કરનાર કોઈ અક્કલ કે સમજબુઝવાળો મુસ્લિમ કે કિતાબી નથી હોતો, બલ્કે કેવળ "વીજળી" હોય છે, જે યક઼ીનન ! આ તમામ ગુણોથી ખાલી છે. માણસ તો કેવળ બટન દબાવી વીજળી કનેક્ટ જ કરે છે. ......." *(મશીની ઝબીહા)*

તેમજ એમાં જ છે કે : "જે ગોશ્ત એક દેશથી બીજા દેશમાં પ્લેન મારફતે સપ્લાય થાય છે એનો હુકમ પણ એ જ છે કે **થોડીવાર માટે પણ મુસલમાનની નિગાહથી ઓઝલ થયો તો હરામ છે.** એટલા માટે હાજીઓએ પેકેટોના ગોશ્તથી ખૂબ જ સાવધાની તથા સાવચેતી રાખવી જોઈએ કે તે ગોશ્ત **મશીની ઝબહનો** હોય છે જે ચારેવ મઝહબોમાં **હરામ** છે, વળી તે એક દેશથી બીજા દેશ (વિમાનોમાં) સપ્લાય થઈને આવે છે જેમાં સામાન્યતઃ ઈસ્લામી શરતોનો લેહાઝ નથી કરવામાં આવતો." *(મશીની ઝબીહા)*

**★ હે હાજી નમાઝી ભાઈઓ ! તમારી ઈબાદતોને બચાવો ! ★**

આજે લાખો રૂપિયા ખર્ચીને જે લોકો હજમાં જાય છે અને સફરમાં અનેક તકલીફો વેઠીને હજનો ફરીઝો અંજામ આપ્યાનો સંતોષ મેળવે છે, તેઓ તેમજ જેઓ રાત દિવસ પંજગાના નમાઝો પઢતા રહે છે, વિર્દો વઝાઈફ તથા તિલાવતો તસ્બીહમાં વ્યસ્ત રહી રબની ઈબાદત કર્યાની તસલ્લી દિલથી પામે છે, તેઓ વિચારી લે કે ખુદા ન ખ્વાસ્તા ઉપર દર્શાવ્યું તેમ જો તેમનું ખાણુ હરામ કે મુરદાર હશે તો અને હરામ લુકમા ખાશે તો તેમની સર્વ તકલીફો એળે જશે અને કોઈ ઈબાદત કે કોઈ દુઆ પણ ક઼બૂલ થશે નહીં. જેમ કે હદીષે પાકમાં છે જે ઉપર દર્શાવ્યું છે.

**હુઝૂર ﷺથી એ ચીજોના બારામાં પૂછવામાં આવ્યું જેના કારણે વધારે પડતા લોકો જહન્નમમાં જશે. આપે ફર્માવ્યું, મોઢુ અને શર્મગાહ !** અને એ ચીજોના વિશે સવાલ કરવામાં જેના કારણે વધારે પડતા લોકો જન્નતમાં જશે. આપે ફર્માવ્યું, ખુદાનો ખૌફ અને સદવર્તન. *(સુનને તિર્મિઝી, ૨/૨૧, મુકાશફતુલ કુલૂબ)*

આ પરથી સમજી શકાય છે કે હરામ હલાલની પરવા કર્યા વિના મોઢામાં જે આવે તે નાખતા રહેવાથી તેમજ મોઢેથી ગમે તેવી વાણી બોલતા રહેવાથી પરિણામ રૂપે જહન્નમમાં જવાનો વારો આવે છે. તેમજ શર્મગાહ હરામકારીમાં સપડાવાથી પણ માનવી જહન્નમનો હક્કદાર ઠરે છે. તો આ બાબતોને ગંભીરતાથી લેવી જોઈએ અને હરામખોરી, મુરદારખોરી તથા વિવિધ ક્ષણિક લિજ્જતોથી બચીને જહન્નમથી પોતાની જાતને બચાવવી જોઈએ. ગમે ત્યાં મટનની ચટાકેદાર વાનગીઓ ખાવી ન જોઈએ.

## ★ બકરા ઈદ પ્રસંગે પણ આટલુ ધ્યાન રાખશો ! ★

આજકાલ લોકોમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની શરમ તથા ખૌફ કરતાં દુનિયાવાળાઓની શરમ વધુ જોવા મળે છે. જેથી કેટલાક લોકો શરમ તથા સંબંધમાં દેવબંદી વહાબી મોલ્વી કે તેવા કસાઈ પાસે પોતાનું જાનવર ઝબહ કરાવે છે. તો એવા લોકો યાદ રાખે કે તેમની કુર્બાની તો થશે જ નહીં, પણ તે મટન પણ મુરદાર થશે અને એને ખાવું હરામ થશે. તેમજ કેટલાક લોકો દેવબંદીઓ વહાબીઓ સાથે મીઠા કૂણા સંબંધો રાખતા હોવાથી તે દેવબંદીઓ તેમને ત્યાં પોતાના જાનવરનું મટન ઈદના મોક઼ા પર તોહફામાં મોકલે છે તો તેને લગભગ લોકો સ્વીકારી લે છે અને અન્ય મટનમાં ભેગુ કરી દે છે. તો સારા હલાલ મટનમાં એમનુ હરામ મુરદાર મટન મળી જતાં સર્વ મટન હરામ થઈ જશે. જેણે એને ખાધુ તેણે મુરદાર તથા સુવ્વર ખાધા સમાન છે ! જેથી બકરા ઈદના પ્રસંગે આ બાબતે ખાસ તકેદારી રાખવી જોઈએ.

કુર્આન તથા હદીષની રૂએ અહલે સુન્નતના ઉલમા થકી સ્પષ્ટ ફતવાઓ આ સંબંધે આપવામાં આવે છે, બયાનોમાં પણ ઉલમા આ બાબતે ખુલાસાથી સમજાવે છે છતાં ઘણા લોકો હજીય બેપરવાહીથી વર્તે છે, તેઓ શું અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના હરામ કરેલાને હરામ માનવા તૈયાર નથી ? તો પછી ઈમાન કઈ ચીજને એઓ માની બેઠા છે ?! (અલ્લાહની પનાહ !)

## ★ હલાલ ખાણાની ફઝીલત અને હરામની નહૂસત ★

હઝરત અબૂ ઐયૂબ رَضِیَ اللہُ عَنْہُથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જે શખ્સ ચાલીસ દિવસ સુધી હલાલ ખાણુ ખાય તેના દિલને અલ્લાહ તઆલા મુનવ્વર (નૂરાની) કરી આપે છે, અને તેના દિલથી ઝબાન પર હિકમતનાં ઝરણાં વહેવા માંડે છે. *(રૂહુલ બયાન બહવાલા અબૂ નુઐમ, બરકાતે શરીઅત)* બીજી હદીષમાં છે : હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رَضِیَ اللہُ عَنْہُએ એકવાર રહમતે આલમ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ અલ્લાહ તઆલાથી મારા માટે દુઆ ફર્માવી દો કે મને મુસ્તજાબુદ્ દઅ્વાત (જેની દુઆ ક઼બૂલ થાય) બનાવી દે. તો આપ ﷺએ ફર્માવ્યું, "ખાણાને પાક કરી લો (એટલે હલાલ ખાવ) તો તમે મુસ્તજાબુદ્ દઅ્વાત બની જશો. *(અત્તરગીબ, બરકાતે શરીઅત)*

આમાં હલાલ કમાણી કરીને હોય કે હરામથી બચીને હલાલ લુકમો ખાવાનો હોય, પણ આ હલાલના ફાયદા છે. અને હરામ ખાવાના ભયાનક નુકસાનો આગલા લખાણમાં પણ આપ વાંચી ચૂક્યા કે, **"જેણે કોઈએ હરામનો એક લુકમો ખાધો, ચાલીસ દિવસો સુધી એની કોઈ**

**નમાઝ ક઼બૂલ થતી નથી.** બીજી હદીષમાં છે કે, "જે ગોશ્ત હરામ ખોરાકથી બનશે જહન્નમ એની અધિક હક્ક઼દાર છે." એટલે કે **તે શરીરને જહન્નમમાં સળગાવવામાં આવશે.**

હઝરત વહબ બિન મુનબ્બહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત મૂસા علیہ السلام એ એક શખ્સને ખૂબ જ રૂદન કાકલૂદી સાથે દુઆ માગતાં જોયો અને બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી, હે મઅબૂદ ! તું આ બંદાની દુઆ ક઼બૂલ નથી કરતો ?! તો મૂસા علیہ السلام ની તરફ વહી આવી કે, હે મૂસા ! જો એ શખ્સ એટલો રડે કે પોતાની જાતને ફના કરી દે, અને હાથ એટલો ઉઠાવે કે આસ્માન સુધી પહોંચી જાય ! તો પણ **હું એની દુઆ ક઼બૂલ કરીશ નહીં ! કેમ કે એના પેટમાં હરામ છે !** એની પીઠ પર હરામ છે અને એના ઘરમાં હરામ છે.

## ★ બંને જહાનની તબાહીથી બચવું હોય તો દરેક હરામને ત્યજો ! ★

સારાંશ કે જો આપણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ગઝબથી બચવું હોય તો હરામ કમાઈથી પણ અને હરામ મુરદાર ખાવાથી હોય કે મેકડોનાલ્ડ વગેરે રેસ્ટોરન્ટોના બર્ગર કે પિઝઝા વગેરે હોય, સૌ હરામ બલ્કે સુવ્વરના અંશોવાળા ખોરાકો હોય છે, એનાથી પણ બચવું જોઈએ. આજે જગતભરમાં રોજ લાખો મરઘીઓ તથા જાનવરો ખટાખટ કપાય છે અને હરામ હલાલની તમીઝ કર્યા વિના લોકો ખાતા રહે છે, **તો પછી આપણા પર આફતો અને મુસીબતો ન આવે તો શું આવશે ?!** અને આપણે જોઈ રહ્યા જ છીએ જગતભરમાં મુસલમાનને કીડા મકોડા જેમ મારવામાં આવી રહ્યા છે, બેઈજ્જત કરવામાં આવી રહ્યા છે. હજારો દુઆઓ થાય છે પણ દુઆઓ ક઼બૂલ થતી નથી જોવા મળતી ! તો એનો સબબ એ નથી જણાતો કે હરામકારી અને હરામ ખાણી પીણીની આપણે સર્વ હદો પાર કરી દીધી છે ! રબ્બે કરીમ મુસલમાનોને નેક હિદાયત આપે અને તેના હરામ કરેલાથી સૌને બચાવે અને હલાલ અપનાવવાની તૌફીક઼ આપે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. ❑ ❑ ❑

પેજ નં. ૪૩ નું ચાલુ..

લોગોંકી જો રકમ ઉસને લે લી હે, ગસબ કરકે, લૂટ કરકે, નાજાઈઝ તરીકે પર ઉસ રકમકો ઉન લોગોં તક વાપસ પહુંચાએ.

### ★ ઝમીનકા હર ઝર્રા "લબ્બૈક" કહતા હૈ ! ★

ઔર જિસકે પાસ હલાલ, તૈયબ ઔર પાકીઝા કિ઼સ્મકી નેઅમતેં હે ઉસ પર શરીઅતકા હુકમ હે કે ઐસા શખ્સ સફરે હજ પર જાએ. ઐસા બંદા અપને ઘરસે જબ નિકલતા હે ઔર વો જબ એહરામ બાંધતા હે કે ઉસ્કી દાઈ જાનિબ જહાં તક ઝમીન હે ઔર ઉસ્કી બાઈ જાનિબ જહાં તક ઝમીન હે, ઈધર ઉસકી ઝબાનસે લબ્બૈક નિકલતા હે ઉસકે સાથ સાથ આખરી કિનારે તક, દાએં બાએં દોનોં તરફ હર દરખ્ત ભી લબ્બૈક કહતા હે, ઝમીનકા હર ઝર્રા ભી લબ્બૈક કહતા હે, ઉસકે સાથ લબ્બૈકમેં શરીક હો જાતે હૈં. તો યહ હજકી ફઝીલતેં હે. હમેં ચાહિયે કે ઈસ્તિતાઅત હો તો જલ્દ હજ કર લેના ચાહિયે. ઔર મુફલિસી યા તંગદસ્તી કા ખદશા હે તો યહ શૈતાની વસવસા હે ઉસે દૂર કર લેના ચાહિયે ક્યૂં કે અલ્લાહ કે રસૂલ ﷺ ને ફર્માયા કે અલ્લાહકા વાદા હે કે વો હજ્જ કરને વાલોં કો ગની કર દેતા હે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હમ સબકો હજ્જ કી તૌફીક઼ અતા ફર્માએ. ❑ ❑ ❑

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને
એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِؕ حَقًّا
عَلَى الْمُتَّقِيْنَ ﴿٢٤١﴾ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ
لَعَلَّكُمْ تَعْقِلُوْنَ ﴿٢٤٢﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ خَرَجُوْا
مِنْ دِيَارِهِمْ وَهُمْ اُلُوْفٌ حَذَرَ الْمَوْتِ۪
فَقَالَ لَهُمُ اللّٰهُ مُوْتُوْا۟ ثُمَّ اَحْيَاهُمْؕ اِنَّ اللّٰهَ
لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ
لَا يَشْكُرُوْنَ ﴿٢٤٣﴾ وَقَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَاعْلَمُوْٓا
اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٢٤٤﴾ مَنْ ذَا الَّذِيْ يُقْرِضُ اللّٰهَ
قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ لَهٗٓ اَضْعَافًا كَثِيْرَةًؕ
وَاللّٰهُ يَقْبِضُ وَيَبْصُۜطُ۪ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٤٥﴾
اَلَمْ تَرَ اِلَى الْمَلَاِ مِنْۢ بَنِيْٓ اِسْرَآءِيْلَ مِنْۢ بَعْدِ
مُوْسٰىۘ اِذْ قَالُوْا لِنَبِيٍّ لَّهُمُ ابْعَثْ لَنَا مَلِكًا نُّقَاتِلْ
فِيْ سَبِيْلِ اللّٰهِؕ قَالَ هَلْ عَسَيْتُمْ اِنْ كُتِبَ
عَلَيْكُمُ الْقِتَالُ اَلَّا تُقَاتِلُوْاؕ قَالُوْا وَمَا لَنَآ اَلَّا
نُقَاتِلَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَدْ اُخْرِجْنَا مِنْ دِيَارِنَا
وَاَبْنَآئِنَاؕ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ تَوَلَّوْا
اِلَّا قَلِيْلًا مِّنْهُمْؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٢٤٦﴾

## સૂરએ બક઼રહની તફસીર

તલાકવાળીઓ માટે પણ યોગ્ય રીતે ભરણપોષણ છે આ વાજિબ છે પરહેઝગારો પર (૨૪૧) અલ્લાહ આમ જ બયાન કરે છે તમારા માટે પોતાની આયતો કે ક્યાંક તમને સમજ પડે (૨૪૨) અય મહેબૂબ ! શું તમે ન જોયા હતા તેઓને જે પોતાના ઘરોમાંથી નીકળ્યા અને તે હજારો (ની સંખ્યામાં) હતા મોતની બીકે, તો અલ્લાહે તેઓને ફર્માવ્યું, મરી જાવ, પછી તેઓને જીવંત ફર્માવ્યા. બેશક ! અલ્લાહ લોકો પર ફઝલ કરનાર છે. પણ વધારે લોકો ઉપકાર ન માનનાર છે.[૨૩૭] (૨૪૩) અને લડો અલ્લાહના માર્ગમાં[૨૩૮] જાણી લો કે અલ્લાહ સાંભળે જાણે છે. (૨૪૪) છે કોઈ અલ્લાહને કર્ઝે હસના (સારૂ કરજ) આપે[૨૩૯] તો અલ્લાહ તેને માટે અનેક ગણુ વધારી આપે. અને અલ્લાહ (રોજીમાં) તંગી અને છૂટ કરે છે[૨૪૦] (૨૪૫) હે મહબૂબ ! શું તમે બની ઈસ્રાઈલના એક જુથને ન જોયું ? જે મૂસા પછી થયું[૨૪૧] જ્યારે (તેઓએ) પોતાના એક પયગમ્બરને કહ્યું, અમારા માટે એક બાદશાહ ઉભો કરો કે (જેની સરદારી હેઠળ) અમો ખુદાના માર્ગમાં લડીએ, નબીએ ફર્માવ્યું શું તમારો અંદાજો એવો છે કે તમારા પર જિહાદ ફર્ઝ કરવામાં આવે તો પછી ન કરો, બોલ્યા, અમને શું થયું કે અમે અલ્લાહના માર્ગમાં ન લડીએ જ્યારે કે અમે પોતાના વતન અને ઔલાદમાંથી કાઢી મૂકાયા છીએ[૨૪૨] તો જ્યારે તેઓ પર

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ إِنَّ اللّٰهَ قَدْ بَعَثَ لَكُمْ طَالُوتَ
مَلِكًا ۚ قَالُوٓا أَنّٰى يَكُونُ لَهُ الْمُلْكُ عَلَيْنَا وَنَحْنُ
أَحَقُّ بِالْمُلْكِ مِنْهُ وَلَمْ يُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ۚ
قَالَ إِنَّ اللّٰهَ اصْطَفٰىهُ عَلَيْكُمْ وَزَادَهُ بَسْطَةً
فِي الْعِلْمِ وَالْجِسْمِ ۖ وَاللّٰهُ يُؤْتِي مُلْكَهُ مَنْ
يَّشَآءُ ۚ وَاللّٰهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٢٤٧﴾

*જિહાદ ફર્ઝ કરવામાં આવ્યું ત્યારે તેઓમાંથી થોડા (લોકો) સિવાય (બીજા બધા) મોઢું ફેરવી ગયા[૨૪૩] અને અલ્લાહ જાલિમોને સારી રીતે જાણે છે (૨૪૬) અને તેઓને એમના નબીએ ફર્માવ્યું, નિશંક ! અલ્લાહે તાલૂતને તમારો બાદશાહ બનાવીને મોકલ્યો છે[૨૪૪] બોલ્યા, તેને અમારા પર બાદશાહી (કરવાનું) કેવી રીતે (શક્ય) થઈ શકે.[૨૪૫] અને અમે રાજ્યના એનાથી વધારે હકદાર છીએ અને એને તો માલ (દોલત)માં પણ છૂટછાટ આપવામાં આવી[૨૪૬] (નબીએ) ફર્માવ્યું, તેને અલ્લાહે તમારા પર (બાદશાહી કરવા) ચૂંટી લીધો[૨૪૭] અને તેને જ્ઞાન અને શરીરમાં છૂટ છાટ વધારે આપી (છે)[૨૪૮] અને અલ્લાહ પોતાનું રાજ્ય જેને ઈચ્છે તેને આપે[૨૪૯] અને અલ્લાહ છૂટછાટ (આપવા) વાળો અને ઈલ્મવાળો છે.[૨૫૦] (૨૪૭)*

**સમજૂતી :** **૨૩૭.** બની ઈસરાઈલના અમુક લોકો હતા જેમની વસ્તીમાં પ્લેગ ફેલાયો. તેઓ મોતની બ્હીકે પોતાના વસવાટો છોડીને નાસ્યા અને જંગલમાં જઈને રહ્યા. અલ્લાહના હુકમથી બધા ત્યાં જ મરી ગયા. અમુક મુદ્દત પછી હઝરત હિઝકીલ અલૈહિસ્સલામની દુઆથી તેઓને અલ્લાહ તઆલાએ પુનર્જીવિત કર્યા અને ત્યારે બાદ તેઓ ઘણી લાંબી મુદ્દત સુધી સુધી જીવતા રહ્યા. આ બનાવથી જાણવા મળે છે કે મનુષ્ય મોતના ડરથી નાસી જઈને પોતાના પ્રાણ બચાવી શકતો નથી, માટે નાસવું નિરર્થક છે, જે મોત ભાગ્યમાં લખાઈ ચૂક્યું છે તે આવવાનું જ છે. બન્દાએ અલ્લાહની મરજીમાં રાજી રહેવું જોઈએ. મુજાહિદોએ પણ વિચારવું જોઈએ કે જિહાદ (ધર્મ યુદ્ધ)માં ભાગ ન લેવાથી મોત ટળી જવાનું નથી, માટે હૃદય કઠણ કરવું જોઈએ.

**૨૩૮.** અને મૃત્યુથી ન ભાગો જેમ કે બની ઈસ્રાઈલ ભાગ્યા હતા. કારણ કે મૃત્યુથી ભાગવું કામ લાગતું નથી.

**૨૩૯.** અર્થાત અલ્લાહના માર્ગે નિખાલસતાથી ખર્ચ કરે. અલ્લાહના માર્ગે ખર્ચ કરવાને કર્ઝ તરીકે ઓળખાવ્યું છે. એ તેની મહાન કૃપા છે. બન્દો તેનો સર્જેલો અને બન્દાનું ધન તેનું આપેલું છે, ખરો માલિક તે જ છે. જ્યારે બન્દો તો નામ માત્રનો અધિકાર ધરાવે છે. છતાં કર્ઝના નામે ઓળખાવવામાં દિલમાં એ વાત ઠસાવવાનો હેતુ છે કે જે રીતે કર્ઝ આપનાર નચિંત હોય છે કે તેની દોલત મારી ગઈ નથી, તે એને પરત લેવાનો હકદાર છે. એવી જ રીતે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરનારે નચિંત રહેવું જોઈએ કે આ ખર્ચવાનો બદલો નિશંક ! પામશે અને ઘણો વધારે પામશે.

**૨૪૦.** જેના માટે ઈચ્છે તેના માટે રોજી તંગ કરે અને જેના માટે ઈચ્છે તેના માટે છૂટી કરે, તંગી અને છૂટ તેના કબ્જામાં છે. અને તે પોતાના માર્ગમાં ખર્ચ કરનારને રોજીમાં છૂટ આપવાનું વચન આપે છે.

**૨૪૧.** હઝરત મૂસા عليه السلام પછી જ્યારે બની ઈસ્રાઈલની પરિસ્થિતિ વિપરીત બની ગઈ અને તેઓએ અલ્લાહના વાયદાને ભૂલાવી દીધો, મૂર્તિ પૂજામાં ફસાયા, હુકમોનું ઉલ્લંઘન કર્યું અને કુકર્મો એના શિખરે પહોંચ્યાં ત્યારે જાલૂતની કોમે તેઓ પર પકડ જમાવી. જેને અમાલીકા પણ કહેવામાં આવે છે, જાલૂત અમાલિક બિન આદના વંશમાંથી એક ઘણો જાલિમ બાદશાહ હતો, એની કોમના લોકો ઈજીપ્ત અને પેલેસ્ટાઈનની વચમાં

રોમન સમુદ્ર કાંઠે રહેતા હતા, તેઓએ બની ઈસ્રાઈલના શહેરો છીનવી લીધાં, માણસોને પકડી લીધા અને જાત જાતના દુઃખ આપ્યાં, તે સમયે બની ઈસ્રાઈલમાં કોઈ નબી હતા નહીં. નુબુવ્વતના કૂળમાં ફક્ત એક બાઈ બાકી રહ્યાં હતાં જે સગર્ભા હતાં. તેણીને એક દિકરાનો જન્મ થયો. જેનું નામ ઈસ્માઈલ પાડયું, જ્યારે તેઓ મોટા થયા ત્યારે તેઓને તવરાતનું જ્ઞાન પ્રાપ્ત કરવા બયતુલ મુકદ્દસમાં એક વૃદ્ધ ધર્મગુરૂને સોંપવામાં આવ્યા. તે વૃદ્ધ ધર્મગુરૂ તેઓને ખૂબ પ્રેમ કરતા અને પોતાનો પુત્ર કહી બોલાવતા હતા. જ્યારે આપ ઉમર લાયક થયા ત્યારે એક રાત્રે આપ પેલા ધર્મગુરૂની નજીકમાં આરામ લઈ રહ્યા હતા ત્યારે હઝરત જિબ્રઈલ عليه السلام એ એમના ધર્મગુરૂના અવાજમાં જ કહ્યું, "યા ઈસ્માઈલ !" આપે ઉસ્તાદને જઈને પૂછયું કે "તમે મને બોલાવ્યો ?" ઉસ્તાદને એવા વિચારે કે ના કહીશ તો બી જશે એવું કહ્યું કે "બેટા તમે સૂઈ જાવ." ફરીવાર હઝરત જિબ્રઈલે એ મુજબ જ બૂમ પાડી, આપ ફરી પાછા ધર્મગુરૂ પાસે ગયા, તેઓએ કહ્યું કે "અય પુત્ર ! હવે જો હું તને બોલાવું તો જવાબ ન આપીશ." ત્રીજીવાર હઝરત જિબ્રઈલ عليه السلام પ્રગટ થયા અને ખુશખબરી આપી કે "અલ્લાહ તઆલાએ તમને નબુવ્વતની પદવી આપી છે, તમે પોતાની કોમ પાસે જઈને અલ્લાહના આદેશો પહોંચાડો." જ્યારે આપ પોતાની કોમ પાસે આવ્યા ત્યારે, તેઓએ આપને જૂઠા કહ્યા અને કહ્યું કે "તમે આટલા વહેલા નબી બની ગયા ? ભલે ! જો તમે નબી હોય તો અમારા માટે એક બાદશાહ ઉભો કરો." *(ખાઝિન, વિ.)*

**૨૪૨.** કે જાલૂતની કોમે અમારી કોમના લોકોને પોતાના વતનમાંથી કાઢી મૂક્યા અને એમની ઔલાદને કત્લ કરી નાશ કર્યો. રાજવંશના ૪૪૦ રાજકુમારોને કેદ પકડયા. જ્યારે પરિસ્થિતિ આટલી હદે પહોંચી ગઈ છે તો પછી અમને જિહાદ કરવાથી કઈ વસ્તુ રોકી શકે છે. ત્યારે નબીની દુઆથી અલ્લાહે તેઓની માગણી સ્વીકારી, અને તેમના માટે એક બાદશાહ નક્કી કર્યો અને તેમના માથે જિહાદ ફર્ઝ કર્યું. *(ખાઝિન)*

**૨૪૩.** જે લોકોએ જિહાદના હુકમને માન આપ્યું તેમની સંખ્યા બદ્રના જિહાદ સમયે મુસલમાનોની સંખ્યા જેટલી એટલે કે ૩૧૩ માણસોની હતી.

**૨૪૪.** તાલૂત બનયામીન બિન હઝરત યાકૂબ عليه السلام ના વંશમાં છે. આપનું નામ એમના શરીરની લંબાઈ પરથી તાલૂત પડયું. હઝરત ઈસ્માઈલ عليه السلام ને અલ્લાહ તઆલા તરફથી એક અસો (લાકડી) મળ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે જે માણસ તમારી કોમનો બાદશાહ બનશે તેનું કદ આ અસા જેટલું હશે. આપે તે અસાથી તાલૂતની ઊંચાઈ માપીને કહ્યું કે હું અલ્લાહ પાકના હુકમથી તમને બની ઈસ્રાઈલના બાદશાહ તરીકે નિયુક્ત કરૂં છું અને બની ઈસ્રાઈલને જણાવ્યું કે અલ્લાહ પાકે તાલૂતને તમારો બાદશાહ બનાવી મોકલ્યો છે. *(ખાઝિન, જુમલ)*

**૨૪૫.** બની ઈસ્રાઈલના સરદારોએ પોતાના નબી શમૂવીલ عليه السلام ને કહ્યું કે, બની ઈસ્માઈલની પ્રણાલી મુજબ નુબુવ્વત તો લાવી બિન યાકૂબ عليه السلام ના વંશમાં ચાલી આવે છે અને બાદશાહી યહૂદા બિન યાકૂબ عليه السلام ની ઔલાદમાં અને તાલૂત તો આ બન્ને કુળોમાંથી એક સાથે પણ સંબંધિત નથી તો પછી એ બાદશાહ કેવી રીતે બની શકે છે.

**૨૪૬.** તેઓ નિર્ધન માણસ છે જ્યારે બાદશાહ માટે તો માલદાર હોવું જરૂરી છે.

**૨૪૭.** એટલે કે રાજપાટ કંઈ વારસો નથી કે અમુક કુટુંબમાં જ હોય, એ તો ફક્ત અલ્લાહની કૃપા માત્રથી છે. આમાં "શીઆ" લોકોને પણ રદીઓ છે જેઓનું માનવું છે કે ઈમામત વારસાગત છે.

**૨૪૮.** અર્થાત વંશ અને દોલત પર બાદશાહીનો દારોમદાર નથી. ઈલ્મ અને તાકાત રાજપાટ માટે ખૂબ મદદગાર નિવડે છે અને તે સમયે તાલૂત તમામ બની ઈસ્રાઈલમાં બધાં કરતાં વધારે ઈલ્મવાળા અને સશક્ત તેમજ મજબૂત બાંધાના હતા.

**૨૪૯.** એમાં વારસાની કંઈ દખલગીરી નથી.

**૨૫૦.** જેને ઈચ્છે તેને માલદાર કરી દે અને માલ દોલતમાં છૂટછાટ આપે. ત્યાર બાદ બની ઈસરાઈલે હઝરત ઈસ્માઈલને કહ્યું કે કે જો એમને અલ્લાહે બાદશાહી આપી હોય તો એની નિશાની શું છે ? *(ખાઝિન, મદારિક)*

**તયમ્મુમ વિશે વર્ણન**[1] ***(પ્રથમ વિભાગ)*** *: હઝરત હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે આપ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અમને અન્ય લોકો પર ત્રણ ચીજો વડે બુઝુર્ગી આપવામાં આવી[2]. અમારી સફો ફરિશ્તાઓની સફોની જેમ કરવામાં આવી[3]. અમારા માટે સમગ્ર જમીન મસ્જિદ બનાવી દેવામાં આવી[4] અને જ્યારે પાણી ન મળે તો એની માટી પાક કરનારી કરી દેવામાં આવી[5]. (મુસ્લિમ)*

*હઝરત ઈમરાનથી રિવાયત છે ફર્માવે છે કે અમે હુઝૂર ﷺની સાથે સફરમાં હતા. એવામાં આપે લોકોને નમાઝ પઢાવી. જ્યારે નમાઝથી ફારિગ થયા તો એક શખ્સને જોયો જે અલગ હતો. કૌમની સાથે નમાઝ ન પઢી. ફર્માવ્યું, હે ફલાણા ! તને કૌમની સાથે નમાઝ પઢવાથી કોણે રોક્યો ?[6] અર્ઝ કરી, મને જનાબત પહોંચી અને પાણી છે નથી. તો ફર્માવ્યું, તારા માટે માટી છે[7]. એ તારા માટે પૂરતી છે[8]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત અમ્માર رضی اللہ عنہથી ફર્માવે છે કે એક શખ્સ હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہની ખિદમતમાં આવ્યો અને તે બોલ્યો કે હું જુનુબી થઈ જાઉં છું અને પાણી મળતુ નથી[9]. ત્યારે હઝરત અમ્મારે અર્ઝ કરી કે હે અમીરુલ મો'મિનીન ! શું આપને યાદ નથી કે તમે અને હું સફરમાં હતા. આપે તો નમાઝ પઢી અને હું ખૂબ આળોટયો પછી નમાઝ પઢી લીધી[10]. પછી મેં એ હુઝૂર ﷺને જણાવ્યું તો ફર્માવ્યું, તમારા માટે આટલુ પૂરતુ હતું, પછી નબી ﷺએ પોતાના બંનેવ હાથ મુબારક જમીન પર માર્યા અને એમાં ફૂંક મારી[11]. (બુખારી) હતું કે પોતાના હાથોને જમીન પર મારતા પછી ફૂંકી લેતા પછી તેમને પોતાના મોઢા તથા હાથો પર ફેરવી લેતા[12].*

**સમજૂતી :** **૧.** તયમ્મુમ શબ્દકોશમાં ઈરાદા તથા નિશ્ચયને કહે છે. રબ તઆલા ફર્માવે છે : وَلَا تَيَمَّمُوا الْخَبِيثَ مِنْهُ. શરીઅતમાં પાકીની નિય્યતથી જમીન પર બે વાર હાથ મારીને ચહેરા તથા હાથો પર ફેરવવાને ''તયમ્મુમ'' કહે છે. તયમ્મુમ જનાબતથી પણ થાય છે અને બેવુઝૂથી પણ. બંનેવનો તરીકો એક જ છે, કેવળ નિય્યતમાં ફરક છે. તયમ્મુમ ફકત જમીનની જાતિથી થઈ શકે છે. જમીનની જાતિ તે છે જે જમીનથી પેદા થાય અને આગમાં ન પીગળે ન રાખ બને. એના મસાઈલ ફિક્હમાં જુઓ.

**૨.** એટલે કે આ ત્રણ ચીજો તે છે જે મારી ઉમ્મતને મળી, આપણા સિવાય કોઈને એમાંથી એક પણ નથી મળી. યાદ રાખશો કે આ ત્રણ સીમિત કરવા માટે નથી, કેમ કે આ ઉમ્મતની એના સિવાય પણ ઘણી વિશિષ્ટતાઓ છે.

**૩.** એટલે કે નમાઝીઓની સફો જમાઅતમાં અને ગાઝીઓની સફો જેહાદના મેદાનમાં એવી આ'લા તથા અફઝલ છે જેવી કે મુકર્રબ ફરિશ્તાઓની સફો બારગાહે ઈલાહીમાં ઈબાદતના સમયે હોય છે.

**૪.** કે દરેક સ્થળે નમાઝ થઈ શકે છે. પાછલી ઉમ્મતોની નમાઝો કેવળ ગિરજાઓ તથા કલીસાઓમાં જ થઈ શકતી હતી. જમીનમાં પહાડ, દરિયા તથા હવાઈ જહાઝ (વિમાન) વગેરે સૌ સામેલ છે. યાદ રાખશો કે ઉકરડા, કબ્રસ્તાન, બુતખાના, ઝબહ કરવાની જગા વગેરેમાં નમાઝ દુરુસ્ત નથી, પણ એ એક વાંધાના કારણે છે તે વાંધો હટી જાય તો નમાઝ દુરુસ્ત થશે. જેથી આ હદીષ એના વિરુદ્ધ નથી.

**૫.** પાણી ન પામવાથી મુરાદ એના વપરાશ માટે શક્તિમાન ન હોવું છે, ચાહે એ કારણે કે પાણી મૌજૂદ ન હોય, પણ એટલા માટે કે મૌજૂદ તો છે પણ દુશ્મન કે મૂઝીના કારણે ઉપયોગ ન કરી શકે. માટીથી મુરાદ જમીનની જાતિની સર્વ ચીજો છે. રેતી, પથ્થર, ખાણનું નમક, પથરી કોયલા વગેરે સૌ સામેલ છે.

**૬.** એટલે કે તેં જમાઅત સાથે નમાઝ કેમ ન પઢી ? આ નારાજગી સૂચક સવાલ પરથી જાણવા મળ્યું કે જમાઅતની નમાઝથી અલગ બેસી રહેવું બુરુ છે. (શર્ત એ કે ઈમામ સહીહ હોય) એટલા માટે ફ઼કીહો ફ઼ર્માવે છે કે જે જમાઅતથી નમાઝ ન પઢી શકે તો જમાઅતે ઉલા વખતે જમાઅતની નજીક ન બેસે, કે એમાં જમાઅતથી વિમુખતા છે, બલ્કે ત્યાંથી ચાલ્યો જાય.

**૭.** ઈમામ શાફઈ અહીં صَعِيْدનો અર્થ માટી કરે છે, એમની નજીક તયમ્મુમ કેવળ માટીથી થઈ શકે છે. ઈમામે આ'ઝમ તથા ઈમામ માલિક صَعِيْدથી મતલબ પૃથ્વીનું પટ કરે છે. (مَا صَعِدَ عَلَى الْاَرْضِ) એટલા માટે આ બે બુઝુર્ગોને ત્યાં દરેક જમીનની જાતિથી તયમ્મુમ જાઈઝ છે. આ બે બુઝુર્ગોની દલીલ બુખારી શરીફ઼ની હદીષે જાબિર છે કે હુઝૂર ﷺએ ફ઼ર્માવ્યું, وَجُعِلَتْ لِیَ الْاَرْضُ مَسْجِدًا وَّ طَهُوْرًا એમાં દરેક પ્રકારની જમીનને પાક ઠરાવવામાં આવી છે. બુખારી શરીફ઼ની આ હદીષે સઈદ અને પાછલી હદીષ જેમાં "તુર્બત"નું વર્ણન થયું એની તફ઼સીર છે.

**૮.** લગભગ એ સાહબોને તયમ્મુમનો તરીક઼ો આવડતો હતો, પણ એ ખબર ન હતી કે તયમ્મુમ જનાબતથી પણ થઈ જાય છે, એટલા માટે હુઝૂર ﷺએ એમને તરીક઼ો ન બતાવ્યો.

**૯.** તો શું કરું ? આપે જવાબ આપ્યો, નમાઝ ન પઢો જ્યાં સુધી કે પાણી ન મળે. એટલા માટે કે તયમ્મુમ ફક્ત વુઝૂના મોક઼ા પર થઈ શકે છે. *(મિર્ક઼ાત)* અથવા આપ જવાબથી ખામોશ રહ્યા, કેમ કે મસ્અલો માલૂમ ન હતો. *(અશિઅ્તુલ લમ્આત)* યાદ રાખશો કે હઝરત ઈબ્ને મસ્ઊદ જનાબતના તયમ્મુમના સ્વીકારનાર ન હતા. હઝરત ઈબ્ને મસ્ઊદે મસ્અલો માલૂમ થતાં એનાથી રુજૂઅ કરી (માની) લીધું, પરંતુ ઉમર ફ઼ારૂક઼ે ઢીલ કરી.

**૧૦.** એટલે કે સફ઼ર દરમ્યાન હું તથા આપ જુનુબી થઈ ગયા. પાણી હતું નહીં. તયમ્મુમનો મસ્અલો કોઈને માલૂમ ન હતો. આપે તો પાણીની રાહ જોવામાં નમાઝ જ ન પઢી. અને મેં ગુસ્લના તયમ્મુમને ગુસ્લ પર ક઼્યાસ કર્યો અને સર્વ શરીર પર માટી લગાડી. એનાથી જાણવા મળ્યું કે નબવી યુગમાં જરૂરતના સમયે સહાબાએ કિરામ ક઼્યાસ કરતા હતા, તેમજ ક્યારેક ક઼્યાસમાં ગલતી પણ કરી જતા હતા, પણ હુઝૂર ﷺ તેમને ગલતી પર બુરુ ભલુ કહેતા ન હતા બલ્કે ઈસ્લાહ કરી આપતા હતા. કેમ કે ખતાએ ઈજતેહાદી પર પકડ નથી.

**૧૧.** જેથી તયમ્મુમમાં ચહેરા પર માટી ન લાગી જાય. કેમ કે તયમ્મુમનો મક઼સદ પાકી છે, ન કે ચહેરો ખરડીને સાધુ બની જવું ! એટલા માટે ફ઼કીહો ફ઼ર્માવે છે કે ફ઼ેશનના માટે ચહેરા પર પાવડર વગેરે ચોપડવો નાજાઈઝ છે કે એ મુષ્લહ છે, એટલે ચહેરો બગાડવું છે.

**૧૨.** આ જાહેરી અર્થના સબબે ઈમામ અહમદ તથા અવઝાઈ તયમ્મુમમાં એકવાર જ હાથ મારે છે. પરંતુ પહેલાં પણ વર્ણન થઈ ચૂક્યું અને આગળ જતાં પણ આવશે કે હુઝૂર ﷺએ તયમ્મુમમાં બે વાર જમીન પર હાથ મુબારક માર્યા અને એનો હુકમ પણ આપ્યો. બલ્કે અહીં (આળોટવું) મુરાદ નથી બલ્કે (તયમ્મુમ)ના પ્રકારનું વર્ણન છે, એટલે કે જનાબતના તયમ્મુમમાં જમીન પર આળોટવાની જરૂરત નથી, કેવળ માટી પર હાથ મારીને ચહેરા તથા હાથો પર ફ઼ેરવી લેવું પૂરતુ છે, જેથી હદીષોમાં વિરોધાભાસ ન થાય. તેમજ અહીં كَفَّيْنથી મુરાદ હથેળીઓ તથા કાંડા નથી બલ્કે કોણીઓ સુધી પૂરા હાથો છે. જેમ કે અન્ય હદીષોમાં છે. આ હદીષ મુજમલ (ટૂંકમાં) છે અને અન્ય હદીષો એની તફ઼સીલ છે. ક્યારેક "યદ" બોલીને કાંડાં મુરાદ લેવામાં આવે છે, જેમ કે فَاقْطَعُوْا اَيْدِيَهُمَا.

**૧૩.** બની શકે છે કે હુઝૂર ﷺએ અમલ કરીને પણ બતાવ્યું હોય, અને ફ઼ર્માવી પણ આપ્યું હોય. જેથી આ બે રિવાયતોમાં કોઈ વિરોધાભાસ નથી. અમુક રિવાયતોમાં છે કે હઝરત ઉમર ફ઼ારૂક઼ رضی اللہ عنہને એ બનાવ યાદ ન આવ્યો અને હઝરત અમ્માર رضی اللہ عنہને કહ્યું, હે અમ્માર ! ખુદાથી ડરો.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**કાફલેને સૂએ તયબહ કમર આરાઈ કી**
**મુશ્કિલ આસાન ઈલાહી મેરી તન્હાઈ કી**

*(સૂએ તયબહ = મદીનાની તરફ, કમર આઈ = તૈયારી, તન્હાઈ = એકાકીપણુ)*

**અર્થાત :** હે મારા અલ્લાહ ! جل جلالہ કાફલાએ મદીના શરીફ જવાની તૈયારી કરી લીધી છે, મારી મુશ્કેલી પણ આસાન કરી આપ કે ક્યાંક એવું ન બને કે હું એકલો રહી જાઉં અને કાફલો ચાલ્યો જાય.

**લાજ રખ લી તમએ અફ્વ કે સૌદાઈ કી**
**અય મૈં કુર્બાન ! મેરે આકા ! બળી આકાઈ કી**

*(તમએ અફ્વ = માફીની લાલચ, સૌદાઈ = દીવાનો, આકાઈ = પેશવાઈ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! صلی اللہ علیہ وسلم આપના દીવાના (અહમદ રઝા)એ જે આપનાથી માફીની ઉમ્મીદ જોડીને રાખી છે, તો આપનો ખૂબ ખૂબ આભાર કે આપે મારી લાજ રાખી લીધી છે અને મને માફી મળી ગઈ છે. હું આપના પર કુર્બાન થઈ જાઉં ! આપે ખરેખર પેશવા હોવાનો હક્ક અદા કરી આપ્યો છે.

આ'લા હઝરતના કદમોનો બોસો લઈને (આલમે તસવ્વુરમાં) હું કમીનો (મૂળ શરહકર્તા ગુલામ હસન) પણ આપણા આકાની બારગાહમાં અર્ઝ કરું છું કે હે મારા રહમતવાળા આકા ! :–

*લાજ રખના કે મૈં તુમ્હારા હૂં–ગો કમીના હૂં યા રસૂલલ્લાહ !* صلی اللہ علیہ وسلم

આપણે પણ એ અર્ઝ કરીએ છીએ કે :–

*લાજ રખના કે હમ તુમ્હારે હૈં–ગો કમીને હૈં યા રસૂલલ્લાહ !* صلی اللہ علیہ وسلم

**ફર્શ તા અર્શ સબ આઈનાએ ઝમાઈર હાઝિર**
**બસ કસમ ખાઈએ ઉમ્મી તેરી દાનાઈ કી**

*(આઈનાએ ઝમાઈર = દિલોનો આઈનો, ઉમ્મી = જેનો મખ્લૂકમાં કોઈ ઉસ્તાદ ન હોય, દાનાઈ = જાણકારી)*

ફર્શથી લઈને અર્શ (તહતુષ્ષરાથી અર્શે મુઅલ્લા) સુધી દરેક છુપી ચીજ આપની સમક્ષ આઈનાની જેમ હાજર તથા મૌજૂદ છે, હે મારા પ્યારા નબી ! صلی اللہ علیہ وسلم ખરેખર આપની દાનાઈ તથા ઈલ્મ તથા ફરાસત (દ્દષ્ટિ)ની કસમ ખાવી જોઈએ.

*ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા–જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ*

**નિગાહે નબુવ્વત** : હદીષ શરીફમાં છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે

كان رسول الله ﷺ یری فی ظلماء کمایری فی الضوء "આપ ﷺ અંધારામાં પણ એવી રીતે જોતા હતા જેવી રીતે રોશની તથા અજવાળામાં જોતા." *(ખસાઈસે કુબ્રા, ૧/૬૧)*

આપ ﷺએ ફર્માવ્યું : **فانی اراکم من امامی ومن خلفی** "હું આગળ તથા પાછળથી એક સરખુ જોઉં છું." *(ખસાઈસે કુબ્રા, ૧/૬૧)*

બુખારી શરીફમાં છે : "હું તે જોઉં છું જે તમે નથી જોઈ શકતા અને તે સાંભળું છું જે તમે નથી સાંભળી શકતા. વળી અલ્લાહની કસમ ! તમારા ખુશૂઅ (દિલોની સ્થિતિઓ) તથા રુકૂઅ (નમાઝ દરમ્યાન જાહેરી હરકતો) મારાથી છુપી નથી." (૧/૫૯) કેટલાક સહાબીઓને તેમના ઘરની સ્થિતિ વિના પૂછયે બતાવી દીધી.

જંગે મૌતાનો આંખે દેખ્યો હાલ મસ્જિદે નબવીના મિમ્બર પર ઉભા ઉભા બતાવી આપ્યો કે હવે ફલાણાએ ઝંડો પકડયો છે, હવે તે શહીદ થઈ ગયા અને ફલાણાએ ઝંડો પકડી લીધો છે. સહાબાએ કિરામ ફર્માવે છે કે હુઝૂર ﷺએ સંપૂર્ણ વિગતવાર સર્વ હાલાત વર્ણવ્યા. *(૨/૬૫૯)*

એ જ પ્રમાણે આપે હબ્શાના રાજા નજ્જાશીની વફાતની ખબર સહાબાએ કિરામને મદીના શરીફમાં સંભળાવી દીધી, જે દિવસે તે વફાત પામ્યા એ જ દિવસે બલ્કે એ જ સમયે સંભળાવી. *(ખસાઈસે કુબ્રા, ભાગ : ૨)*

સહીહ બુખારીમાં છે કે જ્યારે સૂર્ય ગ્રહણ થયું તો આપ ﷺએ નમાઝ પઢાવી અને બાદમાં ખુત્બો ઈર્શાદ ફર્માવતાં ફર્માવ્યું, હું અહીં ઉભો રહીને દરેક ચીજ જોઈ રહ્યો છું, ત્યાં સુધી કે જન્નત તથા દોઝખ પણ.

તિર્મિઝી શરીફમાં છે કે આપ ﷺએ ફર્માવ્યું કે, હું આસ્માનની ચળચળાહટને પણ સાંભળુ છું અને તે કેમ ચળ ચળ ન કરે ! કેમ કે આસ્માન પર ચાર આંગળ જેટલી જગા પણ એવી નથી જ્યાં કોઈ ન કોઈ ફરિશ્તો સજદામાં ન પડયો હોય.

મેઅરાજ શરીફની એક હદીષમાં છે કે, મેં મારા રબને ઘણી સારી સૂરતમાં જોયો, પછી અલ્લાહે પોતાનો દસ્તે કુદરત મારા ખભાઓ વચ્ચે રાખ્યો તો મેં એની ઠંડક મારી છાતીમાં મેહસૂસ કરી. દરેક ચીજ મારી સમક્ષ રોશન (જાહેર) થઈ ગઈ, તો જે કાંઈ જમીન તથા આસ્માનોમાં હતું મેં સર્વ કાંઈ જાણી લીધું. *(મિશ્કાત, ખસાઈસ)*

એક હદીષમાં આપે ફર્માવ્યું, "હું પૂરી દુનિયાને અને જે કાંઈ કયામત સુધી થનારુ છે તેને એવી રીતે જોઈ રહ્યો છું જેવી રીતે મારા આ હાથની હથેળીને જોઉં છું." *(મવાહિબે લદુન્નિયા, ૨/૧૯૩)*

આ સર્વ વાતોના છતાં એ બીમારીનો ઈલાજ શું થઈ શકે છે કે નિફાક તથા નબી ﷺની અદાવતની બીમારીવાળાઓ કેમ કે પોતે બેખબર છે, અને નબી કરીમ ﷺને પોતાના જેવા સમજે છે જેથી નબી ﷺને પણ બેખબર જાણે છે. (મઆઝલ્લાહ !)

**શશ જેહત સિમ્તે મુકાબિલ શબો રોઝ એક હી હાલ**
**ધૂમ વન્નજમ્ મેં આપ કી બિનાઈ કી**

*(શશ જેહત = છ દિશાઓ, ચો તરફ, મુકાબિલ = સામે, ધૂમ = ચર્ચો, વન્નજ્મ = કસમ તારાની)*

**અર્થાત** : અન્ય સર્વ કોઈ આગળ જુએ તો પાછળ નથી જોઈ શકતા, નીચે જુએ તો ઉપર નથી જોઈ શકતા, જમણી બાજુ જુએ તો ડાબી બાજુ નથી જોઈ શકતા, પરંતુ સરકારે મદીના ﷺની નિગાહે નબુવ્વતનો આલમ એ છે કે છએ દિશાઓ, નીચે ઉપર, ડાબી જમણી દરેક વખતે આપ ﷺની સમક્ષ છે, અને આપ એક જ

સમયમાં છએ બાજુની દરેક ચીજ જોતા રહે છે. એટલા માટે તો આપની દૃષ્ટિની ચર્ચાઓ સૂરએ અન્નજૂમમાં પણ કરવામાં આવેલ છે કે **مازاغ البصر وماطغٰی** કે આંખ પણ ન ઝપકી અને ખુદાને પણ જોઈ લીધો.

*જબ ન ખુદા હી છુપા તુમ પે કરોડોં દુરૂદ*

**પાનસો સાલ કી રાહ ઐસી હૈ જૈસે દો ગામ**
**આસ હમ કો ભી લગી હૈ તેરી શુન્વાઈ કી**

*(આસ = લાલચ, આશા, દો ગામ = બેકદમ, શુનવાઈ = શ્રવણ (સાંભળવાની) શક્તિ, મુરાદ પહોંચ તથા પ્રભાવ)*

**અર્થાત :** એક આસમાનથી બીજા આસમાન સુધીનું અંતર પાંચસો વરસની સફર જેટલું છે. દરેક આસમાનની પહોળાઈ પણ એટલી છે જેવું કે હદીષોમાં વર્ણન છે. પરંતુ મેઅરાજની રાત્રે આ પાંચસો વરસની સફર આપના તો બે જ કદમ બન્યા ! બલ્કે સાત આસ્માન, સાત જમીન તથા સાત અવકાશો, એ ૧૪૦૦ વરસનું અંતર થઈ ગયું એટલે કે સાત હજાર વરસની સફર કરી અને પરત પણ તશરીફ લાવ્યા, તેમ છતાં બિસ્તર પણ ગરમ છે, વુઝૂનું પાણી પણ વહી રહ્યું છે અને સાંકળ પણ હાલી રહી છે. હા ! હા ! ઉમ્મતીઓ ખુશ થઈ જાવ ! હવે તો ઉમ્મીદ પાકી થઈ ગઈ કે આવા આકાએ આપણી ફરિયાદ સાંભળવું તથા મદદે પહોંચવું એ કોઈ મુશ્કેલ કામ નથી હોઈ શકતું.

*ઝાહિર હૈં 'હસન' અહમદે મુખ્તાર કે મઅના–કૌનેન પે સરકાર કા કાબૂ નઝર આયા*

પોતાના પુત્ર હઝરત કાસિમ رضی اللہ عنہની વફાત પર હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہاને આપ ﷺએ અધિક પરેશાન જોયાં તો ફર્માવ્યું, ''હે ખદીજા ! જો તું ચાહે તો હું દુઆ કરું તો અલ્લાહ તઆલા તને કાસિમનો અવાજ (જન્નતથી જમીન પર) સંભળાવી દેશે. તેમણે અર્ઝ કરી, નહીં ! હુઝૂર ! (મારું ઈમાન છે અને ગયબના પર ઈમાન છે). *(ખસાઈસે કુબ્રા, ૨/૮૮)* એટલે કે અલ્લાહ વ રસૂલે સાચુ જ ફર્માવ્યું છે.

**ચાંદ ઈશારે કા હિલા હુકમ કા બાંધા સૂરજ**
**વાહ ક્યા બાત શહા ! તેરી તવાનાઈ કી**

*(હિલા = માનૂસ થયો, આદી થયો, હરકત કરી, તવાનાઈ = શક્તિ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ સુબ્હાનલ્લાહ ! શું પહોંચ તથા શક્તિ છે આપની કે આપની આંગળીનો ઈશારો થાય તો ચાંદ આપના ઈશારાઓ પર ચાલવાનો આદી જોવા મળે. જેમ કે બચપનમાં ચાંદ આપનું દિલ બહેલાવવા માટે આપની આંગળીના ઈશારાની સાથે હરકત કરતો હતો, અને હઝરત અબ્બાસ رضی اللہ عنہએ એલાને નબુવ્વત પછી આ બનાવ વર્ણન કર્યો તો આપે ફર્માવ્યું કે, કાકા ! એનાથી પણ અજબની વાત એ છે કે હું મારી માના પેટમાં લોહે મહેફૂઝ પર ચાલનાર કલમનો અવાજ પણ સાંભળતો હતો. સુબ્હાનલ્લાહ !

અને સૂરજ પણ આપના હુકમનો પાબંદ છે કે હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની કેવળ એક નમાઝના માટે એને આપે ઉલ્ટા પગે પાછો ફેરવ્યો.

*ચાંદ ઝુક જાતા જિધર ઉંગલી ઉઠાતે મહદમેં–ક્યા હી ચલતા થા ઈશારોં પર ખિલૌના નૂર કા*

આપણે માટીનાં પૂતળાં છીએ એટલા માટે આપણા માબાપ આપણને માટીનાં રમકડાં લાવીને આપે, અને આપણા આકા ﷺ નૂર હતા જેથી અલ્લાહ તઆલાએ રમકડુ પણ નૂરનું આપ્યુ.

**તંગ ઠહરી 'રઝા' જિસકે લિએ વુસ્અતે અર્શ**
**બસ જગહ દિલમેં હૈ ઉસ જલ્વએ હરજાઈ કી**

*(વુસ્અત = વિશાળતા, જલ્વએ હરજાઈ = જેનો જલ્વો દરેક જગાએ હોય)*

**અર્થાત :** તે અર્શે અઝીમ જે તમામ જમીનો તથા આસ્માનોને ઘેરેલ છે તે પોતાની સર્વ વિશાળતાઓ છતાં આપણા આક઼ા ﷺના જલ્વાઓ સમક્ષ તેની વિશાળતાઓ સંકોચાઈ ગઈ અને દામનની તંગીની શિકાયત કરવા લાગ્યું. વાહ રે આશિક઼ના દિલ ! તું છે જે એ મહબૂબ (ﷺ)ને જેના જલ્વા દરેક જગાએ છે તેને પોતાના દિલમાં વસાવીને ફરે છે. સારાંશ કે કોઈ ઝિયારતના માટે મદીના જઈ રહ્યું છે અને કોઈના દિલમાં આવીને એને મદીના બનાવવામાં આવી રહ્યું છે.

*યહ બળે કરમ કે હૈ ફૈસલે–યહ બળે નસીબ કી બાત હૈ*

**ક઼બ્રોની ઝિયારતોના સંબંધે એક બનાવ :** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ અત્તુર્રદ્દિય્યતિ અલન્નૈયરતિલ્ વદ્દિય્યહમાં રોઝએ નબવી ﷺની ઝિયારતની નિય્યત પર એક ઈમાન અફરોઝ બનાવ લખ્યો છે, જે ઈન્શાઅલ્લાહ ! ફાયદાથી ખાલી નહીં હોય, એટલા માટે અહીં એનો ખુલાસો લખી દેવામાં આવે છે.

શારેહે બુખારી ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના મઝારે પુર અન્વાર પર હાજરીની નિય્યતથી જઈ રહ્યા હતા, એવામાં કેટલાક આલિમો જેઓ ઈબ્ને તયમિયાના (કે ''ત્રણ મસ્જિદોના સિવાય સફરના માટે કાઠલો ન બાંધો''વાળી હદીષ)ના ખયાલવાળા હતા તેઓ સાથે થઈ ગયા, અને તેમણે ઝિયારતની નિય્યત તો કરવાની ન હતી જેથી તેમણે એ નિય્યત કરી કે અમે તો હઝરત ઈબ્રાહમ علیہ السلامની મસ્જિદમાં નમાઝ પઢવાની નિય્યતથી જઈ રહ્યા છીએ. જ્યારે કે ઈમામ ઈબ્ને હજરે ઝિયારતની નિય્યત કરી. તેમણે જ્યારે હઝરત ઈબ્ને હજર رحمۃ اللہ علیہ પર વાંધો ઉઠાવ્યો કે આપે ઝિયારતની નિય્યત શા માટે કરી ? તો ઈબ્ને હજર رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં હદીષ પર અમલ કર્યો છે કે આપ ﷺએ ફર્માવ્યું, ''મેં પહેલાં તમને ક઼બ્રોની ઝિયારતથી રોકયા હતા, પણ હવે ક઼બ્રોની ઝિયારત કર્યા કરો.''

જ્યારે કે તમે હદીષની વિરુદ્ધ વર્તન કર્યું છે કે તમે જે હદીષને દલીલ બનાવો છો એમાં જે ત્રણ મસ્જિદોનું વર્ણન છે એમાં આ મસ્જિદે ઈબ્રાહીમ નથી આવતી ! અને ઈબ્રાહીમ علیہ السلامની ક઼બ્રે અન્વર ''હવે ક઼બ્રોની ઝિયારત કરો'' એના આ સામાન્ય હુકમમાં આવી જાય છે ! અલ્લામા ઈબ્ને હજર رحمۃ اللہ علیہની આ દલીલની સામે તે ઉલમા આશ્ચર્યમાં પડી ગયા. (પેજ : ૨૮) હું અર્ઝ કરું છું કે જ્યારે આમ (સામાન્ય) ક઼બ્રોની ઝિયારતનો હુકમ છે તો મહબૂબે ખુદા ﷺની હાજરીની નિય્યતનો શોખ દરેકે રાખવો કેમ ન ઉસૂલનો પાયો અને મહબ્બતવાળાઓની નજીક તમામ ફર્ઝોથી મોટો ફર્ઝ ન બને ?! ❑ ❑ ❑

**પારખેત :** મુક઼ામે ૨૭ રમઝાનના રોઝાના દિવસે જનાબ ઈમરાનભાઈ નૂરી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ અસરની નમાઝ બાદ મોટી મસ્જિદમાં ફઝાઈલે રમઝાન પર બયાન કર્યું. ત્યાર બાદ અલગથી એ'તેકાફમાં બેસનાર ભાઈઓની તર્બિયત કરી. તેમને નમાઝ, રોઝા, શરીઅતની પાબંદીની તાકીદ કરી ફેશનોથી દૂર રહેવા ખાસ તાકીદ કરી. ત્યારબાદ ચીશ્તિયા મસ્જિદમાં મગરિબની નમાઝ પઢાવી. એ'તેકાફમાં બેસેલા ભાઈઓની તર્બિયત કરી, ત્યારબાદ બયાન કર્યું. ઝિક્રની મેહફિલ સાથે ઈજતેમા પૂર્ણ થયો હતો.

–અઝહરૂદ્દીન રોકડ (પારખેત)

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## મદીના શરીફની હાજરી

### ★ મદીના શરીફની મહાનતા ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેનાથી શકય હોય તેણે મદીનામાં મરવું કેમ કે જે માણસ મદીનામાં મરશે તેની હું શફાઅત કરીશ. *(તિર્મિઝી વ ઈબ્ને માજહ્ વગેરે)*

અને ફર્માવ્યું, જે આદમી મદીનાવાસીઓને તકલીફ આપશે અલ્લાહ તઆલા તેને તકલીફમાં નાખશે અને તેના પર અલ્લાહ તથા ફરિશ્તાઓ તથા તમામની લાઅ્નત છે. તેના નફ્લ કે ફર્ઝ કબૂલ થશે નહીં. *(તિબરાની કબીર)* અને ફર્માવ્યું, જે માણસ પાણીમાં મીઠુ ભળી જાય છે એ રીતે ભળી જઈને મદીનાવાળાઓ સાથે ફરેબ કરશે. *(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે મદીનાના રસ્તાઓ પર ફરિશ્તાઓ પહેરા ભરે છે જેથી ન દજ્જાલ આવશે, ન બીમારી આવે. *(બુખારી, મુસ્લિમ)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીના તય્યેબહ્ માટે મક્કા કરતાં બમણી બરકતો પ્રાપ્ત થવાની દુઆ કરી. (મુસ્લિમ)

### ★ દરબારે અક્દસ صلی اللہ علیہ وسلم ની ઝિયારતના લાભાલાભ ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا۔

**અર્થાત** : જે લોકો પોતાની જાનો પર જુલ્મ કરે અને અય નબી ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમારી સમક્ષ હાજર થઈને અલ્લાહથી મગફેરત ચાહે અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم આપ પણ તેમના માટે ઈસ્તિગફાર કરો તો અલ્લાહને તૌબા કબૂલ કરનાર તથા રહમ કરવાવાળો પામશો.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે જે મારી કબરની ઝિયારત કરશે તેને માટે મારી શફાઅત વાજિબ *(દારકુત્ની, બયૂહકી)*

અને ફર્માવ્યું : જેણે હજ કરી અને મારી વફાત પછી મારી કબરની ઝિયારત કરી તો તે મારી હયાતીમાં ઝિયારત કરવા બરાબર છે. *(દારકુત્ની, તિબ્રાની)*

અને ફર્માવ્યું, જેણે હજ કરી અને મારી ઝિયારત ન કરી તેણે મારા પર જફા (જુલ્મ) કર્યો.

**મસ્અલા** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મઝાર મુબારકની હાજરી અને ઝિયારત વાજિબની નજદીક છે. *(મનાસિક અલ ફારસી વ શર્હુલ મુખ્તાર કમા ફી ફતહે કદીર)*

**નસીહત (ચેતવણી)** : કેટલાક લોકો દોસ્ત બનીને તરહ તરહની વાતો કરી બીવડાવે છે. રસ્તામાં ખતરો છે, ત્યાં બીમારી છે, આ છે, તે છે વગેરે. ખબરદાર ! કોઈનું સાંભળશો નહીં અને મેહરૂમીનો ધબ્બો લઈને કદી પણ પાછા ફરશો નહીં. જાન એક દિવસ જરૂર જવાની જ છે, તો એની રાહમાં જાય એથી વધીને બેહતર શું હોઈ શકે ? અનુભવ એ છે કે જે એમનો દામન પકડે છે તેને પોતાના સાયામાં આરામથી લઈ જાય છે. કોઈ ચીજનો ડર નથી હોતો.

**હમકો તો અપને સાયામેં આરામ હી સે લાયે**
**હીલે બહાનેં વાલોંકો યે રાહ ડરકી હૈ**

## ★ હાજરીના આદાબ (નિયમો) ★

**(૧)** હાજરીમાં ફકત ઝિયારતની જ નિયત કરે. ઈમામ ઈબ્ને હુમામ એટલે સુધી ફર્માવે છે કે તે વખતે મસ્જિદ શરીફની નિયત પણ સામેલ ન કરે.

**(૨)** જો ફર્ઝ હજ છે તો હજ કરીને મદીના તૈયેબહ્ હાજરી આપે. હા ! જો મદીના તૈયેબહ્ રસ્તામાં આવતું હોય તો ઝિયારત કર્યા વગર હજમાં જવું તે સખ્ત મેહરૂમી અને દિલની નિષ્ઠુરતા છે. અને પોતાની એ હાજરી હજ કબૂલ થવા માટેની તથા દીની દુન્યવી ભલાઈ મેળવવાનો વસીલો સમજે. જો નફ્લ હજ હોય તો પોતાને ઈખ્તિયાર છે કે હજથી પહેલાં પાક સાફ થઈને મેહબૂબના દરબારમાં હાજર થાય અથવા તો સરકારમાં પહેલાં હાજરી આપે પછી હજની મકબૂલિયત, નૂરાનિયત માટેનો વસીલો બનાવે. મતલબ કે પહેલાં જે કરવું હોય તે કરે પરંતુ સાફ નિયત જરૂરી છે. કેમ કે : اِنَّمَا الْاَعْمَالُ بِالنِّیَّاتِ وَلِکُلِّ امْرِءٍ مَّانَوٰی۔

**(અર્થાત)** : અમલોનો દારોમદાર નિયત પર છે અને દરેક માટે તે જ છે જે એણે નિયત કરેલી છે. (નિયત પ્રમાણે થશે).

**(૩)** આખા રસ્તે ઝિક્ર અને દુરૂદ શરીફ પઢવામાં મશ્ગૂલ રહો. જેમ જેમ મદીના તૈયેબહ્ નજીક આવતું જાય તેમ તેમ ખૂબ ખૂબ શોખભેર વધારેમાં વધારે લાગેલા રહો.

**(૪)** જ્યારે મદીના શરીફનું હરમ આવે તો બેહતર એ છે કે પગપાળા થઈ જવું, માથુ ઝુકાવી, આંખો નીચી રાખી વધુમાં વધુ દુરૂદ શરીફ પઢવું, બની શકે તો ઉઘાડા પગે ચાલવું, બલ્કે :–

**જાએ સરસ્ત ઈં તૂ પા મી ન હી**
**પાએ ન બીની કે કુજા મી ન હી**

**હરમકી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના**
**અરે ! સર કા મૌક઼ા હૈ ઓ જાનેવાલે**

જ્યારે ગુંબદ મુબારક પર નજર પડે તો ખૂબ દુરૂદ અને સલામ પઢવી.

**(૫)** શહરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પર પહોંચો તો મેહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જલાલ તથા જમાલના તસવ્વુરમાં ગર્ક થઈ જાઓ અને શહેરના દરવાજામાં દાખલ થતી વેળા પહેલાં જમણો પગ મૂકી આ પ્રમાણે પઢો :–

**بَسْمِ اللّٰہِ مَاشَاءَ اللّٰہُ لَاقُوَّۃَ اِلَّا بِاللّٰہِ رَبِّ اَدْخِلْنِیْ مُدْخَلَ صِدْقٍ وَّاَخْرِجْنِیْ مُخْرَجَ صِدْقٍ اَللّٰھُمَّ افْتَحْ لِیْ اَبْوَابَ رَحْمَتِكَ وَارْزُقْنِیْ مِنْ ذِیَارَۃِ رَسُوْلِكَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَارَزَقْتَ اَوْلِیَاءَ كَ وَاَھْلَ طَاعَتِكَ وَاَنْقِذْنِیْ مِنَ النَّارِ وَاغْفِرْ لِیْ وَارْحَمْنِیْ یَاخَیْرَ مَسْئُوْلٍ۔**

**અર્થાત** : અલ્લાહના નામથી શરૂ કરું છું જે અલ્લાહે ચાહ્યું, નેકીની તાકાત નથી પણ અલ્લાહથી ઉમ્મીદ છે. અય અલ્લાહ ! સચ્ચાઈની સાથે મને દાખલ કર અને સચ્ચાઈની સાથે બહાર કાઢ. ઈલાહી ! તું તારી રહમતના દરવાજા મારા માટે ખોલી દે અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત મને નસીબ કર જે તારા ઔલિયા તેમજ ફર્માબરદાર બંદાઓ માટે નસીબ કર્યું, મને જહન્નમથી નજાત દે. મને બખ્શી દે. મારા પર રહમ ફર્માવ.

**(૬)** મસ્જિદ શરીફમાં દાખલ થતા પહેલાં એવી તમામ જરૂરિયાતોથી મુકત થઈ જાવ કે જેના કારણે દિલ ભટકવાનો અંદેશો હોય. એ સિવાય બીજા કોઈ કામમાં ન લાગી જવું. જલ્દીથી વુઝૂ તથા મિસ્વાક કરીને બેહતર એ છે કે ગુસ્લ કરીને ચોખ્ખાં સફેદ કપડાં પહેરવાં. નવાં હોય તો સારી વાત છે. સૂરમો તથા ખૂશ્બૂ લગાડવી. મુશ્ક હોય તો ઘણું સારુ.

**(૭)** ત્યાર બાદ તરત જ આસ્તાના મુબારક તરફ ખાસ ખુશૂઅ ખુઝૂઅથી જુઓ. રડવું ન આવે તો રડવા જેવો ચહેરો બનાવો અને દિલને રડાવે અને પોતાની સંગદિલીથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ ઈલ્તેજા કરે.

**(૮)** મસ્જિદના તમામ દરો પર હાજરી આપે. સલાતો સલામ અર્ઝ કરતા જઈ જેમ કે સરકારથી હાજરીની ઈજાઝત માંગતા હોય એ રીતે થોડા થોડા (પ્રકારનો) અટકો. બિસ્મિલ્લાહ કહીને પહેલો જમણો પગ મૂકીને અદબથી દાખલ થાઓ.

**(૯)** આ વખતે જે અદબ અને તાઝીમ ફર્ઝ છે તે દરેક મુસલમાનનું દિલ જાણે છે. આંખ, કાન, જીભ, હાથ, પગ, દિલ વગેરેને બીજા ખયાલોથી પાક કરો. મસ્જિદે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો નકશો (બાંધકામ) ન જુઓ.

**(૧૦)** જો કોઈ એવું સામે મળી જાય કે જેની સાથે સલામ–કલામ કરવાની જરૂર પડે એમ છે તો બની શકે તો આડા અવળા થઈ જાઓ. નહીં તો જરૂરથી વધારે આગળ ન વધો. તેમ છતાં દિલ સરકાર તરફ લાગેલું રાખો.

**(૧૧)** મસ્જિદે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم માં એક શબ્દ પણ મોટા અવાજથી કદી પણ ન બોલશો.

**(૧૨) યકીન જાણજો** હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم વફાત શરીફ પહેલાં જે રીતે દુનિયામાં હયાત હતા તે જ રીતે દુન્યવી–જિસ્માની રીતે હયાત છે. તેમની બલ્કે તમામ અંબિયાએ કિરામ علیہم السلام ની મૌત ફક્ત અલ્લાહ તઆલાને કરેલા વાયદાની તસ્દીક (એક ઘડી માટેની) છે. એમનો ઈન્તેકાલ ફક્ત લોકોથી પર્દે થવું છે.

ઈમામ મોહંમદ ઈબ્ને હાજ મક્કી પોતાની કિતાબ મદખલમાં અને ઈમામ અહમદ કિસ્તલાની મવાહિબે લદુન્નિયામાં તેમજ દીનના અન્ય ઈમામો (રહમહુમુલ્લાહ) પોત પોતાની કિતાબોમાં (લખાણ) ફર્માવે છે કે :–

لَافَرْقَ بَيْنَ مَوْتِهٖ وَحَيَاتِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِىْ مُشَاهَدَتِهٖ لِاُمَّتِهٖ وَمَعْرِفَتِهٖ بِاَحْوَالِهِمْ وَنِيَاتِهِمْ وَعَزَائِمِهِمْ وَخَوَاطِرِهِمْ وَذَالِكَ عِنْدَهٗ جَلِىٌّ لَا خِفَاءَ بِهٖ۔

**અર્થાત** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાત અને વફાતમાં એ વાતનો કોઈ ફર્ક નથી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મતને જોઈ રહ્યા છે. (હયાતીમાં જે રીતે જોતા હતા તે જ રીતે વફાત પછી પણ જોઈ રહ્યા છે) તેમની હાલતો, નિય્યતો તેમના ઈરાદાઓ તેમના દિલના ખયાલોને ઓળખે છે (જુએ છે). આ બધી વાતો તેમના આગળ (જરા પણ) બિલકુલ છુપી નથી.

ઈમામ رحمۃ اللہ علیہ શાગિર્દે ઈમામ મોહક્કિક ઈબ્ને હુમામ મન્સકે મુતવસ્સિતમાં અને અલી કારી મક્કી શરહે મસ્લકમાં ફર્માવે છે :–

اِنَّهٗ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عالم بحضورك وقيامك وسلامك اى بل بجميع افعالك واحوالك وارتحالك ومقامك۔

**અર્થાત** : બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તારી હાજરી, તારું ઊભું રહેવું, તારી સલામ કરવી, બલ્કે તારા દરેક કામ–હાલ, ચાલવું–રોકાવું વગેરે જાણે છે.

**(૧૩)** ત્યાર બાદ જમાઅત થતી હોય તો સામેલ થઈ જાવ. એમાં તહય્યતુલ્ મસ્જિદ પણ અદા થઈ જશે. નહીંતર જો વખતની કરાહત ન હોય તો શોખથી બે રકાત તહય્યતુલ મસ્જિદ તેમજ દરબારે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم માં હાજરી આપવા બદલ શુક્રિયહ માટેની પઢો. ફક્ત કુલ યા અથવા કુલ્હુવલ્લાહથી નાની (હલકી) પરંતુ સુન્નતના લેહાઝની સાથે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નમાઝ પઢવાની જગ્યા પર જયાં અત્યારે મસ્જિદની વચમાં મેહરાબ બનાવવામાં આવી છે ત્યાં અને ત્યાં જગ્યા ન મળે તો જેટલી બની શકે એટલી એની નજીકની જગ્યામાં અદા કરો. પછીથી શુક્રના સજદામાં રડો, દુઆ કરો કે ઈલાહી ! તારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم નો અદબ નસીબ કર. આમીન.

**(૧૪)** પછીથી ખૂબ જ અદબથી નીચી ગરદને,

આંખો નીચી રાખી, ધ્રૂજતાં, કાંપતાં, પોતાના ગુનાહોની શર્મિંદગી સાથે પસીને રેબઝેબ હુઝૂર ﷺ થી માફી, કરમની ઉમ્મીદ રાખી હુઝૂરેવાલાના કદમ મુબારક એટલે કે પૂર્વ તરફથી મવાજહે અકદસ ﷺ માં હાજર થાઓ. (કેમ કે હુઝૂરે અકદસ ﷺ મઝારે અનવરમાં કિબ્લા રુખ જલ્વા અફરોઝ છે) એ તરફથી હાજર થશો તો હુઝૂરની નિગાહે બેકસ પનાહ તમારા તરફ થશે અને એ તમારા માટે બંને જહાંથી વધીને છે. વલ્હમ્દુલિલ્લાહ !

**(૧૫)** ત્યાર બાદ અદબ, ખૌફ, ઉમ્મીદની સાથે કંદીલની નીચે, ચાંદીની કીલની સામે જે હુઝૂરે પાકની દક્ષિણની દિવાલમાં ચેહરએ અનવરની સામે લાગેલી છે ત્યાંથી ઓછામાં ઓછા ચાર હાથના અંતરે કિબ્લા તરફ પીઠ રાખી મઝારે અનવર તરફ મોં રાખીને નમાઝમાં જે રીતે હાથ બાંધીને ઊભા રહીએ છીએ એ રીતે હાથ બાંધીને ઊભા રહો.

**(૧૬)** ખબરદાર ! જાળી મુબારકને હાથ લગાડવાથી તેમજ બોસો (ચૂમવાથી) આપવાથી બચો ! કેમ કે એ અદબની ખિલાફ છે. ચાર હાથના અંતરથી વધારે નજીક ન જાવ. આ એમની રહમત શું ઓછી છે કે એમણે તમને પોતાની હુઝૂરમાં બોલાવ્યા, મવાજહે અકદસ ﷺ માં જગા આપી. જો કે એમની નિગાહે કરીમી તો દરેક જગ્યાએ તમારી તરફ જ હતી પરંતુ અત્યારે આટલા દરજ્જે તમને કરીબી નસીબ થઈ છે. વલિલ્લાહિલ્ હમ્દ !

**(૧૭)** અલ્હમ્દુલિલ્લાહ ! હવે તમારા દિલની જેમ તમારો ચેહરો પણ તે પાક જાળી તરફ થઈ ગયો કે જે અલ્લાહ عزوجل ના મહબૂબની અઝીમુશ્શાન આરામગાહ છે. તો ખાસ અદબ, એહતેરામ તથા વકારની સાથે દર્દનાક અવાજે, રડમશ ચહેરે અને શરમથી ઝુકેલા દિલ–જિગરથી ધીમા (દરમિયાની) અવાજથી (મોટા અવાજે નહીં) કેમ કે એમની હુઝૂરમાં જોરથી (મોટેથી) બોલવાથી અમલ બેકાર થઈ જાય છે) બહું ધીમેથી પણ નહીં (કેમ કે એ સુન્નતની ખિલાફ છે. જો કે તેઓ તમારા દિલના ખતરાઓ (વિચારો)થી પણ વાકેફ છે. જેમ કે ઈમામોની (આ બાબતમાં) સ્પષ્ટ વાતથી તમો અગાઉ માહિતગાર થઈ ચૂક્યા છો.) મુજરા–તસ્લીમ બજાવો અને અર્ઝ કરો :–

**اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَلسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلسَّلَامُ عَلَيْكَ يَاخَيْرَ خَلْقِ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا شَفِيْعَ الْمُذْنِبِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ وَعَلٰى اٰلِكَ وَاَصْحَابِكَ وَاُمَّتِكَ اَجْمَعِيْنَ۔**

**(૧૮)** શક્ય હોય ત્યાં સુધી, કોઈ તકલીફ કે થકાવટ ન હોય તો ખૂબ સલાતો સલામ પઢો. હુઝૂર ﷺ ની પાસે પોતાના માટે, પોતાના મા–બાપ માટે, પીરો મુર્શિદ માટે, ઉસ્તાદ, ઔલાદ તથા રિશ્તેદારો, દોસ્તો તેમજ તમામ મુસલમાનો માટે શફાઅત માંગો અને اَسْئَلُكَ الشَّفَاعَةَ يَا رَسُوْلَ اللّٰهِ વારંવાર અર્ઝ કરતા રહો.

**(૧૯)** પછીથી જેમણે તમારી સાથે સલામ મોકલ્યા છે તેમના તરફથી સલામ અર્ઝ કરો. કારણ કે શરીઅતમાં આ બાબતનો હુકમ છે અને જે મુસલમાનો આ કિતાબ (કાનૂને શરીઅત)ને જુએ, પઢે તેનાથી મુઝ ફકીર (લેખક)ની વિનંતી છે કે મુઝ ગરીબ તરફથી પણ સલામ રજૂ કરી આપશે તો (આપનું) મોટું એહસાન થશે.

**(૨૦)** પછીથી પોતાની જમણી બાજુ એટલે કે પૂર્વ તરફ એક હાથ દૂર હટીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના નૂરાની ચેહરાને ઊભા રહીને અર્ઝ કરો :–

اَلسَّلَامُ عَلَيْكَ يَا خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ اَلسَّلَامُ عَلَيْكَ يَاوَزِيْرَ رَسُوْلِ اللّٰهِ اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ رَسُوْلِ اللّٰهِ فِى الْغَارِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ۔

**(૨૧)** ત્યાર બાદ એટલું જ દૂર હટીને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની રૂબરૂ ઊભા રહીને અર્ઝ કરો :–

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ اَلسَّلَامُ عَلَيْكَ يَامُتَمِّمَ الْاَرْبَعِيْنَ۔ اَلسَّلَامُ عَلَيْكَ يَا عِزَّ الْاِسْلَامِ وَالْمُسْلِمِيْنَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ۔

**(૨૨)** ત્યાર બાદ એક વેંત જેટલું પશ્ચિમ તરફ પાછા ફરો અને હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما દરમિયાન ઊભા રહી કહો :–

اَلسَّلَامُ عَلَيْكُمَا يَا خَلِيْفَتَىْ رَسُوْلِ اللّٰهِ اَلسَّلَامُ عَلَيْكُمَا يَا وَزِيْرَىْ رَسُوْلِ اللّٰهِ۔ اَلسَّلَامُ عَلَيْكُمَا يَا ضَجِيْعَىْ رَسُوْلِ اللّٰهِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ اَسْأَلُكُمَا الشَّفَاعَةَ عِنْدَ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَعَلَيْكُمَا وَبَارَكَ وَسَلَّمَ۔

**(૨૩)** આ બધી હાજરીઓ કબૂલિયતના સ્થાનો છે. જેથી ખૂબ દુઆઓ કરવી તેમજ દુરૂદ શરીફ (પઢયા કરવું) વધારે બેહતર છે. ચાહે તો આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اِنِّىْ اُشْهِدُكَ وَاُشْهِدُ رَسُوْلَكَ وَاَبَابَكْرٍ وَّعُمَرَ وَاُشْهِدُ الْمَلٰٓئِكَةَ النَّازِلِيْنَ عَلٰى هٰذِهِ الرَّوْضَةِ الْكَرِيْمَةِ الْعَاكِفِيْنَ عَلَيْهَا اَنِّىْ اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اَنْتَ وَحْدَكَ لَاشَرِيْكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُوْلُكَ اَللّٰهُمَّ اِنِّىْ مُقِرٌّ بِجِنَايَتِىْ وَمَعْصِيَتِىْ فَاغْفِرْلِىْ وَامْنُنْ عَلَىَّ بِالَّذِىْ مَنَنْتَ عَلٰى اَوْلِيَائِكَ فَاِنَّكَ الْمَنَّانُ الْغَفُوْرُ الرَّحِيْمُ۔ رَبَّنَا اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ۔

**(૨૪)** ત્યાર બાદ મિમ્બર શરીફ પાસે દુઆ માંગવી.

**(૨૫)** પછીથી જો મકરૂહ વખત ન હોય તો જન્નતની કયારીમાં આવીને બે રકાત નફ્લ નમાઝ પઢવી.

**(૨૬)** એ જ રીતે મસ્જિદ શરીફના દરેક થાંભલા આગળ નમાઝ પઢવી, દુઆ માંગવી. કારણ કે આ બધી બરકતની જગ્યાઓ છે. એમાંની કેટલીક જગ્યા ખાસ ખુસૂસિયત ધરાવે છે.

**(૨૭)** જ્યાં સુધી મદીના શરીફમાં રહો ત્યાં સુધી એક શ્વાસ પણ બેકાર ન જવા દો. ફૂરસદનો સમય ખાસ કરીને પાકીની સાથે મસ્જિદમાં ગુજારો. નમાઝ, તિલાવત, દુરૂદ શરીફ પઢવામાં વખત પસાર કરો. દુનિયાની કોઈ વાત કોઈ પણ મસ્જિદમાં ન કરવી જોઈએ. અહીં દુન્યવી વાત કરવી ઘણી ખરાબ છે.

**(૨૮)** મસ્જિદ શરીફમાં જતી વખતે એ'તેકાફની નિય્યત કરો. બલ્કે દરેક મસ્જિદમાં જતી વખતે એ'તેકાફની નિય્યત કરી લેવી જોઈએ.

**(૨૯)** ખાસ કરીને ગરમીની ઋતુમાં મદીના શરીફમાં રોઝો નસીબ થાય તો પૂછવું જ શું ! કેમ કે એના પર શફાઅતનો વાયદો થયેલો છે.

**(૩૦)** અહિંયા દર એક નેકીના બદલામાં પચાસ હજાર નેકીઓ લખવામાં આવે છે. જેથી વધારેમાં વધારે ઈબાદત કરવાની કોશિશ કરો. ખાવા–પીવામાં કમી કરો. બની શકે તો સદકો કરતા રહો. ખાસ કરીને અહીંના લોકોને આપો. કારણ આજના યુગમાં (વખતમાં) મોટા ભાગના લોકો જરૂરતમંદ છે.

**(૩૧)** ઓછામાં ઓછું એક વખત ખત્મે કુર્આન અહીં કરો અને હતીમે કા'બામાં (હતીમમાં) એક વખત ખત્મે કુર્આન કરો.

**(૩૨)** જે રીતે કા'બા શરીફ તથા કુર્આન મજીદને જોવું ઈબાદત છે એ જ રીતે રોઝએ અનવરનો દીદાર કરવો પણ ઈબાદત છે. જેથી વધારે વધારે દીદાર કરો તથા ખૂબ દુરૂદ શરીફ પઢો. સલામ અર્ઝ કરો.

**(૩૩)** પાંચે નમાઝો પછી અથવા ઓછામાં ઓછા સવાર–સાંજ મવાજહે અકદસમાં સલામ અર્ઝ કરવા હાજરી આપો.

**(૩૪)** શહેરમાં કે શહેરની બહારથી જ્યાંથી પણ ગુંબદ મુબારક પર નજર પડે તો તરત જ હાથ બાંધી તે તરફ મોઢું કરી સલાતો સલામ અર્ઝ કરો. સલાતો સલામ અર્ઝ કર્યા વગર પસાર થઈ જશો નહીં કેમ કે અદબની ખિલાફ છે.

**(૩૫)** દરેક જગ્યાએ કારણ વગર જમાઅત છોડવી ગુનોહ છે અને ઘણી વાર જમાઅત છોડવી સખ્ત હરામ અને ગુનાહે કબીરા છે અને અહીં માટે તો ગુનોહ ઉપરાંત કેટલી સખ્ત મેહરૂમીની વાત ગણાશે. ખુદા પનાહમાં રાખે.

**(૩૬)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારી મસ્જિદમાં જેની ચાલીસ નમાઝો ન ગઈ તેને માટે દોઝખ તેમજ નિફાકથી આઝાદી લખવામાં આવશે.

**ચેતવણી** : હાલ ઈમામ નજદી વહાબી ગુસ્તાખે રસૂલ હોવાથી તેની પાછળ નમાઝ પઢવી નહીં, તેની નમાઝ થશે જ નહીં. *–પ્રકાશક*

**(૩૭)** બની શકે ત્યાં સુધી કોશિશ કરવી કે મસ્જિદે અવ્વલ એટલે કે હુઝૂરના જમાનામાં જેટલી હતી (ક્ષેત્રફળમાં) તેમાં (તેટલી હદમાં) નમાઝ પઢો. એની ગણતરી ૧૦૦ હાથ લાંબી અને ૧૦૦ હાથ પહોળી છે. જો કે ત્યાર પછી થોડોક વધારો થયો છે, એમાં (એ હદમાં) નમાઝ પઢવી મસ્જિદે નબવીમાં નમાઝ પઢયા બરાબર છે.

**(૩૮)** હુઝૂરની કબર શરીફ તરફ કદી પણ પીઠ ન કરવી અને બની શકે તો નમાઝમાં પણ એવી જગ્યાએ ઊભા રહો કે પીઠ કરવી ન પડે. (નમાઝ પઢતી વેળા પણ કબર શરીફ તરફ પીઠ ન થાય તે રીતે ઊભા રહો.

**(૩૯)** રોઝએ અનવરનો તવાફ ન કરો, ન સિજદો કરો તેમજ એટલું પણ નીચું ન નમશો કે રૂકૂઅ કરવા બરાબરનું હોય. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાઝીમ એમની ફર્માંબરદારી કરવામાં છે.

**(૪૦) બકીઅની ઝિયારત સુન્નત છે :** રોઝા શરીફની ઝિયારત કર્યા પછી બકીઅ જવું. ખાસ કરીને જુમ્આના દિવસે જવું. એ કબ્રસ્તાનમાં આશરે ૧૦ હજાર સહાબા رضی اللہ عنہم દફન છે તથા તાબેઈન, તબે તાબેઈન તેમજ ઔલિયા, આલિમો, પરહેઝગારો વગેરે આપણી ગણતરીની બહાર છે. ત્યાં જ્યારે હાજરી આપો ત્યારે દફન થયેલા તમામ મુસલમાનોની ઝિયારત કરવાનો પ્રથમ ઈરાદો કરો અને આ પઢો :–

اَلسَّلَامُ عَلَيْكُمْ دَارَقَوْمٍ مُّؤْمِنِيْنَ اَنْتُمْ لَنَا سَالِفٌ وَّاِنَّا اِنْشَاءَ اللّٰهُ تَعَالٰى بِكُمْ لَا حِقُوْنَ اَللّٰهُمَّ اغْفِرْ لِاَ هْلِ الْبَقِيْعِ بَقِيْعِ الْغَرْقَدِ اَللّٰهُمَّ اغْفِرْ لَنَا وَلَهُمْ رَبَّنَا اغْفِرْ لَنَا وَلِوَالِدَيْنَا وَلِاُ سْتَاذِيْنَا وَلِاِ خْوَانِنَا وَلِاَ خَوَاتِنَا وَلِاَ وْلَادِنَا وَلِاَ حْفَادِنَا وَلِاَ صْحَابِنَا وَلِاَحْبَابِنَا وَلِمَنْ لَّهٗ حَقٌّ عَلَيْنَا وَلِمَنْ اَوْصَانَا وَالِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ وَالْمُسْلِمِيْنَ وَالْمُسْلِمَاتِ۔

તેમજ દુરૂદ શરીફ, સૂરએ ફાતેહા, આયતુલ્ કુર્સી, કુલહુવલ્લાહ વગેરે જે કંઈ પઢી શકતા હોઉ તે પઢીને એના સવાબનું નઝરાણું પેશ કરો. ત્યાર બાદ બકીઅ શરીફમાં જે મશહૂરો માઅ્રૂફ મઝારો આવેલી છે તેમની ઝિયારત કરો. બકીઅમાં મદફન થયેલા તમામમાં સૌથી અફઝલ અમીરુલ મો'મેનીન ઉસ્માન ગની رضی اللہ عنہ છે. એમના મઝાર શરીફ પણ હાજરી આપી સલામ અર્ઝ કરો :–

ٱلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ ٱلسَّلَامُ عَلَيْكَ يَا ثَالِثَ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ ٱلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ الْهِجْرَتَيْنِ ٱلسَّلَامُ عَلَيْكَ يَا مُجَهِّزَ جَيْشِ الْعُسْرَةِ بِالنَّقْدِوَالْعَيْنِ جَزَاكَ اللّٰهُ عَنْ رَسُوْلِهٖ وَعَنْ سَائِرِ الْمُسْلِمِيْنَ وَرَضِىَ اللّٰهُ عَنْكَ وَعَنِ الصَّحَابَةِ اَجْمَعِيْنَ۔

અહીં રસૂલુલ્લાહ ﷺ ના સાહબઝાદા હઝરત સૈયદના ઈબ્રાહીમ તથા ઉમ્મુલ મો'મેનીન હઝરત આઈશા رضی اللہ عنہا તેમજ બીજા અજવાઝે મુતૃહરાત (પાક પત્નીઓ) અને હુઝૂર ﷺ ના કાકા હઝરત અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, હઝરત ઈમામ હસન, હઝરત ઈમામ હુસૈન, હઝરત ઈમામ માલિક વગેરે સહાબાઓ તાબેઈન તથા દીનના અન્ય ઈમામો આરામ ફર્માવે છે. તે સૌની ખિદમતમાં હાજરી આપો, સલામ અર્ઝ કરો અને ફાતેહા પઢો.

**(૪૧)** કુબા શરીફની ઝિયારત કરી મસ્જિદ શરીફમાં બે રકાત નમાઝ પઢો.

**(૪૨)** ઓહદના શહીદોની ઝિયારત કરો. હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ દર વર્ષની શરૂઆતમાં ઓહદના શહીદોની કબરો પર આવતા હતા અને ફર્માવતા હતા કે :- ٱلسَّلَامُ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ.

ઓહદના પહાડની પણ ઝિયારત કરવી કેમ કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું છે કે, ઓહદ મને દોસ્ત ગણે છે (ચાહે છે) અને હું તેને દોસ્ત ગણું છું. અને ફર્માવ્યું કે જ્યારે તમે ઓહદ પર જાઓ ત્યારે ત્યાંના ઝાડો પરથી કાંઈક ખાવ, ભલે પછી બાવળનું ઝાડ કેમ ન હોય ! બેહતર એ છે કે જુમેરાતના દિવસે સવારના જવું અને સૌથી પહેલાં સૈયદુશ્શોહદા હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના મઝાર શરીફ પર હાજર થઈ સલામ અર્ઝ કરવી.

એક રિવાયત મુજબ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જહશ رضی اللہ عنہ તથા મુસઅબ ઈબ્ને ઉમેર رضی اللہ عنہ પણ અહીંયા છે જેથી તેઓને સલામ અર્ઝ કરવી. ત્યાર બાદ આગળ વધવું અને કુબ્બએ સફિય્યા પર ઝિયારત ખત્મ કરવી.

**(૪૩)** જો કોઈ ભોમિયા (બતાવનાર) મળી જાય તો તેમની પાસેથી માહિતી મેળવી તે કૂવાઓની પણ ઝિયારત કરવી તથા તેના પાણીથી વુઝૂ કરવું. તેનું પાણી પીવું જેમના માટે (કૂવાઓ માટે) કહેવાય છે કે એમાંના કોઈક કૂવાઓનું પાણી હુઝૂર ﷺ એ પીધું છે, કોઈક કૂવામાં પોતાનું થૂંક (મુબારક) નાંખેલું છે.

**(૪૪)** મદીના શરીફથી વિદાય થતી વખતે હુઝૂર ﷺ સમક્ષ હાજરી આપવી અને વારંવાર હાજરી નસીબ થાય એ માટેની વિનવણી કરવી અને કા'બા શરીફથી રૂખ્સત થતી વેળા જે જે આદાબોનો ઉલ્લેખ અગાઉ કરવામાં આવેલો તેનો અહીં પણ ખ્યાલ રાખે અને સાચા દિલથી દુઆ કરો કે અલ્લાહ પાક ઈમાન અને સુન્નત પર કાયમ રાખી મદીના શરીફમાં મૌત આપે અને જન્નતુલ બકીઅમાં દફન થવું નસીબ કરે.

اَللّٰهُمَّ ارْزُقْنَا اٰمِيْنَ اٰمِيْنَ اٰمِيْنَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّاٰلِهٖ اَجْمَعِيْنَ اٰمِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ۔


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામમાં રસ્તાના હક્કો
## અને તેનું મહત્વ

રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

ઈસ્લામની તા'લીમાતે જિંદગીનાં સર્વ ક્ષેત્રને સમાવી લીધેલા છે, ચાહે એનો સંબંધ અક઼ીદાના પ્રકરણથી હોય કે ઈબાદતો સાથે હોય અથવા મામલાઓ તથા સંસ્કારોને લગતુ હોય કે સામાજિક ક્ષેત્રથી હોય. ઈસ્લામનો તેને માનનારાઓ સાથે એ તકાઝો છે કે અન્યોના જે હક્કો તમારા પર લાગુ થાય છે તેને શક્ય ત્યાં સુધી પૂર્ણ કરવાની કોશિશ કરો. ચાહે તે હક્કો નાના નાના મસાઈલના સંબંધે હોય કે મહાન મહાન મસાઈલ સંબંધે હોય. આપણી કરૂણતા એ છે કે આપણે મોટા મોટા મસાઈલના હલના માટે તો જરૂર કોશિશ કરીએ છીએ પણ નાના નાના મામલાઓ આપણી નજરોથી ઓજલ રહે છે.

એમનામાંથી જ એક મહત્વનો મસ્અલો રસ્તાના હક્કોનો છે. કોઈ શખ્સ રસ્તામાં ક઼ાયમી ઠેકાણુ નથી બનાવતો, પણ રસ્તાએથી પસાર થતી વેળા તેનાથી જો કોઈને તકલીફ પહોંચે તો તેની અસર ઘણે મોડે સુધી મેહસૂસ કરવામાં આવી શકે છે. રસ્તાના હક્કો શું છે ? શરીઅતે કઈ બાબતોનો નિર્દેશ કર્યો છે ? કઈ બાબતોનો ખયાલ રાખવો અને કઈ બાબતોથી બચવાની શરીઅતે સૂચના આપેલી છે કે જેથી દરેકની જિંદગી સારી રીતે પસાર થાય. આ સવાલોના જવાબ આ લખાણમાં રજૂ કર્યા છે. રસ્તાથી મુરાદ કેવળ ગલી કે સડકનો રસ્તો નથી, બલ્કે એના વિવિધ ભાવાર્થો છે. દા.ત. કોઈ મહોલ્લા કે સોસાયટીમાં જવાનો રસ્તો, કોઈ શૈક્ષણિક, વ્યાપારિક સંકુલોમાં વિવિધ વર્ગો તથા ઓફીસોમાં જવાનો રસ્તો, મુખ્ય માર્ગો, હાઈવે કે સામાન્ય પગદંડીઓ વગેરે.

આ રસ્તાના હક્કોના સંબંધે વિવિધ હદીષો આવેલી છે જેમાં વિવિધ હુકમો મળે છે. એક હદીષમાં હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિવાયત કરે છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : રસ્તાઓ પર બેસવાથી પરહેઝ કરો (બચો). સહાબાએ કિરામે અર્ઝ કરી, અમારી મજબૂરી છે કે અમે મેહફિલ જમાવીએ છીએ અને આપસમાં ગપસપ (વાતચીત) કરીએ છીએ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો એટલી બધી મજબૂરી છે તો રસ્તાનો હક્ક઼ અદા કરો ! સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ પૂછયું, રસ્તાનો હક્ક઼ શું છે ? ફર્માવ્યું : **''નજરોને નીચી રાખો, તકલીફદાયક ચીજને દૂર કરો, સલામનો જવાબ આપો, અને 'અમ્ર બિલ્ મઅરૂફ' (સારી વાતનો હુકમ આપો) અને 'નહી અનિલ મુન્કર' (બુરી વાતોથી રોકવા)નો ફરીઝો અદા કરો.''** *(બુખારી–૨૪૬૫)*

આ હદીષથી જાણવા મળ્યું કે નબી કરીમ ﷺએ રસ્તાઓમાં બેસવાની મનાઈ ફર્માવી છે. પણ જો એટલી બધી મજબૂરી છે તો પછી અમુક બાબતોનો ખયાલ રાખવો અતિશય જરૂરી છે. યાદ રાખશો કે રસ્તાઓ પર બેસવાથી મુરાદ દુકાનો, હોટલો, મસ્જિદોની બહાર, ગલીના નાકા પર ઉભા રહેવું, એ જ પ્રમાણે રસ્તા વચ્ચે ગાડી રોકીને વાતચીત કરવી કે કોઈની રાહ જોવી એ પણ એમાં સામેલ છે.

આજકાલ આપણે પરેશાન છીએ કે આપણા ઘરોમાં તો અખ્લાક઼નો (સભ્યતાનો) ખયાલ રાખીને વાતચીત કરવામાં આવે છે તો પછી આ નાના બાળકો ક્યાંથી ગાળો તથા સભ્યતાથી ફેંકાય ગયેલી વાતો શીખીને આવે છે ? જો એનું નિરીક્ષણ કરવામાં આવે તો અંદાજો થશે કે બાળકો બહારથી એ સર્વ કાંઈ શીખીને આવે છે. એના અનુસંધાનમાં સૌથી મહત્વની વાત બજારોમાં મૌજૂદ દુકાનદારોનું વલણ છે. મોટાભાગે તેમની વાતચીત સભ્યતાથી વિમુખ હોય

છે. તેઓ એ ચીજનો ખયાલ નથી રાખતા. એટલે સુધી કે બજારૂ ભાષાનો મુહાવરો સામાન્ય થઈ ગયો છે. જેથી જે શખ્સ પણ રસ્તામાં બેઠો છે અથવા દુકાનો આગળ ખુરશીઓ લગાડીને બેઠો છે તો તેણે જોઈએ કે પોતાની વાતચીતમાં અખ્લાકિયાત (સંસ્કાર તથા સભ્યતા)નો ખયાલ રાખે જેથી અખ્લાક વિરુદ્ધની વાતચીત ન થવા પામે અને બાળકોની આદતો પર પણ એની અસર ન પડે.

### ★ નજરોની હિફાઝત ★

રસ્તાનો સૌ પ્રથમ હક્ક છે કે ત્યાં બેસનારો પોતાની નજરોની હિફાઝત કરે કેમ કે ત્યાંથી પસાર થનારાઓમાં સ્ત્રીઓ પણ સામેલ હશે એટલા માટે માણસ ત્યાં બેસીને દરેકને ઘૂરતો ન રહે, ખાસ કરીને સ્ત્રીઓને ન તાકે. એક તો એટલા માટે કે એ શરીઅતની વિરુદ્ધ છે. બીજુ એ કે એમાં સંસ્કારિક ખરાબી પણ છે. હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી **અચાનક** (પર સ્ત્રી પર) **નજર પડી જવા વિશે પૂછયું** તો નબી કરીમ صلی اللہ علیہ وسلمએ મને હુકમ આપ્યો કે, **હું પોતાની નજર ફેરવી લઉં.** *(મુસ્લિમ–૨૧૫૯)*

એમાં કેવળ તે લોકો જ સામેલ નથી જે બહાર રસ્તાઓ પરથી પસાર થઈ રહ્યા હોય બલ્કે એમાં તે લોકો પણ સામેલ છે જેઓ કોઈ કારોબારી સંસ્થામાં કામ કરે છે અથવા કોઈ કામ અર્થે એમને ત્યાં જવાનું થાય છે. અને એ જ રીતે તે લોકો પણ આ હુકમમાં સામેલ છે જેઓ કોઈ મિશ્રશાળા કે કોલેજમાં શિક્ષણ મેળવી રહ્યા છે અને તેમનો સામનો ગૈર મેહરમ સ્ત્રીઓ સાથે થાય છે.

### ★ તકલીફદાયક ચીજોને હટાવવી ★

એ જ પ્રમાણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો : ઈમાનના ૭૦ તથા અન્ય અમુક વિભાગો છે. અથવા ફર્માવ્યું : સાઈઠ તથા અન્ય કેટલાક વિભાગો છે. તો એમાં સૌથી અફઝલ લાઈલાહ ઈલ્લલ્લાહ અને સૌથી અદના રસ્તેથી તકલીફ આપનાર ચીજને દૂર કરવી છે, અને હયા (શરમ) ઈમાનનો ભાગ છે. *(મુસ્લિમ)*

એટલે કે ઈમાન અસલમાં અમલો તથા મામલાઓ સુધીનું નામ છે. કોઈ એક ભાગને ઈમાન નથી કહેતા, બલ્કે સર્વ ભાગો મળીને ઈમાનની પરિપૂર્ણતા કરે છે. આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે રસ્તામાંથી કોઈ તકલીફ આપનારી ચીજને હટાવવી સવાબનું કામ છે. અને એના માટે જરૂરી નથી કે કોઈ બહુ મોટી ચીજ તમે દૂર કરી આપો, ત્યાં સુધી કે તકલીફ આપનાર એક કાંટો, કોઈ ઈંટનો ટુકડો પણ જો કોઈએ હટાવ્યો તો તેના માટે પણ તેને બદલો મળશે.

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એક માણસ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો, એવામાં **તેણે એક કાંટો જોયો અને તેને રસ્તામાંથી હટાવી આપ્યો.** તો આ અમલ પર **અલ્લાહે તેની કદરદાની કરી અને તેને બખ્શી આપ્યો.** (બુખારી–૨૪૭૨)

એ શખ્સને અલ્લાહે એટલા માટે માફ કરી આપ્યો કે તેના અમલનો ફાયદો અન્ય લોકોને પહોંચી રહ્યો હતો, અને એના કારણે અલ્લાહ તઆલાએ તેને જન્નતમાં દાખલ કરી આપ્યો, એ જ પ્રમાણે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે : રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, માણસના દરેક સાંધા માટે સદકો છે. *(બુખારી–૨૯૮૯)*

તકલીફ આપનારી તે સર્વ ચીજો છે જે ત્યાંથી પસાર થનારાઓના માટે તકલીફનો સબબ બને. એમાંથી વિના કારણે બેરીઅર (Barrier, આડસ) લગાડવી પણ સામેલ છે. જે વ્યક્તિ આ પ્રકારની આડસને હટાવવાની કોશિશ કરે છે તો એને બદલો મળશે અને તે જન્નતનો મુસ્તહિક પણ બનશે.

રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, એક શખ્સે રસ્તેથી કાંટો હટાવ્યો, જેણે કદી નેક કામ ન કર્યું હતું. અથવા રસ્તામાં (રુકાવટ થનારુ) ઝાડ પડયું હતું જેને તેણે કાપીને ઉખેડી નાખ્યું. તો એના અમલની અલ્લાહે કદરદાની કરી અને તેને જન્નતમાં

દાખલ કરી આપ્યો. *(સુનને અબૂ દાઊદ, ૫૨૪૫)*

**★ રસ્તામાં તકલીફ ઉભી કરનાર ચીજો ★**

હદીષના શબ્દો كَفُّ الْأَذَىٰ એક સમૃદ્ધ શબ્દ છે. એમાં દરેક પ્રકારની દુનિયાવી તકલીફો આપવું સામેલ છે. ચાહે તે આપણા અમલ (વર્તાવ)ને કારણે હોય અથવા આપણી વાણી અથવા ઈશારાઓના કારણે હોય. ત્યાં સુધી કે કેવળ નજરો વડે પણ કોઈને તકલીફ આપવું સામેલ છે. જે ચીજો રસ્તામાં તકલીફનો સબબ બને છે તે નીચે પ્રમાણે છે :–

**★ પ્રોગ્રામોનું આયોજન ★**

કપડાની આડો લગાડીને રસ્તો બંધ કરવું પણ તકલીફ આપવામાં સામેલ છે. અલ્બત્ત એવી જગાએ કપડાની આડ કે મંડપ લગાડવો જ્યાં લોકોને કોઈ વાંધો ન હોય તો એની ગુંજાઈશ થઈ શકે છે. એમાં દરેક પ્રકારના પ્રોગ્રામો સામેલ છે, ચાહે તે શાદીઓ હોય કે ધાર્મિક પ્રકારના પ્રોગ્રામો હોય, જો એનાથી લોકોને તકલીફ થઈ રહી છે તો રસ્તો બંધ કરીને આ પ્રોગ્રામોનું આયોજન કરવું શરીઅતની દૃષ્ટિએ નાપસંદીદા કામ છે.

**★ નજરો વડે તકલીફ આપવી ★**

તકલીફ આપવામાં આ ચીજ પણ સામેલ છે કે કોઈ શખ્સ ત્યાંથી સામાન લઈને જઈ રહ્યો હોય અને રસ્તામાં બેઠેલો શખ્સ તેના સામાન પર નજરો જમાવી બેસી જાય, તાક ઝાંક કરે કે આ શું લઈ જઈ રહ્યો છે.

**★ ખાવાની ચીજો રસ્તામાં ફેંકવી ★**

તકલીફ આપનાર ચીજ રસ્તાથી હટાવવી મુરાદ કેળાની છાલ રસ્તામાં ન ફેંકવામાં આવે, પાણી તથા કોલ્ડ ડ્રિન્કની બોટલો રસ્તામાં ન ફેંકવામાં આવે, અને એ પ્રકારની જે પણ ચીજો તકલીફનો સબબ બને તેનાથી બચવામાં આવે.

**★ રસ્તામાં ખોદકામ કરવું ★**

એ વાત પણ ઈજાકારક છે કે રસ્તા વચ્ચે કોઈ શખ્સ પોતાના મક઼સદને ખાતર ખાડો વગેરે ખોદે અને પછી તેને યોગ્ય રીતે સપાટ કરીને બંધ ન કરે. એમાં વ્યક્તિગત રીતે પણ લોકો સામેલ છે અને સંસ્થાઓ પણ સામેલ છે. દા.ત. કેટલીક સંસ્થાઓ જેમ કે, બી.એસ.એન.એલ., ગેસ કંપીનીઓ કે પાણીની લાઈન નાખનારા વગેરે પોતાના ગ્રાહકોને સહૂલતો પૂરી પાડવા ખાતર રોડ પર ખોદકામ કરી નાખે છે પણ યોગ્ય રીતે તેને બંધ નથી કરતા. જેથી તેમણે જોઈએ કે સહૂલત પૂરી પાડયા પછી તેમને તકલીફમાં ન નાખે બલ્કે એ રસ્તાને સારી રીતે બંધ કરી આપે.

**★ પાણીની ટાંકી બનાવવી કે મૂકવી ★**

આજકાલ મુસાફરો માટે રસ્તાઓમાં ઠેર ઠેર પાણીની ટાંકીઓ રાખવામાં આવે છે જે એક સુવિચાર તથા સવાબનું કામ છે. પરંતુ એમાં પણ એ વાતનો ખયાલ રાખવો બેહદ જરૂરી છે કે એ કોઈ એવી જગાએ ન હોય કે એના કારણે રસ્તામાં કાદવ કીચડ થાય અને ત્યાંથી પસાર થનારાઓને પરેશાની વેઠવી પડે.

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہથી રિવાયત છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : એક શખ્સ રસ્તેથી પસાર થઈ રહ્યો હતો એવામાં તેને તરસ લાગી તો ત્યાં તેણે એક કૂવો જોયો. પછી તે તેમાં ઉતર્યો અને તરસ બુઝાવીને તૃપ્ત થઈને બહાર નીકળ્યો, તો ત્યાં તેણે એક કૂતરો જોયો જે તરસની તકલીફને કારણે માટી ચાટી રહ્યો હતો. તેણે વિચાર્યું કે આને પણ એટલી જ તરસ લાગી છે જેટલી થોડીવાર પહેલાં મને લાગી હતી. પછી તે કૂવામાં ઉતર્યો અને પોતાનો મોજો પાણીથી ભર્યો અને કૂતરાને પીવડાવી દીધું. અલ્લાહે તેની ક઼દરદાની કરી અને તેની બખ્શિશ ફર્માવી આપી. સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ જાનવરોમાં પણ અમારા માટે સવાબ છે ?! આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, દરેક જાનદાર જિગરવાળા માટે સવાબ છે. *(બુખારી–૨૪૬૬)*

ઈમામ બુખારીએ આ હદીષનું ટાઈટલ بَابُ فِی الْآبَارِ عَلَی الطُّرُقِ اِذَا لَمْ یَتَأَذَّبِهَا બાંધ્યું છે

એટલે કે "રસ્તામાં કૂવો બનાવવાનો હુકમ જ્યારે એનાથી કોઈને તકલીફ ન પહોંચે." એનો મતલબ એ છે કે પાણી પીવડાવવું ઘણુ અજરો સવાબનું કામ છે, છતાં એ વાતનો ખયાલ રાખવો જોઈએ કે એનાથી કોઈને તકલીફ ન થાય ન એના કારણે રસ્તો સાંકડો થાય અને ન રસ્તામાં કીચડ તથા ગંદકી પેદા થાય.

### ★ ઓવરટેકિંગ (Overtaking) ★

ગાડી ચલાવતી વખતે બેઢંગા અંદાજમાં ઓવરટેકિંગ કરીને કોઈને પરેશાનીમાં નાખવો પણ તકલીફ આપવું છે. અલ્બત્ત જો ઓવરટેક કરવાના કાયદાઓનો લેહાઝ રાખવામાં આવે અને જ્યાં કાનૂનની ઈજાઝત આપે તો પછી ત્યાં તેની મનાઈ નથી. દા.ત. જ્યાં સુધી સલામત તરીકાથી તમો એવું ન કરી શકતા હોવ ત્યાં સુધી ઓવરટેક ન કરો. આઈનાઓનો ઉપયોગ કરો અને બહારની તરફ નીકળતા પહેલાં સિગ્નલ ચાલુ કરો. રાતમાં તથા ઓછા ઉજાસમાં જ્યારે ગાડીઓની સ્પીડનું અનુમાન મુશ્કેલ હોય છે એવા સમયે ઓવરટેક કરતી વેળા અધિક સાવધાની રાખો.

### ★ સિગ્નલની વિરુદ્ધ વર્તાવ ★

કે એમાં બીજી તરફથી આવનાર સવારી માટે પરેશાનીમાં પડવાની સંભાવના રહે છે. એવી ચોકડી પર જ્યાં સિગ્નલ વડે ટ્રાફિક કન્ટ્રોલ કરવામાં આવે છે, ત્યાં લાલ લાઈટ સળગતાં જરૂરી છે કે તમે રોડની આરપાર બનાવેલ સફેદ પટ્ટાની પાછળ લીલી બત્તી થતાં સુધી ઉભા રહો. એ જ પ્રમાણે ધુમાડો છોડતી ગાડીઓના કારણે રસ્તેથી પસાર થતા મુસાફિર પરેશાનીમાં પડે છે એના કારણે લોકોને શ્વાસની તકલીફ થાય છે અને સામે કશુ દેખાતું પણ નથી, એટલા માટે એ ચીજો પણ મના છે.

### ★ હોર્ન તથા સંગીતના સાધોનોનો ઉપયોગ ★

એ જ પ્રમાણે كَفُّ الْاَذٰى માં આ ચીજ પણ સામેલ છે કે કોઈએ પોતાની ગાડીમાં તીવ્ર અવાજવાળો પ્રેશર હોર્ન લગાડયો હોય અને તેને વગાડતો રહીને પસાર થાય અથવા સાયલન્સર વિનાની ગાડીમાં મુસાફરી કરે જેના અવાજના કારણે લોકોને તકલીફ થાય, એ જ પ્રમાણે તીવ્ર અવાજમાં ગાડીનું સાઉન્ડ ચલાવે, એમાં નીચે જણાવેલ વાતોનો ખયાલ રાખવો પણ જરૂરી છે :–

જ્યારે આપની ગાડી ચાલી રહી હોય ત્યારે હોર્નનો કેવળ એ જ સમયે ઉપયોગ કરો જ્યારે આપ અન્ય રોડ પર રહેલા લોકોને પોતાની હાજરીના બારામાં સાવધાન કરવા ચાહતા હોવ. અને કદી પણ હોર્નને ગુસ્સામાં ન વગાડો. પબ્લિક ટ્રાન્સપોર્ટ અને માલ લોડિંગ કરતી ગાડીઓમાં સંગીતના સાધનો દા.ત. રેડિયો, ટેપ રેકોર્ડર અથવા મોનોગ્રામ વગેરેનો ઉપયોગ મના છે.

એ બાબત પણ ધ્યાનમાં રાખશો કે એમાં કેવળ મનોરંજન, ખેલકૂદનું સંગીત જ મના નથી બલ્કે તીવ્ર અવાજમાં તિલાવત અથવા નઅત વગેરે સાંભળવું પણ મના છે. કેમ કે એનાથી પણ લોકો દિમાગી રીતે અસર પામે છે કે કોઈ કયા કામમાં વ્યસ્ત હોય, કોઈ બીમાર હોય અથવા કોઈ નમાઝ પઢી રહ્યું હોય તો તેમના એ કામોમાં ખલેલ પડે છે.

### ★ ગલત પાર્કિંગ ★

ગાડીને ખોટી જગ્યાએ ઉભી કરી દેવી પણ કોઈને તકલીફ આપવામાં ગણાય છે. એમાં એવું થાય છે કે એક વ્યક્તિ કોઈ ગલત જગાએ ગાડી પાર્ક કરે છે તો બાદમાં ત્યાં તેનું અનુસરણ કરતાં અન્ય ગાડીવાળાઓ પણ ગાડી પાર્ક કરે છે અને ગાડીઓની લાઈન લાગી જાય છે, જેના કારણે લોકોનો સમય પણ બર્બાદ થાય છે અને આવજામાં પરેશાની પણ થાય છે. ત્યાં સુધી કે જ્યાં ગાડી પાર્ક કરવું મના હોય છે ત્યાં પણ ગાડી પાર્ક કરવાનું લોકો નથી ચૂકતા અને કાયદા વિરુદ્ધ કામ કરવામાં પણ સપડાય છે. આ શરીઅતની રૂએ નાપસંદીદા અમલ છે કે વ્યવસ્થા જાળવવા તથા લોકોની ભલાઈના માટે કોઈ કાનૂન બનાવવામાં આવે અને એના વિરુદ્ધ વર્તીને લોકોને

પરેશાનીમાં નાખવામાં આવે. ક્યાંક ક્યાંક એવું પણ થાય છે કે જેમની જિમ્મેદારી હોય છે કે તે લોકોને ગલત પાર્કિંગથી રોકે ઉલ્ટા તેઓ જ પબ્લિક ટ્રાન્સપોર્ટ ચલાવનારાઓની ગલત સ્થળોએ ઉભા રહેવાની આગેવાની કરી રહ્યા હોય છે. જેથી ટ્રાફિક પોલીસની કંટ્રોલ ઓફિસે પણ એનું નિરીક્ષણ કરવું જોઈએ અને સખ્તીપૂર્વક એને રોકવું જોઈએ જેથી લોકો એ સંસ્થા પર ભરોસો કરી શકે અને એમના બનાવેલા કાનૂનો પર સારી રીતે અમલ કરે.

### ★ બેપરવાહીથી ગાડી ચલાવવી ★

મદમસ્ત બની બેપરવાહીથી ડ્રાયવિંગ ન કરો. જો કોઈ અન્ય ડ્રાયવર સમસ્યા ખડી કરી રહ્યો હોય તો દરગુઝર કરો અને તેની સાથે ન ઉલઝો. જો તમને ગુસ્સો આવી જાય તો ગાડી ઉભી રાખી દો અને દિલો દિમાગને સંપૂર્ણ સ્વસ્થ શાંત થવા દો. રહેઠાણ વિસ્તારોની સાંકડી સડકો જેમાં ગાડીઓ ઉભી રહેતી હોય છે ત્યાં સામાન્ય રીતે તમોએ ફાસ્ટ સ્પીડમાં ગાડી ચલાવવી ન જોઈએ.

### ★ જમીનનો હદોથી વધીને કબજો કરવો ★

પોતાના ઘરની હદોથી વધીને જમીન પર કબજો કરવો, દુકાનની આગળ કબજો કરવો, અથવા રસ્તામાં કોઈ ચીજ વેચવા માટે ઉભા થઈ જવું, આ સર્વ ચીજો એ કારણે મના છે કે એના કારણે રસ્તો સાંકડો થઈ જાય છે અને સડક પર આવજા તથા ટ્રાફિકના જવામાં તકલીફ ઉભી થાય છે. અમુક દુકાનદારો પોતાની દુકાનની આગળ કોઈ અન્યને પોતાનો સામાન વેચવા માટે ઉભો કરી આપે છે અને પછી તેની પાસેથી પૈસા પણ લે છે ! આ અમલ અધિક વધારે બુરો છે. એટલા માટે કે એક તો એવી જમીન પર કબજો કર્યો છે જે એની માલિકીમાં ન હતી અને વળી બુરા કામની સરપરસ્તી કરી જેથી રસ્તો તંગ થઈ ગયો. એના પર અધિક્તા એ કે પૈસા પણ વસૂલ કર્યા કે જે એનો હક્ક હતો જ નહીં. આ કેવળ વ્યક્તિગત કક્ષાની વાત નથી બલ્કે દિન પ્રતિ દિન ખબરો આવે છે કે ફલાણા વિસ્તારની પોલીસ અથવા કોઈ મોટો ઓફિસર નાજાઈઝ કામોની સરપરસ્તી કરી રહ્યો છે. જેથી વ્યક્તિગત કે સંયુક્ત રીતે સંસ્થાકિય કક્ષાએ આપણા રવૈયામાં તબદીલી લાવવાની જરૂરત છે.

### ★ પાણીનું નાળચુ સડક પર ફેંકવું ★

રસ્તાની તકલીફ આપનાર ચીજોમાંથી એક એ પણ છે કે તમે તમારા ઘરના કે વરસાદના પાણીની પાઈપ (નાળચુ) સડક પર પાણી પડે એવું રાખો જેના કારણે સડક પર પાણી તથા કીચડ જમા થાય છે અને લોકોને આવવા જવામાં પરેશાની વેઠવી પડે છે. એ ચીજ પણ મના છે. એ જ પ્રમાણે ઘરનો વરંડો તથા ગલી ધોઈને પાણી સડક પર કે ગલીમાં વહાવી દેવું જેનાથી આવતા જતા લોકોને તકલીફ થાય એ પણ યોગ્ય નથી.

આ સર્વ ચીજો કેવળ એ કારણે મના છે કે એના લીધે રસ્તો સાંકડો થઈ જાય છે અને લોકોને આવવા જવામાં તકલીફ થાય છે. સારાંશ કે રસ્તામાં કોઈને આપના કોઈ પણ કાર્યથી તકલીફ ન પહોંચે એ શરીઅતની ડિમાન્ડ છે. નબી કરીમ ﷺનો ઈર્શાદ છે : લોકોમાં બેહતરીન તે છે જે એમને ફાયદો પહોંચાડનારો હોય. *(મુસ્નદે શહાબ)* લોકોને તમારી જાતથી ફાયદો પહોંચે, કોઈને આપના કારણે નુકસાન કે પરેશાની ન થાય. આ જ વાતને લઈને હઝરત અબૂઝર رضی اللہ عنہએ નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને સવાલ કર્યો હતો, યા રસૂલલ્લાહ ! ﷺ આપનો શું ખયાલ છે જો હું કોઈ ભલાઈનું કામ કરવાથી લાચાર થઈ જાઉં ? આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : તમારા તરફની બુરાઈથી લોકોને બચાવેલા રાખો, તો એ તમારા તરફથી તમારી જાન પર સદકો છે. *(મુસ્લિમ-૧૧૯)*

તે શખ્સ જે લોકોના માટે મુસીબતનો સબબ બને છે અને તેની બુરાઈના કારણે લોકો તેનાથી મેલજોલ છોડી આપે તો કયામતના દિવસે અલ્લાહની નજીક તેનો સૌથી બદ્તરીન દરજો હશે. એમાં એ

ચીજ પણ સામેલ છે કે આપના વર્તાવના કારણે લોકો આપની ગલીમાં થઈને પસાર થવાનું છોડી આપે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **બેશક ! અલ્લાહની નજીક ક્યામતના દિવસે બદ્તરીન શખ્સ તે હશે જેની બુરાઈથી બચવા માટે લોકો એને મળવાનું ત્યજી આપે.** *(સુનને અબૂ દાઊદ)*

ઈસ્લામનું દષ્ટિબિંદુ એ છે કે વાણી તથા વર્તન તેમજ કોઈપણ અમલ થકી કોઈને તકલીફ ન પહોંચે, ચાહે તો શારીરિક તકલીફ હોય કે રૂહાની, ટેમ્પરરી હોય કે કાયમી, ડાયરેક્ટ રીતે હોય કે ઈન્ડાયરેક્ટ. હમેશાં તમારી જાતની અન્યોને ફાયદો પહોંચે. એક મોકા પર કેટલાક લોકો મજલિસમાં બેઠેલા હતા એવામાં રસૂલુલ્લાહ ﷺ તેમની પાસે ઉભા થઈ ગયા અને તેમને ફર્માવ્યું, શું હું તમારામાંથી બદતરીન તથા બેહતરીન શખ્સનું નામ બતાવું ? રાવી કહે છે કે આ સાંભળીને તે લોકો ચૂપ રહ્યા. આપે ત્રણવાર આ વાત પૂછી તો એક શખ્સે કહ્યું કે કેમ નહીં ! યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી બદતરીન તથા બેહતરીન શખ્સોનો નિર્દેશ ફર્માવો. આપ ﷺએ ફર્માવ્યું, **તમારામાંથી બેહતરીન તે છે જેનાથી ભલાઈની ઉમ્મીદ હોય અને જેની બુરાઈથી લોકો મેહફૂઝ હોય. અને તમારામાંથી બદતરીન તે છે જેનાથી ભલાઈની જરા પણ ઉમ્મીદ ન હોય અને તેની બુરાઈથી પણ હિફાઝત ન થાય.**

### ★ સલામનો જવાબ આપવો ★

ઈસ્લામનો પાયો અને તેની ઓળખ અમ્નો સલામતી છે. તેના પ્રદર્શન માટે પોતાના અનુયાયીયોથી તેની ડિમાન્ડ છે કે સલામને ફેલાવો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺને પૂછયું, ઈસ્લામમાં બેહતરીન અમલ કયો છે ? આપે ફર્માવ્યું, ખાવા ખવડાવવું અને જેને ઓળખતા હોવ કે ન ઓળખતા હોવ તેને સલામ કરવી. *(બુખારી શરીફ)*

સલામ કરવાના કારણે સામેવાળાને એક પ્રકારનું ઈત્મિનાન થઈ જાય છે કે આ શખ્સથી મને કોઈ ખતરો નથી. સલામનો જવાબ આપવું પણ રસ્તાના હક્કોમાંથી એક હક્ક છે. નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, "અને જેની સાથે મુલાકાત થાય તેને સલામ કરવી સદકો છે." *(સુનને અબૂ દાઊદ)* ખુદ કુર્આને મજીદમાં હુકમ આપવામાં આવ્યો છે કે સલામનો એનાથી સારા તરીકાથી અથવા એની જેમ જ (જેવી રીતે કોઈકે સલામ કરી) જવાબ આપો. ફર્માવ્યું : **"અને જ્યારે તમને સલામ કરવામાં આવે તો તેનાથી સારા અંદાજમાં એનો જવાબ આપો અથવા એ જ પ્રમાણે પલટાવી દો. બેશક ! અલ્લાહ દરેક ચીજનો હિસાબ લેનાર છે."** *(સૂ. નિસાઅ, ૪/૮૬)*

હદીષમાં આવે છે કે જે જેટલા સારા તરીકાથી સલામ કરે છે તેને એટલો જ અજ્ર (સવાબ) મળે છે.

હઝરત ઈમરાન બિન હુસૈનથી રિવાયત છે કે એક શખ્સ નબી ﷺની પાસે આવ્યો, અને તેણે "અસ્સલામુ અલૈકુમ" કહ્યું. આપે એના સલામનો જવાબ આપ્યો, અને તે શખ્સ બેસી ગયો. ત્યારબાદ આપે ફર્માવ્યું ૧૦ નેકી. પછી એક બીજો શખ્સ આવ્યો, "અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહ" કહ્યું અને બેસી ગયો. આપે તેના પણ સલામનો જવાબ આપ્યો અને ફર્માવ્યું, ૨૦ નેકી. પછી એક ત્રીજો શખ્સ આવ્યો અને તેણે "અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ" કહ્યું અને બેસી ગયો. તેના પણ સલામનો જવાબ આપ્યા બાદ આપે ફર્માવ્યું, ૩૦ નેકી. *(સુનને અબૂ દાઊદ)*

રસ્તામાં વિવિધ પ્રકારના લોકો હોય છે, કોઈ પગપાળા હોય છે તો કોઈ ગાડીમાં સવાર હોય છે, કોઈ બેઠેલો હોય છે તો કોઈ પસાર થનારો હોય છે હવે એમાં વિવિધ હુકમો છે કે કોણ કોને સલામ કરે. એના હુકમો પણ ઈસ્લામી તાલીમાતમાંથી મળે છે. રસૂલે અકરમ ﷺએ ફમાવ્યું : સવાર પગપાળા ચાલનારને સલામ કરે, પગપાળા ચાલનારો બેઠેલાને અને ઓછા લોકો વધારે લોકોને સલામ કરે. *(બુખારી)*

આજ કાલ સલામ ન કરવાનો એવો રિવાજ

થઈ ગયો છે કે રસ્તે ચાલતાં કોઈ કોઈકને સલામ કરે તો તે શખ્સ પરેશાન થઈ જાય છે કે મને કોણે સલામ કરી દીધી ?! એટલા માટે સલામને આમ કરવાની (ફેલાવવાની) જરૂરત છે. નબી અકરમ ﷺની હદીષની રૂએ જન્નતમાં લઈ જનારા અમલોમાંથી એક મહત્વનો અમલ આપસમાં સલામને ફેવાવવું પણ છે.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમો જન્નતમાં હરગિઝ દાખલ નથી થઈ શક્તા ત્યાં સુધી કે ઈમાન ન લઈ આવો. અને તમે ત્યાં સુધી મો'મિન નથી થઈ શક્તા જ્યાં સુધી એકબીજા સાથે મહોબ્બત ન કરો. શું હું તમને એક એવી ચીજના વિશે ન બતાવું કે તમે એને અપનાવી લો તો એકબીજાથી મહોબ્બત કરવા લાગો ? આપસમાં સલામને ફેલાવો. *(મુસ્લિમ)*

યાદ રાખશો કે કેટલાક લોકો હાથ મિલાવવાને દુરુસ્ત નથી સમજતા ! હાથ મિલાવવા જરૂરી નથી પણ સુન્નતે રસૂલ છે અને એના ફાયદા પણ છે.

હઝરત બરાઅ્થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"કોઈ પણ બે મુસલમાન આપસમાં મળે છે અને મુસાફો કરે છે તો એમના અલગ થતા પહેલાં તેમની બખ્શિશ કરી દેવામાં આવે છે."** *(સુનને અબૂ દાઊદ)*

### ★ અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ્ મુન્કર (સારી વાતનો હુકમ આપવો, બુરી વાતોથી રોકવું) ★

રસ્તાનો એક હક્ક્ એ પણ છે કે જે શખ્સ ત્યાં શરીઅત વિરૂધ્ધ કામ થતુ જુએ તો તેને પોતાની શક્તિ અનુસાર રોકે, અને એ જ પ્રમાણે એ અચ્છાઈનો હુકમ આપવાનો ફરીઝો અદા કરે. મુસલમાન પર જેવી રીતે નમાઝ, રોઝા, ઝકાત ફર્ઝ છે તો સારી વાતોનો હુકમ આપવું અને બુરી વાતોથી રોકવું એ પણ એક મહત્વનો ફરીઝો છે. આ ફરીઝાને અદા કરવાના વિવિધ દરજાઓ છે. કેવળ કુવ્વત તથા ઈક્તેદાર (શક્તિ તથા સત્તા)વાળા જ એમાં સામેલ નથી. હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જે તમારામાંથી 'મુન્કર' થતુ જુએ તો તેણે જોઈએ કે તેને હાથ વડે રોકે. જો તેની શક્તિ ન હોય તો પોતાની જીભ વડે રોકે. **જો તેની પણ શક્તિ ન હોય તો પોતાના દિલમાં એને બુરુ કહે, અને આ ઈમાનનો સૌથી અદના દરજા છે"** *(મુસ્લિમ)*

આ હદીષના શબ્દોથી જાણવા મળે છે કે આ ફરીઝો દરેક મુસલમાન પર લાઝિમ છે. આ કેવળ સત્તાધારીના જિમ્મેદારોની જિમ્મેદારી નથી. એ જ પ્રમાણે આ ફરીઝાની અદાયગીની કાર્ય પધ્ધતિઓ પણ વિવિધ છે કેવળ એક જ કાર્યપ્રણાલિ ઘડવામાં નથી આવી. અલ્બત્ત ફઝીલતના આધારે વિવિધ દરજાઓ છે. **સૌથી ઉચ્ચ દરજો બુરાઈને હાથ વડે રોકવું છે. ત્યારબાદ જીભ વડે એની વિરૂધ્ધ જેહાદ કરવાનો દરજો છે, અને છેવટમાં દિલમાં એને (બુરા કામને) બુરુ જાણવાનો દરજો છે.** એ જ પ્રમાણે 'મુન્કર'ના હવાલાથી યાદ રાખશો કે એનાથી મુરાદ કોઈ માણસની તબીઅત જેની તરફ નથી વળતી તે, અથવા કોઈ ફિક્હી વિવાદાસ્મદ મસ્અલો મુરાદ નથી, બલ્કે શરીઅતની રૂએ જે કામ નાજાઈઝ છે તે મુરાદ છે. જો કોઈ માર્ગમાં જુએ છે કે એક શખ્સ બીજા પર જુલ્મ કરી રહ્યો છે તો તે ધ્યાન આપ્યા વિના ત્યાંથી પસાર ન થઈ જાય, બલ્કે જબરદસ્તી કરનારને એનાથી રોકે, આ રસ્તાના હક્કોમાંથી છે.

### ★ કઝાએ હાજત (સંડાસ કરવાની) મનાઈ ★

રસ્તાના હક્કોમાંથી એક એ પણ છે કે કોઈ પણ કઝાએ હાજત રસ્તામાં ન કરે, કેમ કે રસ્તેથી પસાર થવાનો હક્ક્ સર્વ લોકોનો છે એટલા માટે કોઈના માટે પણ એ જાઈઝ નથી કે તે રસ્તા તથા બસ સ્ટોપ (જે મુસાફરો માટે બનાવવામાં આવે છે)માં કઝાએ હાજત કરીને મુસાફરોને પરેશાની તથા તકલીફમાં નાખે. હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું,

**"લઅનત કરવામાં આવેલા લોકોથી બચો !"** સહાબાએ કિરામે અર્ઝ કરી, "યા રસૂલુલ્લાહ ! ﷺએ કોણ લોકો છે ? ફર્માવ્યું, **"જે લોકોના રસ્તા અથવા એમના છાંયડાની જગાએ ક઼ઝાએ હાજત કરે છે."** *(મુસ્લિમ)*

યાદ રાખશો કે રસ્તાને ગંદો કરવાના બારામાં એ ચીજ પણ સામેલ છે કે રસ્તામાં કચરો પુંજો, ગંદકી અને એ પ્રકારની અન્ય ચીજો નાખવામાં આવે. એ જ પ્રમાણે રાહ જોવાના સ્થળે થૂકવું અથવા સંસ્થા કે કચેરીના અંદરના રસ્તાઓમાં થૂંકવું, માવા મસાલા ખાઈને બિલ્ડિંગની દિવાલો, પગથિયાં વગેરે પર થૂકીને ગંદકી કરવી એ ચીજ પણ ગંદકી ફેલાવવાના વર્તુળમાં આવે છે.

રસ્તાઓને સાફ સુથરા રાખવા બાબતે વ્યક્તિગત રીતે તથા સંસ્થાઓ ઓફિસોની કક્ષાએ કામ કરવાવાળા લોકો પણ સામેલ છે. મ્યુનિસિપાલિટીનું કામ છે કે સડકો અને ગલીઓની સફાઈ રાખે અને ગટર યોજનાની વ્યવસ્થાને બેહતર બનાવવાના માટે નાલીઓની સફાઈ કરે. ઈલ્લા માશાઅલ્લાહ ! ક્યાંક ક્યાંક આ વ્યવસ્થા સહીહ હોય તો હોય, સર્વાંશે જ્યાં એઓ સફાઈ કરે છે તો સર્વ ગંદકી રોડ પર બહાર નાખી દે છે અને ગંદકીને ત્યાંથી ઉઠાવવાની કોઈ પાકી વ્યવસ્થા નથી હોતી. જેથી આ સંસ્થાઓએ પણ આ બાબતે પોતાની કાર્યવાહી પૂર્ણ કરવી જોઈએ.

### ★ રસ્તો ભૂલનારાને રસ્તો બતાવવો ★

રસ્તાનો એક હક્ક઼ એ પણ છે કે કોઈ શખ્સ રસ્તો ભૂલી જાય તો એને સહી રસ્તા તરફ માર્ગદર્શન કરવું. એમાં કોઈ અંધને રસ્તો બતાવવું પણ સામેલ છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે "જેણે દૂધ દોહવા માટે જાનવર ભેટ રૂપે કોઈને આપ્યું અથવા **કોઈને રસ્તો બતાવ્યો એના માટે એક ગુલામ આઝાદ કરવાનો અજર છે"** *(તિર્મિઝી)*

ઈમામ તિર્મિઝીએ તેના ખુલાસામાં લખ્યું છે : આપ ﷺનો કૌલ أَوْ هَدَى زُقَاقًاથી મુરાદ રસ્તો બતાવવું છે એટલે કે રસ્તાનું માર્ગદર્શન કરવું.

કેટલાક લોકોની આદત હોય છે કે કોઈ રસ્તો પૂછે તો તેને સાચો રસ્તો નથી બતાવતા, આ તદ્દન અયોગ્ય અમલ છે. એક હદીષમાં તો અલ્લાહના રસૂલ ﷺએ રસ્તો બતાવવાને સદક઼ાઓમાં ગણાવેલ છે.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **"રસ્તો બતાવવું પણ સદક઼ો છે.** *(બુખારી)*

### ★ સવારી (ગાડી) પર બેસાડવું અથવા સામાન ઉઠાવવામાં મદદ કરવી ★

રસ્તેથી પસાર થતાં જો કોઈ વૃધ્ધ ગાડી પર સવાર ન થઈ શકે અથવા કોઈ અન્ય હોય જેને ગાડી કે બસમાં સવાર થવામાં તકલીફ પડતી હોય તો તેને સવાર થવામાં મદદ કરવી, અને એ જ પ્રમાણે કોઈનો સામાન ઉઠાવવામાં મદદ કરવી પણ રસ્તાના હક્ક઼માંથી છે. નબી અકરમ ﷺએ એને સદક઼ાઓમાં ગણેલ છે.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : દરેક સાંધા (જોળ)ના બદલામાં દરરોજ સદક઼ો છે. માણસને સવારી પર સવાર થવામાં મદદ કરવી, અથવા એનો સામાન સવારી સુધી ઉઠાવવામાં મદદ કરવી પણ સદક઼ો છે. *(બુખારી)*

આપણે જોવું જોઈએ તથા પરખવું જોઈએ કે આપણે પોતે ક્યાં સુધી રસ્તાના હક્ક઼ અદા કરીએ છીએ. જો રસ્તાથી જતી વેળા જો કોઈ આ નાની નાની વાતોનો ખયાલ રાખીને એના પર અમલ કરે તો યક઼ીનન ! તેની પોતાની જિંદગી પણ ખુશગવાર અને તે લોકો પણ ખુશ તથા ખુર્રમ થશે જેમને આ શખ્સની નેકીના કારણે પરેશાનીથી નજાત મળી જશે. આ રીતે એકબીજાનો ખયાલ રાખવાની ભાવના પેદા થશે અને સમાજમાં સુકૂન તથા ઈત્મિનાન અને મહોબ્બત તથા ભાઈચારાનું વાતાવરણ સ્થાપિત થશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૬,*
*અઝ : મુહમ્મદ ઉવૈસ બરકાતી)*

# નિરર્થક લકબો અને પોકળ નારાઓથી બચો !

## ❐ સુન્નિયતને ખોખલા નારાઓની નહીં પુખ્તા કિરદારની જરૂરત ❐

**અઝ : મૌલાના ઈશ્તિયાક અહમદ કાદરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

જૂઠ ભલે દિલ ખુશ કરવા અથવા મજાક મસ્તી માટે હોય, ભલે કોઈની પ્રશંસા માટે હોય અથવા બાળકોને બેહલાવવા માટે હોય, જૂઠ દરેક સ્થિતિમાં જૂઠ છે, જે નાજાઈઝ અને ગુનોહ છે. સરકાર ﷺએ ફર્માવ્યું : "હલાકત છે તે શખ્સ માટે જે વાત કરે છે તો લોકોને હસાવવા માટે જૂઠ બોલે છે."

### ★ બાળકને બેહલાવવા કે મજાકમાં પણ જૂઠુ ન બોલો ! ★

અવામ તો અવામ આજે આપણા અમુક જિમ્મેદાર મુકર્રિરોની આદત બનતી જાય છે કે લોકોને હસાવવા માટે મનઘડત કિસ્સા અને જોક સંભળાવે છે. તેમણે આ હદીષે પાકથી બોધ લેવો જોઈએ કે "બંદો જ્યારે વાત કરે છે અને કેવળ એટલા માટે કરે છે કે લોકોને હસાવે, તેના કારણથી દોઝખના એટલા ઊંડાણમાં પડી જાય છે જે જમીન અને આસ્માન વચ્ચેના ગાળાથી અધિક છે."

હઝરત અબ્દુલ્લાહ બિન આમિર رضی اللہ عنہ ફર્માવે છે કે મારો બે વરસનો બાળક બહાર રમવા માટે જઈ રહ્યો હતો. મેં કહ્યું, ન જા ! હું તમે કંઈક ખાવાનું આપીશ. હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે : તે સમયે સરકાર ﷺ અમારા ઘરે હતા. આપે ફર્માવ્યું : તમે તે બાળકને શું આપશો ? મેં કહ્યું : હું તેને ખજૂર આપીશ. આપે ફર્માવ્યું : જો તમે તેને કાંઈ ન આપતા તો આ તમારુ જૂઠ લખવામાં આવતું.

### ★ કોઈની પ્રશંસામાં જૂઠ તે પણ ધાર્મિક સ્ટેજ પરથી ?! ★

વિચારો ! આજે આપણે બાળકોને બેહલાવવા માટે કેવુ કેવુ જૂઠુ બોલીએ છીએ અને આપણને જૂઠુ બોલીએ છીએ તેના એહસાસ પણ નથી થતો. પ્રશંસા અને ગુણગાનના બજારની સૈર કરીએ તો જોવા મળ શે કે જેની પ્રશંસા થઈ રહી છે તેના વિશે એવી હકીકત વિરૂધ્ધ વાતો કરવામાં આવે છે અને એટલા પ્રમાણમાં અતિશયોક્તિ કરવામાં આવે છે, એવા લકબોથી નવાજવામાં આવે છે કે જૂઠ પણ શરમાય જાય ! અને આ ભયાનક બીમારી આજે આપણા ધાર્મિક સ્ટેજો સુધી પહોંચી ગઈ છે ! જ્યારે કે હુઝૂર ﷺ ફર્માવે છે : "જેણે મખ્લૂકની પ્રશંસામાં અતિશયોક્તિ કરી કયામતના દિવસે તેની જીભ એટલી લાંબી હશે કે જમીનથી અડી જશે અને તે તેને કચડતો પડી જશે."

આપણા આકા રહમતે આલમ ﷺ જેમના વિશે હઝરત શેખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*લા યુમ્કિનુષ્ષનાઉ કમા કાન હક્કુહૂ*
*બાદ અઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર*

(ભાવાર્થ) યા રસૂલુલ્લાહ ! ﷺ આપની પ્રશંસાનો જે હક છે તે પ્રમાણે આપની પ્રશંસા કરવી અશક્ય છે. સારાંશ એ કે આપ અલ્લાહ તઆલા પછી સૌથી મહાન છો.) તે આપણા પ્યારા આકા ﷺ ફર્માવે છે :–

**لا ترفعونی فوق منزلتی التی اعطانیها الله تعالیٰ**

(ભાવાર્થ) "જે મર્તબો અલ્લાહ તઆલાએ મને અતા કર્યો છે તેનાથી આગળ મને ન વધારો." એકવાર ગામડાના રહેવાસી એક સહાબી નબી ﷺની બારગાહમાં આવ્યા અને કહેવા લાગ્યા, યા

રસૂલલ્લાહ ! (ﷺ) લોકોના પ્રાણ તકલીફમાં પડી ગયા છે, બાળકો ભૂખ્યા મરી રહ્યાં છે, સંપત્તિ હલાક થઈ રહી છે, અલ્લાહની બારગાહમાં અમારા માટે વરસાદની દુઆ ફર્માવો. અને પછી સહાબીએ અર્ઝ કરી : انا نستشفع بك على الله "અમે અલ્લાહની બારગાહમાં આપની સિફારિશ ચાહીએ છીએ." આ વાક્ય તો બિલ્કુલ ઠીક હતું કે સર્વ અંબિયા વ મુરસલીન, અવલિયા, ઉલ્મા, શહીદો અને સર્વ નેક અને મુત્તકી અલ્લાહના મહેબૂબ બંદા અલ્લાહની બારગાહમાં સિફારિશ કરનાર છે.

પરંતુ બીજુ વાક્ય જે એ સહાબીએ કહ્યું હતુ ونستشفع با الله عليك : "યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપની બારગાહમાં અલ્લાહની સિફારિશ ચાહીએ છીએ" આ એક એવું વાક્ય હતું જે અલ્લાહ તઆલાની શાનને પાત્ર ન હતું અને આનાથી સરકાર ﷺની ઝાત મકામે રિસાલતથી આગળ વધી જાય છે. એટલા માટે આ વાક્ય સાંભળતાની સાથે જ સરકાર ﷺ એટલા નારાજ થયા કે સુબ્હાનલ્લાહનું વિર્દ કરવા લાગ્યા. અને ફર્માવ્યું કે કમઅકલ ! અલ્લાહની ઝાત એટલી ઉચ્ચ છે કે તેની સિફારિશ કોઈના સમક્ષ નથી થઈ શકતી, બલ્કે તેની બારગાહ એટલી ઉચ્ચ છે કે સૌ તેની બારગાહમાં સિફારિશ રજૂ કરે છે.

એહલે સુન્નત વલ જમાઅત પર વિરોધીઓ એ આક્ષેપ મૂકે છે કે સુન્નીઓ રસૂલુલ્લાહ ﷺની પ્રશંસામાં અતિશયોક્તિ કરે છે, એ સદંતર ગલત આક્ષેપ છે. એટલા માટે કે આપણે સરકાર ﷺને માલિકે જન્નત, શફીએ મેહશર, માલિકે બહરોબર, સય્યાહે મકાનો લામકાં, દાફિઉલ બલા વલ વબા, શાફેઉલ અમ્રાઝ, માલિકે હૌઝે કૌષર, માલિકે કુલ, મુખ્તારે કુલ, આલિમે ગૈબ, આલિમે મકાન વ મા યકૂન વગેરે જે પણ કહ્યા અને કહીએ છીએ, આપણા આકા ﷺ કુર્આન અને હદીષની રોશનીમાં તે સર્વ છે. આપણે સરકાર ﷺને રિસાલતના પદથી આગળ નથી વધારતા. તે જ કહીએ છે જે આપ ﷺ છે.વાત એ ચાલી રહી હતી કે કોઈની પ્રશંસામાં અતિશયોક્તિ કરવી, હકીકત વિરૂધ્ધ વાતો કહેવી એ એક આફત છે. ખાસ કરીને આપણા ધાર્મિક સ્ટેજો પર એનાઉન્સર અને જલ્સાના પોસ્ટરને તૈયાર કરનાર લોકોને કયા મહેમાન, કયા ખતીબ કયા નાતખ્વાં શું છે તેનાથી કોઈ મતલબ નથી હોતો. બસ તેઓ પોતાની જીભ અને કલમનું બળ પ્રદર્શન કરવા માટે જે કાંઈ કહી અને લખી શકે છે તે કરી ગુજરે છે.

જે બિચારો એ પણ નથી જાણતો કે હિંદુસ્તાનમાં કેટલાં રાજ્યો છે તેના વિશે એનાઉન્સર એલાન કરે છે કે ફલાણા સાહબના ખિતાબ હિંદુસ્તાનના ખૂણે ખૂણામાં થાય છે ! સામાન્ય ઉલ્મા, ખતીબો અને પીરોને કુદવતુસ્સાલિકીન, ઉમ્દતુલ મુહક્કિકીન કુત્બે ઝમન, નૂરૂલ મશાઈખ અને ન જાણે કેવા કેવા લકબોથી નવાઝવામાં આવે છે. જ્યારે કે દરેકને તે જ લકબોથી સંબોધિત કરવા જોઈએ જે એમના યોગ્ય હોય અને પ્રશંસા કરવામાં અતિશયોક્તિથી બચવું જોઈએ કે તેના પર પકડ થશે.

એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ બેઠા હતા. જારદૂ નામના એક વ્યક્તિ આવ્યા તો કોઈકે જારદૂની પ્રશંસા કરતાં કહ્યું કે તેઓ કબીલએ રબીઆના સરદાર છે. આટલુ સાંભળતાં જ હઝરત ઉમર رضی اللہ عنہ જારદૂને કોરડાથી મારવા લાગ્યા. તેમણે કહ્યું કે હે અમીરૂલ મો'મિનીન ! આપ મને કેમ મારી રહ્યા છો ? આપે ફર્માવ્યું કે જ્યારે તેણે તમને કબીલાના સરદાર કહ્યા તો મને ભય થયો કે આ વાત તમારામાં ઘમંડ ન પેદા કરી દે જેથી મેં ચાહ્યું કે તમારા ઘમંડને તોડી નાખું.

## ★ એનાઉન્સરને જૂઠી પ્રશંસાનું પ્રોત્સાહન શાથી મળે છે ? ★

આજે આવા પ્રશંસા કરવાવાળાઓની હિંમત એટલા માટે વધે છે અને તેઓ લકબોનો ઢગલો એટલા માટે કરી દે છે કે જે પ્રશંસા કરવામાં આવે છે તે આવી વાતોથી વધુ ખુશ થાય છે ! અને પછી ખિતાબની શરૂઆતમાં "ઉપકારનો બદલો

ઉપકાર''ના રૂપે પ્રશંસા કરનારની પણ ભલે જૂઠી જ પ્રશંસા ખતીબ સાહબ કરી દે છે ! વળી જેની પ્રશંસા કરવામાં આવે છે તે કદી પોતાની પ્રશંસાથી મના પણ કરે છે તો અંદાજ ઘણો નિરાલો હોય છે, આ રીતે કહે છે કે એનાઉન્સરે જે કાંઈ મારા વિશે કહ્યું તે એમની અકીદત છે, તેમનો અંદાજ મનાઈ પર આધારિત નથી બલ્કે વાક્યથી સમજાય છે કે તેઓ સર્વ કાંઈ છે પરંતું હઝરત આજીઝી ફર્માવી રહ્યા છે. કાશ ! પૂર્વજ બુઝુર્ગોની જેમ સખ્તીથી મના કરતા અને ચેતવતા કે ખબરદાર ! પ્રશંસામાં પણ અતિશયોક્તિ કરવી અને હકીકત વિરૂધ્ધ વાત કહેવી પણ ગુનોહ છે, તો શાયદ એનાઉન્સર કોઈની ખોટી પ્રશંસા કરવાથી બચતા.

## ★ હાફિઝે મિલ્લતને 'હાજી' કહેવા પર જવાબ ! ★

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ હજ કરીને પરત થયા તો કોઈએ આપને હાજી સાહબ કહ્યા. આપે ફર્માવ્યું : મેં હજ એટલા માટે નથી કરી કે આપ લોકો મને હાજી સાહબ કહો ! આશ્ચર્ય છે કે નમાઝ રોજ પાંચવાર પઢુ છું પણ કોઈએ નમાઝી સાહબ ન કહ્યું, એકવાર હજ કરી તો હાજી સાહબ કહેવા લાગ્યા! આપે એવી રીતે આ વાત કહી કે પછી કોઈએ હાજી સાહબ કહેવાની હિંમત ન કરી.

હા ! એ સારી વાત છે કે અવામ સમક્ષ ઉલ્મા, ખતીબો અને મશાઈખે કિરામમાંથી કોઈને આમંત્રિત કરવા હોય તો તેમની ખૂબીઓનું વર્ણન કરવું જોઈએ, તેમની દીની ખિદમતો બતાવવામાં આવે કે અવામ તેમની જેટલી ખૂબીઓ અને ખિદમતોથી વાકેફ થશે એટલી જ તેમની અકીદત વધશે અને અવામ તેમનાથી લાભ ઉઠાવશે. ખોટા વખાણ નુકસાનકારક ચીજ છે. હુઝૂર ﷺએ પણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પ્રશંસા કરી છે અને નામ લઈને સય્યદુના સિદ્દીકે અકબર, સય્યદુના ઉમર ફારૂકે આ'ઝમ, સય્યદુના અલીએ મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની પ્રશંસા કરી છે. પરંતુ જૂઠ અને અતિશયોક્તિથી બિલ્કુલ પાક પ્રશંસા હતી.

## ★ તું મારી તારીફ કર હું તારી કરું ! ★

આજે જ્યારે કોઈ જગ્યાએ જલ્સો હોય છે, અમુક ઉલ્મા, મશાઈખને આમત્રિંત કરવામાં આવે છે, મકસદ એ હોય વે કે અવામને સારો સંદેશો મળે. (ઈલ્લા માશાઅલ્લાહ !) નહીં તો આવું કાંઈ નથી થતું. બલ્કે આમંત્રિત લોકો એકબીજાનાં વખાણ કરવામાં જ સમય પૂરો કરી દે છે અને ''તૂ મેરા હાજી બોગો મન તોરા હાજી બોગોયમ'' પર જ જલ્સો સમાપ્ત થઈ જાય છે. લાખો ખર્ચ કરી જલ્સા કરવાનારા બધા મુખ્લિસ નથી હોતા, સવારમાં ટીકા ટીપ્પણ શરૂ થઈ જાય છે કે દરેક પોત પોતાની પ્રશંસા કરી ચાલ્યા ગયા વગેરે વગેરે.

હું એ નથી કહેતો કે આ બધુ ખોટુ છે પરંતુ જે અવામની ઈસ્લાહનો મકસદ હોય છે તે ઘણી બુરી અસર લે છે. આવા જલસાઓમાં ના'તખ્વાં હઝરાત પણ એવા જલ્વા દેખાડે છે કે કાફિયા તથા રદીફ (પ્રાસ) વિના તે જ ઉલ્મા મશાઈખના ગુણગાન કરી ઢગલો દાદ તથા શાબાશી હાંસલ કરી લે છે. ખુદા ખૈર કરે !

## ★ નારાઓની દુનિયામાં ડોકિયું ! ★

ઉલ્મા, મશાઈખ અને ખતીબોની શાનમાં એવા એવા નારા બુલંદ કરવામાં આવે છે કે જેમનું નામ સંજોગોવસાત આફતાબ છે તે ''આફતાબે મિલ્લત'' થઈ ગયો ! અન્વાર છે તો અન્વારે મિલ્લત'' અને સુલ્તાન છે તો ''સુલ્તાને મિલ્લત'' અને હજ કરી લીધી તો ''મહેમાને કા'બા'' લકબ થઈ ગયો. એકવાર ભલે ચંદા માટે યૂરોપ પધાર્યો તો ''ખતીબે યૂરોપ વ એશિયા'' અને બે હદીષો પઢી અને યાદ કરી લીધી તો ''હાફિઝે અહાદીષે કષીરા'' બની ગયા ! ગૌષે આ'ઝમ رضی اللہ عنہની એક કરામત બયાન કરી દીધી તો ''આશિકે ગૌષે આ'ઝમ'' અને આ'લા હઝરત رحمۃ اللہ علیہનું નામ લીધું તો ''નાશિરે મસ્લકે આ'લા હઝરત'' થઈ ગયા ! વહાબીઓની બે ચાર બેહૂદા ઈબારતો રટી લીધી તો ''મુનાઝિરે એહલે

સુન્નત'' અને ''ફ઼ાતેએ બિદઅતો નજદિયત'' યુપીમાં એક મુનાઝરો કરી લીધો તો ''ફ઼ાતેહે યુપી'' ! લક઼બો તો નિરાલી શાન વધારે છે પણ ઈલ્મ, અમલ અને હાલત જુઓ તો ઈલ્લા માશાઅલ્લાહ ! નહીં તો ન કોઈ આફતાબિયત તથા માહતાબિયત નજર આવે છે ન નૂર તથા અન્વારની કોઈ ઝલક ! ન સુલ્તાનિયતની કોઈ અદા દેખાય છે, ન આશિક઼ો જેવો કોઈ અમલ તથા કિરદાર દેખાય છે !

આશ્ચર્ય તો એ છે કે આ લક઼બો અકાબિર ઉલ્માની કોઈ જમાઅત તેમને નથી આપતી બલ્કે અવામ કલ્અન્આમ (આમ પબ્લિક ચોપગુ જાનવર !) કે જે આ લક઼બોથી નવાઝે છે. જ્યારે કે પૂર્વજ બુર્ઝુગોનું જીવન જોઈએ તો જોવા મળશે કે જ્યારે કોઈ કોઈ ઈલ્મમાં, અમલમાં, ફનમાં ઉચ્ચ મર્તબા પર પહોંચી જતું તો અકાબિર ઉલ્મા અને મશાઈખ સહમતિએ એક લક઼બ આપી દેતા, પછી તે શખ્સિયત નામ કરતાં તે લક઼બથી વધુ જાણવા અને પહેચાનવામાં આવતી.

### ★ નારા ક્યાં અને અમલ ક્યાં ! ★

અને અવામ જ્યારે પોતાની પ્રશંસામાં ના'રા પોકારે છે ત્યારે હસવું આવે છે. કેવા કેવા નારા પોકારવામાં આવે છે. ''ઈશ્ક઼ મહબ્બત, ઈશ્ક઼ મહબ્બત ! આ'લા હઝરત ! આ'લા હઝરત !'' નારો તો ઘણો સારો છે, પોકારવાનો અંદાજ પણ સારો છે. આપણુ ઈશ્ક઼ અને આપણી મહોબ્બત બેશક઼ ! આ'લા હઝરત છે, પરંતુ જ્યારે વહાબીઓને ત્યાં દિકરી કે બહેન આપવા કે લાવવાની વાત આવે છે, તેમને ત્યાં ખાવા પીવા અને સંબધની વાત આવે છે, જ્યારે દીનના દુશ્મનોથી સંબધ કટ કરવાની વાત કરવામાં આવે છે, જ્યારે અમલ અને અક઼ીદાને સુધારવાની વાત કરવામાં આવે છે, અને જ્યારે ''મસ્લકે આ'લા હઝરત'' પર સંપૂર્ણ અમલ કરવાની વાત આવે છે, તો આ ઈશ્ક઼ અને મહોબ્બત ન જાણે કયા ગુમ થઈ જાય છે ?!

અન્ય એક પ્રસિધ્ધ ના'રો છે ''ગૌષે આ'ઝમ કા દામન નહીં છોળેંગે'' શું આનો મતલબ એ છે કે અગ્યારમીની નિયાઝ ખાવાનું નહીં છોડીએ ? અથવા એ મતલબ છે કે સરકાર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના નક઼શે ક઼દમ પર ચાલીશું ? આપની ગુલામીમાં જીવીશું અને મરીશું. આ મતલબ છે તો આશિક઼ જેવો, ગુલામો જેવો કોઈ અમલ તો નજર નથી આવતો ! પછી નારાનો મતલબ શું ? એક નારો લગાડવામાં આવે છે ''દૂધ માગો તો ખીર દેંગે વરના નજદી કો ચીર દેંગે'' રાત્રે ખૂબ ઊંચા અવાજે નારા લગાડયા અને સવારે એ જ અંબિયા વ અવલિયાના દુશ્મનોને ત્યાં ખીર પૂરી ખાતા જોવામાં આવે છે ! અને આપણે તો ચીરવા ફાડવાની વાત કરી હતી પરંતુ વહાબી આપણને છેડતા ચીડવતા ફરે છે.

અન્ય એક નારો પણ ખૂબ જોર શોરથી લગાડવામાં આવે છે '' આધી રોટી ખાએંગે ઈસ્લામ કો બચાએંગે'' એ મુક઼દ્દસ લોકો જેમણે અડધી રોટી ખાઈને, અડધુ ખજૂર ખાઈને, ભૂખ્યા રહીને ઈસ્લામ અને ઈસ્લામી ક઼ાનૂનોની રક્ષા કરી, નામૂસે રિસાલતની રક્ષા માટે પોતાની ગરદનો કપાવી દીધી, તેમણે નારા કદી ન લગાડયા બલ્કે કરીને બતાવવું જ એમનો નારો હતો. ગઝવએ સૈફુલ બહ઼રમાં જ્યારે ઈસ્લામી લશ્કરનો ખાદ્ય જથ્થો ખત્મ થઈ ગયો તો અમીરે લશ્કર રોજ એક મુજાહિદને એક એક ખજૂર આપતા અને જ્યારે તે ખજૂરો પણ પૂરી થઈ ગઈ તો ઈતિહાસ સાક્ષી છે કે મુજાહિદીને ઈસ્લામ વૃક્ષોના પાદડાં ખાઈને ગુજરાન ચલાવતા હતા અને આ રીતે ઈસ્લામની રક્ષા કરતા હતા.

આપણે નારો તો લગાવીએ છીએ ''આધી રોટી ખાએંગે, ઈસ્લામકો બચાએંગે'' પરંતુ જોવામાં આવે છે કે પેટ ભરવા માટે ઈસ્લામને દાગદાર કરવામાં આવે છે. રમઝાનમાં જુઓ ! મસ્જિદનું કામ અધુરૂ છે, મસ્જિદમાં વુઝૂખાનુ અને બીજી જરૂરતની ચીજો ભલે ન હોય પરંતુ પેટ ભરીને ઈફતારી અને રાત્રીનુ ખાણુ ખૂબ ઉત્તમ હોવું જોઈએ અને આ ઈફતારી અને ખાવાની વ્યવસ્થા એક એક ઘરેથી કરવામાં આવે

છે. આ બધાની સાથે મસ્જિદ મદ્રસાના અધૂરાં કામો પણ સંપૂર્ણ કરી લેવા જોઈએ !

### ★ નારાઓ સાથે આ કામો પણ કરો ! ★

રબીઉલ અવ્વલના જુલૂસની વાત આવી તો દેગો ને દેગો પકાવી ખાવા અને ખવડાવવામાં આવે છે. એના બદલે દર વરસે જ્યાં મસ્જિદ નથી ત્યાં ''મીલાદુન્નબી સાલ ફલાણાની ભેટ''ના નામથી મસ્જિદ બનાવી આપવામાં આવે, તોહફએ મીલાદના નામથી કુતુબખાનાં સ્થાપી શકાય છે, ગરીબ છોકરા છોકરીઓના નિકાહ અને બીમારોનો ઈલાજ કરાવી શકાય. મીલાદના તોહફાના નામથી મદ્રસા અને સ્કૂલ કોલેજ ચલાવી શકાય છે. મીલાદના જુલૂસમાં શાનો શૌકતથી હિસ્સો લો, અડધી રોટી નહીં પેટ ભરીને ખાઈને જુલૂસ કાઢો પણ આવા અગત્યનાં સાર્વજનિક કાર્યો તરફ પણ ધ્યાન આપો !

અગ્યારમીનો મહીનો આવે તો ન્યાઝો પોતે ખાવા કરતાં એ જ ન્યાઝના પૈસાથી ખાધ્ય પદાર્થો અથવા અન્ય જરૂરતની વસ્તુઓ અથવા નાણાં ગરીબો મોહતાજોમાં ''ગૌષિયા તોહફા''ના નામથી વહેંચવામાં આવે તો ગરીબોની મદદ પણ થશે અને ગૌષે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં બહેતરીન નઝરાણુ પેશ થશે. ન્યાઝના બધા પૈસા નહીં તો અડધા પૈસાથી ન્યાઝ પકાવો અને અડધા પૈસાથી સાર્વજનિક કાર્યો કરો. જો વિસ્તારના દરેક મોહલ્લાના કેવળ પચાસ લોકોથી પૈસા જમા કરવામાં આવે તો દર વરસે ગૌષિયા કુતુબખાનાં, ગૌષિયા પંપવેલ, ગૌષિયા ક્લિનિક વગેરે અત્યંત મહત્વનાં સાર્વજનિક કાર્યો થઈ શકે છે.

લગભગ દરેક ગામ અને શહેરમાં કોઈ ન કોઈ અલ્લાહના વલીનો મઝાર મુબારક હોય છે. જેમનો અને વિસ્તારવાસીઓ દર વરસે સામૂહિક રીતે પૈસા એકત્ર કરી ઉર્સ મનાવે છે. પરંતુ શું થાય છે ? લાખોનો ચંદો કરી ન્યાઝ પકાવી પોતે ખાઈ લેવામાં આવે છે. જો અડધી રોટી ખાઈ ઈસ્લામ બચાવવાના નારામાં સહેજ પણ સત્ય હોય તો અડધી રોટી નહીં પોતાના જ ઘરે પેટ ભરી ખાઈને આવો અને ચંદાના લાખો રૂપિયાથી એ બુઝુર્ગના નામ પર પ્રોગ્રામ કરો અને દર વરસે અલ્લાહના એ વલીના નામ પર કેવળ પચાસ હજારનું કોઈ પાયાનું કામ કરાવી દો. પછી જુઓ કઈ રીતે સુન્નિયતમાં ચાર ચાંદ લાગી જશે અને કઈ રીતે એ અલ્લાહના વલીના ફુયૂઝો બરકાતની વર્ષા થશે.


કેટલીક જગ્યાએ એવું કહેતા સાંભળવામાં આવે છે કે બુર્ઝુગોના આસ્તાના પર અને દીની જલ્સાઓમાં આવતા લોકો માટે જમવાની વ્યવસ્થા ન કરવામાં આવે તો લોકો આવતા જ નથી. વિચારો ! અડધી રોટી ખાઈને ઈસ્લામ બચાવવાનો નારો લગાડવાવાળાઓની હાલત એટલી બદતર અને એમનો નારો એટલો ખોખરો છે કે અડધી રોટી તો દૂરની વાત ન્યાઝ વિના ઉર્સ કે જલ્સામાં આવતા ખચકાય છે ! તો પછી તેમના નારાની હકીકત શું છે ?

### ★ જાન પછી લૂટાવજો ! પહેલા સુધરી તો જાવ ! ★

એક નારો એ પણ લગાડવામાં આવે છે ''સરકારકી અઝમત પર હમ જાન લુટા દેંગે, હમ જાન લુટા દેંગે.'' બેશક ! પરંતુ નારા લગાડવાવાળાઓ ! સમય આવે ત્યારે જાન લૂટાવી દેજો ! હમણા તો માત્ર એટલું જ કરો કે તમારા નારામાં થોડીક પણ સચ્ચાઈ છે તો સરકાર ﷺની મહોબ્બતમાં દાઢી રાખી લો, નમાઝ શરૂ કરી દો, પોતાના અમલોને સુધારી લો. પછી પોતે તમારી જાન સરકાર ﷺના કદમ મુબારક પર કુર્બાન થવા માટે બેકરાર થઈ જશે.

આ લખાણ કોઈ ટીકા ટીપ્પણી માટે નથી, બલ્કે એક દિલજલાના દિલની વ્યથા છે. જરૂરત છે કે સુન્નિયતની ખિદમત ઈખ્લાસ અને આયોજનપૂર્વક કરવામાં આવે અને એહલે સુન્નત વલ જમાઅતની હાલતને બહેતર બનાવવા માટે મહત્વનાં અને અગત્યનાં જરૂરી કામો કરવામાં આવે. સુન્નિયતને વાતોની નહીં કામની જરૂરત છે.

*–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી–દિલ્હી, જુલાઈ–૨૦૧૬)*



# હજ્જ કરને કી ફઝીલતેં ઔર ન કરને પર વઈદેં !


અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી

*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*


*હજ્જની ફઝીલત તથા તેનું મહત્વ દર્શાવતું અને હજ્જ ન કરનારને શરીઅતમાં આવેલી ચેતવણીઓ દર્શાવતું દલીલસભર ઈલ્મી બયાન જે એક મો'મિનને હજ્જ કરવા માટે પ્રેરિત કરે તેવું હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ થકી દયાદરા ખાતે જુમ્આમાં તા. ૫–૮–૨૦૧૬ના રોજ થયેલ છે જેને અત્રે વાંચકોના લાભાર્થે રજૂ કરીએ છીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

અઝીઝાને મોહતરમ ! ફરીઝએ હજ્જ કે બારેમેં કુછ બાતેં આપસે અર્ઝ કરની હૈં. હજ્જ કિસે કહતે હૈં ? લુગત ઔર ડિક્ષનરી કે એતબાર સે હજ્જ કા મા'ના હૈ કસ્દ ઔર ઈરાદા કરના. ઔર ઈસ્તિલાહે શરઅ (શરીઅત કી બોલી)મેં શરાઈતે મા'લૂમા કે સાથ કસ્દે મુઐયન કો હજ્જ કહતે હૈં. બઅલ્ફાઝે દીગર આપકો સમઝાને કે લિયે બાત અર્ઝ કરું, મખ્સૂસ દિનોમેં મખ્સૂસ અરકાન મખ્સૂસ જગા પર અદા કરને કા નામ હજ્જ હૈ.

અબ આપ દેખેં ! સહીહ મુસ્લિમ શરીફ કી હદીષ હૈ સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરતે હૈં કે હુઝૂર સૈયદે આલમ ﷺ ખુત્બા ઈર્શાદ ફર્મા રહે હૈં ઔર સરકારે દો આલમ ﷺને દૌરાને ખુત્બા લોગોં કો મુખાતબ હોકર ઈર્શાદ ફર્માયા : ''يَا اَيُّهَا النَّاسُ قَدْ فُرِضَ عَلَيْكُمُ الْحَجَّ فَحُجُّوا અય લોગો ! તુમ પર હજ્જ ફર્ઝ કિયા ગયા હૈ તો તુમ હજ્જ કરો !'' અલ્લાહ કે રસૂલ ﷺને યહ હુકમ સુનાયા હજ્જ કા ઔર યહ હજ્જ હિ.સ. ૯મેં ફર્ઝ હુવા.

## ★ હજ્જ કી ફર્ઝિયત ઔર ઈખ્તિયારે નબી ﷺ ★

અબ જબ મેરે આકા علیہ الصلوۃ والسلامને યહ હુકમ સુનાયા કે તુમ પર હજ્જ ફર્ઝ હો ચુકા હૈ, હજ્જ કા હુકમ આ ગયા હૈ તો તુમ હજ્જ કરો. તો એક સહાબી જિનકા નામ અકરઅ્ ઈબ્ને હાબિસ رضی اللہ عنہ હૈ વો ખળે હોતે હૈં ઔર અર્ઝ કરતે હૈં : اَفِیْ كُلِّ عَامٍ : હુઝૂર ! યહ જો આપને હજ્જ કા હુકમ હમકો સુનાયા હૈ તો કયા યહ હર સાલ હમ પર ફર્ઝ હૈ ? فَسَكَتَ النَّبِی ﷺ તો સરકારે દો આલમ ﷺ ખામોશ રહે. વો સહાબીને યહ સવાલ તીન મર્તબા રીપીટ કિયા. તો મેરે આકા علیہ الصلوۃ والسلامને ઈર્શાદ ફર્માયા, لَوْقُلْتُ نَعَمْ لَوَجَبَتْ અય મેરે સહાબા ! તુમ યહ પૂછ રહે હો કે કયા હજ્જ હર સાલ ફર્ઝ હૈ ? ઔર હમ ખામોશ રહે ફિર ભી તુમ બાર બાર સવાલ કરતે હો ! સુનો ! અગર મૈં હાં કહ દૂં તો હજ્જ હર સાલ ફર્ઝ હો જાએગા. (સુબ્હાનલ્લાહ !)

મેરે ઈમામ ફર્માતે હૈં :–

*વહ ઝબાં જિસ કો સબ કુન કી કુંજી કહે*
*ઉસ કી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ*
*વો દહન જિસ કી હર બાત વહીએ ખુદા*
*ચશ્મએ ઈલ્મો હિકમત પે લાખોં સલામ*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને ઈસ લિયે કહા થા :–

*ખાલિકે કુલને આપકો માલિકે કુલ બના દિયા*
*દોનોં જહાં કી નેઅમતેં હૈં આપ કે કબ્ઝાઓ ઈખ્તિયારમેં*

"અગર મૈં હાં કહ દૂં તો હર સાલ તુમ પર હજ્જ ફર્ઝ હો જાતા !" ઈસ લિયે અહલે સુન્નત વ જમાઅત બહુત ધ્યાનસે ઈસ બાત કો સુનેં. ક્યા મેરે ઔર આપકે પાસ કરોળોં કી જાયદાદ હો, ઔર બહોત બળા મન્સબ (ઓહદા) ભી હો, હઝારોં લાખોં લોગ હમારે હાથ નીચે રહતે હોં, ઔર હમ ચાહેં કે હજ્જ હર સાલ ફર્ઝ કર દેં તો કર સકતે હૈં ?! ફજ્ર કી દો રકાત બળ્હાકર ચાર કરના ચાહેં તો કર સકતે હૈં ? યહ ઈખ્તિયાર કિસી કે પાસ નહીં હૈ ! મગર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને દુન્યા કા ઈખ્તિયાર તો અપને હબીબ ﷺ કો દિયા હી હૈ, દીન મેં ભી હબીબ કી વેલ્યુ અલ્લાહ ﷻ કી બારગાહમેં ઈતની ઝયાદા હૈ કે ઉનકી હાં કા મકામ અલ્લાહ ﷻ કી બારગાહમેં યહ હૈ કે ઉનકી હાં પર અલ્લાહ તઆલા હજ્જ કો ફર્ઝ કર દે. યા'ની યહ ઈખ્તિયાર, યહ શાન ઔર યહ તસર્રુફ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને અપને હબીબ સૈયદે આલમ ﷺ કો અતા ફર્માયા.

અબ આગે દેખેં ! સરકાર ﷺને ફર્માયા, અગર મૈં હાં કહ દેતા તો હર સાલ હજ્જ ફર્ઝ હો જાતા ! لَمَا اسْتَطَعْتُمْ લેકિન મૈં જાનતા હૂં મેરે સહાબી, તુમ ઔર મેરી ઉમ્મત હર સાલ હજ્જ કરને કી તાકત નહીં રખતી. ચૂં કે ઈસ નબીએ ઉમ્મત કી શાન અલ્લાહને કુર્આનમેં બયાન કી હૈ : عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ "કે ઉમ્મત મશક્કત (તકલીફ)મેં પળ જાએ યહ મેરે હબીબ કો ગવારા નહીં હૈ." યહ હબીબ પર ગિરાં ગુઝરતા હૈ કે ઉમ્મત મક્કત મેં પળ જાએ. તો અબ કબ ગવારા થા કે ઉમ્મત ઈસ્તેતાઅત ન રખ્ખે ઔર ઉન્હેં હર સાલ હજ્જ કા હુકમ સુના દિયા જાએ. તો સરકાર ﷺને ફર્માયા કે હર સાલ તુમ ઈસ્તેતાઅત નહીં રખતે ઈસ લિયે હર સાલ કા યહ હુકમ નહીં હૈ. અબ આપ દેખેં ! અલ્લાહ કે રસૂલ ﷺને ઈસ હદીષમેં ભી ફર્માયા : لَمَا اسْتَطَعْتُمْ કે તુમ હર સાલ હજ્જ કરને કી ઈસ્તેતાઅત નહીં રખતે ઔર મૈંને કુર્આન કી જો આયત પળ્હી ઉસમેં ભી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને ફર્માયા : مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا યહ હજ્જ કરના ઉસી પર ફર્ઝ હૈ કે જો ઈસ્તેતાઅત રખતા હો, જો તાકત રખતા હો.

## ★ હજ્જ કબ ફર્ઝ હોતા હૈ ?! ★

અબ યહ "ઈસ્તિતાઅત" ક્યા હૈ ? અબ યહ તાકત ક્યા હૈ ? શરીઅત જિસ ચીઝ કો હજ્જ ફર્ઝ હોને કા ઝિમ્મેદાર કરાર દેતી હૈ. તો અલ્લાહ કે રસૂલ હુઝૂર સૈયદે આલમ ﷺ કી બારગાહમેં એક સહાબીને અર્ઝ કિયા : مَا يُوجِبُ الْحَجُّ હુઝૂર ! હજ્જ કબ વાજિબ હોતા હૈ ઔર હજ્જ બંદે પર કિસ સૂરતમેં ફર્ઝ ઔર વાજિબ હો જાતા હૈ ? તો સરકારે દો આલમ ﷺને ઈર્શાદ ફર્માયા, اَلزَّادُ وَالرَّاحِلَةُ અગર કિસી કે પાસ અપના મકાન, અપના લિબાસ, ઔર ખાદિમ ઔર સફર કા ખર્ચ ઔર સવારી કા જાનવર, ઔર ઉસકે કારોબાર કે લિયે જો ચીઝેં હૈં, જૈસે ખેતીબાળી કે લિએ ટ્રેકટર હૈ, ઔર જાનવર હૈ, હલ હૈ. તો મકાન હૈ, લિબાસ હૈ, ખાદિમ નોકર ચાકર હૈં ઔર ઉસકે અલાવા સવારી કા જાનવર હૈ ઔર ખેતીબાળી કા જો ભી કામ કરતા હો ઉસકે ઓઝાર હૈં ઔર ખાનદાનવાલોં કે ઘરવાલોં કે સામાન, યહ સબ છોળકર કે ઉસકે પાસ ઈતની ઝયાદા રકમ હો કે વો મક્કા શરીફ જા સકે ઔર મક્કા શરીફ જા કર વાપસ આ સકે. ઈતની મુદ્દત જાને આને મેં જો લગેગી ઉતના ઉસ્કે પાસ ખાને કા ખર્ચ હો ઔર જાને આને પર સવારી કા ખર્ચ મૌજૂદ હો, ઔર

જિતની મુદતમેં જાકર આયેગા ઉતની મુદત તક ઘરવાલોં કો ખર્ચ કા પૈસા દે સકે, ઔર ઉન લોગોં કા ખર્ચ જિન કા ખર્ચ ઉસકે ઉપર વાજિબ હૈ ઈતના ઘર છોળકર જા સકે, તો મેરે આક઼ા ફર્માતે હૈં, અબ ઈસ સૂરત મેં ઉસ પર હજ્જ ફર્ઝ હૈ. તો યહ જો કુર્આનને કહા, હજ્જ ઉસ પર ફર્ઝ હૈ જો ઈસ્તિતાઅત રખે. તો ઈસ્તિઆત કા મતલબ હૈ اَلزَّادُ وَالرَّا حِلَة કે ખાના પાની કા સામાન ઔર સવારી કે લિએ ખર્ચ કર સકે ઉતની રકમ હો. યહ દોનોં સૂરતેં હૈં કે જાને ઔર આને કે દરમ્યાન જો ભી ખર્ચ હો વો ઉસ કે પાસ મૌજૂદ હો, ઉસકી ઝરૂરિયાત કે મુતાબિક હો. ઔર વાપસ આને તક ઉસકે ઘરવાલોં કે લિએ ભી અવસત દરજે કી (મધ્યમ કક્ષાની) ખાને કી રકમ છોળ કર વો જા સકે ઉસકે ઉપર હજ્જ ફર્ઝ હો જાતા હૈ. ઈસ કો કહતે હૈં કુર્આન કી ઈસ્તેલા હમેં ઈસ્તેતાઅત.

## ★ હજ્જ કરને મેં જલ્દી કરો ! ★

અબ જબ હમ પર હજ્જ ફર્ઝ હો ગયા, હમને દેખ લિયા કે હમારે પાસ ઈતના સામાન હૈ યા નહીં, ઔર સમઝ લિયા કે હાં ! ઈતના ઝયાદા સામાન હૈ કે મક્કા શરીફ જા કે વાપસ આ સકે ઔર ઘરવાલોં કે લિયે ભી ઈતના છોળકર જા સક્તે હૈં કે ઘરવાલે ગુઝારા કર સકેં, તો અબ હમ પર હજ્જ ફર્ઝ હો ગયા. અબ હમારે નબી હુઝૂર ﷺ હમેં ઈર્શાદ ફર્માતે હૈં : تَعَجَّلُوْا اِلَى الحَجِّ યા'ની મેરી ઉમ્મત ! અગર તુમ્હારે પાસ ઈસ્તેતાઅત હૈ ઔર તુમ પર હજ્જ ફર્ઝ હો ગયા તો અબ તુમ હજ્જ કરને મેં જલ્દી કરો. યા'ની કે ફર્ઝ હજ્જ જો તુમ પર લાઝિમ હૈ ઉસકે અદા કરને મેં જલ્દી કરો. فَاِنَّ اَحَدَكُمْ لَايَدْرِىْ مَا يَعْرِضُ لَهٗ ઈસ લિએ કે તુમમેં સે કિસી આદમી કો પતા નહીં કે કલ ઉસકે સાથ ક્યા હોગા. ઉસ્કી ઝિંદગી કબ તક હૈ, કબ તક વો દુન્યા મેં ઝિંદા હૈ, પતા નહીં કલ વો માઝૂર હો જાએ, પતા નહીં કલ વો અપાહિજ હો જાએ, પતા નહીં કલ ઉસકે ઉપર હજ્જ કા જો હુકમ હૈ વો મઅઝૂર હોને કી વજહસે ઉઠા લિયા જાએ. તો અય મેરી ઉમ્મત ! તુમ્હેં પતા નહીં કલ તુમ્હારે સાથ ક્યા હોનેવાલા હૈ ઈસ લિએ હજ્જ ફર્ઝ હો જાએ તો ઉસ્કો અદા કરને મેં તુમ જલ્દી કરો. અલ્લાહ કે રસૂલ હુઝૂર સૈયદે આલમ ﷺને હુકમ દિયા કે હજ્જ કરને મેં જલ્દી કરો.

## ★ હજ્જ કી ફઝીલત ક્યા હૈ ?! ★

અબ હમારી પોઝિશન યહ હૈ ઔર ક઼ૌમ કે અકષરિયત તબક઼ે કી યહ પોઝિશન હૈ કે વો હજ્જ ફર્ઝ હોને કે બાદ ખૂબ દેખતે હૈં કે અબ તો મહગાઈ ખૂબ બળ્હ ગઈ હૈ ! તીન ચાર લાખ કે ક઼રીબ એક આદમી કા ખર્ચ હો જાએગા ઔર ઈતના ઝયાદા ખર્ચ હો જાએગા, તો ફિર હમારે માલમેં ઈતની કમી હો જાએગી, ઈતના માલ કમ હો જાએગા, સરમાયામેં કભી વાકે઼અ હો જાએગી. યહ સોચ હૈ, ઔર યહ ફિક્ર હૈ જો હમારે ઝહનમેં આતી હૈ. મગર આજ કી મેહફિલમેં યહ સારે શુકૂક વ શુબ્હાત કા ઈઝાલા કુર્આન વ અહાદીષે તયબહ કી રોશની કે અંદર કરુંગા.

## ★ એક રૂપિયા ખર્ચ કરને પર ૭૦૦ ગુના ષવાબ ! ★

સબસે પહલે આપ ઈસ બાત કો અપને ઝહનમેં નોટ કરેં કે જબ હજ્જ કી અદાયગી કે લિએ બંદા નિકલતા હૈ ઔર હજ્જ કી અદાયગીમેં જો ઉસ પર ફર્ઝ હૈ ઉસમેં જો બંદા અપની રકમ ખર્ચ કરતા હૈ તો ઉસ પર કિતના ષવાબ મિલતા હૈ ઔર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કી તરફસે ઉસકો કિત્ના ઈન્આમ મિલતા હૈ ઉસે દેખેં. મેરે આક઼ા ﷺ ઈર્શાદ ફર્માતા હૈં :–

اَلنَّفَقَةُ فِى الْحَجِّ كَا النَّفَقَةِ فِى سَبِيْلِ الله

હજ્જ કી અદાયગી મેં જો ખર્ચ કરતા હૈ વો ઐસે હી હૈ ગોયા વો અલ્લાહ કી રાહમેં ખર્ચ કરતા હૈ, ઔર **એક રૂપિયા ખર્ચ** કરને પર અલ્લાહ ઉસે **૭૦૦ ગુના ખર્ચ કરને કા ષવાબ** અતા કરતા હૈ. યહ હજ્જ કી અદાયગી પર ખર્ચ હોનેવાલી રકમ પર ષવાબ હૈ કે ફર્ઝ તો તુમ્હારા અદા હોગા હી હોગા મગર ઈસ ખર્ચ પર ભી રબ્બે ઝુલ જલાલ ઈતના ઝયાદા ષવાબ અતા ફર્માએગા.

### ★ એક રૂા. ખર્ચ કરને પર દસ લાખકા ષવાબ ! ★

ઔર દુસ્રે મક઼ામ પર આક઼ા ﷺ ઈર્શાદ ફર્માતે હૈં :–

وَيُخۡلِفُ عَلَيۡهِمۡ مَا اَنۡفَقُوۡ الدِّرۡهَمُ اَلۡفَ اَلۡفٍ

''જો હજ્જ મેં એક દિરહમ **એક રૂપિયા ખર્ચ કરેગા** અલ્લાહ ઉસે **દસ લાખ કે ખર્ચ કરને કે બરાબર** ષવાબ અતા કરેગા.''

અબ વો બંદા જો બાર બાર બેલેન્સ ચેક કરને કી ફિક્ર મેં લગા હૈ, જો બાર બાર અપને પૈસોં કી કમી કી તરફ લગા હૈ, ઉસે યહ અહાદીષ પર ભી કભી નઝર રખની ચાહીએ ઔર ઈસ અહાદીષમેં જો ષવાબ ઔર આમાલ કી ઝિયાદતી કી બશારત દી ગઈ હૈ ઉસે ઉસ પર ભી ગૌર કરના ચાહીએ કે યે રૂપિયા યે દૌલત જો હમને કમાકર રખ્ખી હૈ તો મેરે આક઼ા ﷺને ફર્માયા, તુમ્હેં માલૂમ નહીં કલ તુમ્હારે સાથ ક્યા પેશ આ જાએ ઔર અગર હમારી આંખ બંદ હો ગઈ તો યે રકમ તો વહીં કી વહીં રહ ગઈ ઔર હજ્જ કા ફરીઝા જો તુમ પર ઉસસે તુમ મેહરૂમ રહે. ઔર ઉસ્કી વજહસે તુમ પર કિતના સખ્ત અઝાબ હૈ વો મૈં આગે આપકે સામને અર્ઝ કરતા હૂં.

### ★ હાજીકી સવારીકે હર ક઼દમ પર દસ નેકિયાં... ★

અબ આપ દેખીયે ! અગલે ઝમાને મેં ક્યૂં કે ઊંટ ઔર ઘોળે સવારી કે લિએ હોતે જો, ઉસે ખરીદકર લોગ હજ્જ કે લિએ જાતે થે. મેરે આક઼ા ﷺ ફર્માતે હૈં : ''જિસને હજ્જ પર જાને કે લિએ સવારી ખરીદી, ઊંટ યા ઘોળા કોઈ ભી જાનવર ખરીદા ઔર ઉસકે બાદ ઉસ સવારી પર વો સવાર હુવા ઔર સવાર હોને કે બાદ જબ વો હરમ કી તરફ لَبَّيۡكَ اَللّٰهُمَّ لَبَّيۡكَ (લબ્બૈક અલ્લા હુમ્મ લબ્બૈક) પુકારતા હુવા ચલતા હૈ, તો મેરે આક઼ા ઈર્શાદ ફર્માતે હૈં :–

مَايَرۡفَعُ الۡبَعِيۡرُ خُفًّا وَ لَا يَضَعُ خُفًّا اِلَّاكَتَبَ اللّٰهُ لَهٗ بِهَا حَسَنَةً

''ઉસકી સવારી કે ચાર ક઼દમ હૈં ઔર ચાર ક઼દમ મેં સે હર ક઼દમ કો જબ વો રખતી હૈ તો રખને પર અલ્લાહ ઉસે દસ નેકિયાં અતા ફર્માતા હૈ, ઔર ઉઠાતી હૈ તો હર ક઼દમ કે ઉઠાને પર ઉસે દસ નેકિયાં અતા ફર્માતા હૈ.'' وَحُطَّ عَنۡهُ بِهَا خَطِيۡئَةً ''ઔર હર ક઼દમ પર અલ્લાહ ઉસ્કે એક એક ગુનાહ કો માફ કર દેતા હૈ.'' وَفَرَعَ لَهٗ بِهَا دَرَجَةً ''ઔર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જાનવર કે એક એક ક઼દમ કે બદલે મેં જન્નત મેં ઉસકે દરજોં કો બુલંદ ફર્માતા હૈ.''

અબ આપ દેખેં તો સહી ! વો રકમ જિસ્કો ઉસને તિજોરી મેં છુપાકે રખ્ખી ક્યા વો ઉસકો જન્નત કે ઈતને કરીબ કભી કર સકતી થી ? જબ વો સફરે હજ્જ પર ખર્ચ કરતા હૈ, ન સિર્ફ યહ કે ઉસકા ફર્ઝ અદા હોતા હૈ બલ્કે મક્કે વ હરમ કી તરફ ક્યા બળ્હતા હૈ, વો જન્નત કે દરજોં પર બુલંદ હોતા ચલા જાતા હૈ !

### ★ હાજીકો ફરિશ્તે આકર સીનેસે લગાતે હૈં ! ★

ઔર મેરે આક઼ા ﷺને દુસ્રે મક઼ામ પર ઈર્શાદ ફર્માયા, જબ વો સવાર હોતા હૈ, સવારી પર સવાર હોકર જાતા હૈ. (ઔર યહ હદીષ સુનને કે બાદ હર ઝબાનસે બેસાખ્તા

સુબ્હાનલ્લાહ કા જુમ્લા નિકલના ચાહિએ.) اِن المَلَائِكَةَ لَتُصَافِحُ رِكَاب الحُجَّاجِ "જબ હાજી સવારી પર સવાર હોકર ઘરસે નિકલતા હૈ તો ફરિશ્તે આ આકર ઉસસે મુસાફા કરતે હૈં. وَتَعْتَنِقُ الْمُشَاةَ ઔર જો હજ્જ કે લિયે પૈદલ જાતા હૈ તો ફરિશ્તે ઉસસે સિર્ફ હાથ હી નહીં મિલાતે હૈં બલ્કે ઉસસે મુઆનિકા કરતે હૈં, ફરિશ્તે ઉસે સીનસે લગાતે હૈં. (સુબ્હાનલ્લાહ !)

યહ બાતેં સુનેંગે તો ફિર પૈસે કી અહમિયત ઉસકી નઝર મેં નહીં હોગી, ફિર ઉસે યહ ષવાબ નઝર આયેગા ! ફિર ઉસે રબ કી બારગાહ કા યહ કુર્બ નઝર આયેગા. ફિર ઉસે પતા ચલેગા કે જબ ફરિશ્તે સીનેસે લગાએં, જબ ફરિશ્તે આ આકર હમસે મુસાફા કરેં, ઔર હર કદમ પર જન્નતમેં દરજે બળ્હેં તો ફિર દુન્યા કી દૌલત ક્યા ચીઝ હૈ ?! યહાં કી દૌલત ઉસ્કી નઝરમેં હેચ (તુચ્છ) હો જાયેગી ઔર અલ્લાહ કા કુર્બ ઉસ્કી નઝરમેં ઔર અહમિયતવાલા બન જાએગા.

## ★ હજ્જ ઔર ઉમરાસે ગરીબી દૂર હોતી હૈ ★

યહ હૈં રાહ ખુદામેં ખર્ચ કરને કી વજહ સે યહ બરકતેં. અબ હોતા ક્યા હૈ. યહ ખદશે (વસવસે) જો દિમાગમેં લગે હુએ હૈં. અસલમેં કુર્આનમેં રબ્બુલ ઈઝ્ઝતને ફર્માયા : اَلشَّيْطٰنُ يَعِدُكُمُ الْفَقْرَ "શૈતાન તુમ્હેં મોહતાજગી કા ડર દિલાતા હૈ." ઈતના ખર્ચ કરોગે તો ઈતના કમ હો જાએગા. શૈતાન તુમ્હેં મોહતાજગી કા, ગરીબી કા ઔર તંગદસ્તી કા ખૌફ દિલાતા હૈ. મગર જિસ નબી કા કલમા હમને પળ્હા હૈ, આઓ ! વો નબી ﷺ ક્યા ફર્માતે હૈં વો ભી સુન લો ! મેરે આકા ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : મો'મિન જબ અપના પૈસા હજ્જ ઔર ઉમરામેં લગાતા હૈ ઔર હજ્જ ઔર ઉમરા કે લિયે જાતા હૈ તો યહ ગુમાન ન કરે કે મૈં ગરીબ ઔર તંગદસ્ત હો જાઉંગા ! મેરે આકા ﷺ ફર્માતે હૈં :–

**تَابِعُوا بَيْنَ الْحَجِّ وَ الْعُمْرَةِ فَإِنَّهُمَا يَنْفِيَانِ الْفَقْرَ وَ الذُّنُوبَ كَمَا يَنْفِى الْكِيرُ خَبَثَ الْحَدِيْدِ وَ الذَّهَبِ وَالْفِضَّةِ**

"જિસ તરહ લોહે પર લગા હુવા મૈલ કુચેલ લોહે કો ભટ્ટી મેં ડાલનેસે દૂર હોતા હૈ, હજ્જ ઔર ઉમરા કરને સે ગરીબી ઐસે હી દૂર હો જાતી હૈ." ફિર વો ગરીબી કી ફિર વો મોહતાજગી કા શિકાર નહીં હોતા. ઔર મેરે આકા علیہ الصلوٰۃ والسلام કે સહાબી હઝરતે જાબિર رضی اللہ عنہ ઈર્શાદ ફર્માતે હૈં : مَا اَمْعَرَ حَاجٌّ قَطُّ હાજી "ઈમાર" કા શિકાર નહીં હોગા. હઝરતે જાબિરસે પૂછા ગયા : قِيْلَ لِجَابِرٍ مَا الْاِمْعَارُ "કે "ઈમાર" ક્યા હૈ ? હઝરતે જાબિર رضی اللہ عنہ ફર્માતે હૈં : مَا افْتَقَرَ ઉસકા મતલબ યહ હૈં કે જો હજ્જ કરેગા વો કભી ગરીબ નહીં હોગા, વો મોહતાજ નહીં હોગા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઉસે દુન્યા કા માલ ભી દેગા ઔર બેનિયાઝી કી કૈફિયત ભી અતા ફર્માએગા, ઔર ઉસે હર એતબારસે બેનિયાઝી કી કૈફિયત અતા ફર્માએગા.

## ★ હજ્જ કરો માલદાર હો જાએગે ! ★

અબ દેખેં હજ્જ કરને કી વજહ સે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કી બારગાહસે ઈતના ઝયાદા કુર્બ મિલતા હૈ. ઔર મેરે આકા ﷺને સાફ લફઝોંમેં ઈર્શાદ ફર્મા દિયા : حُجُّوا اتَّسْتَغْنُوْا "હજ્જ કરો માલદાર હો જાઓગે !" અબ કહાં ઉન લોગોં કી વો સચ જો સોચ રહે હૈં કે, "હજ્જ કરેંગે તો ગરીબ હો જાએંગે !" ઈતને પૈસે કમ હો જાએંગે ?! યહ સારી બાતેં ઈમામુલ અંબિયા ﷺને ફર્માઈ હૈં.

જિનકી હર બાત પર હમારા ઈમાન હૈ, ઔર હર બાત કે નતીઝે પર ભી હમારા ઈમાન હૈ. અબ સિર્ફ ગરીબી કા ખદશા હૈ તો ઉસે દૂર કરો. સરકાર ﷺને ફર્માન કે મુતાબિક અલ્લાહ અપને વાદે કો ઝરૂર પૂરા ફર્માએગા ઔર હજ્જ કરનેવાલે કો ગની ફર્મા દેગા.

## ★ હજ્જ ન કરને પર વાર્નિંગ ★

અબ તવજ્જોહ સે સુનેં ! અબ જબ યહ સારી ચીઝેં ઉસકે પાસ હૈં, જાને આને કા ખર્ચ ભી મૌજૂદ હૈ ઔર જાને આને કે વક્ત તક ઘરવાલોં કે ગુઝારે કા અવસત (Medium) દરજે કા ખાને કા ખર્ચા ભી ઉસકે પાસ મૌજૂદ હૈ, ઉસને બાવજૂદ વો હજ્જ કે લિયે નહીં જાતા તો અબ સુનો મેરે આક઼ા ﷺ ક્યા ફર્માતે હૈં. સરકારે દો આલમ ﷺને ઈર્શાદ ફર્માયા, મૌલા અલી کرم اللہ وجہہ الکریم સે રિવાયત હૈ. સરકારને ફર્માયા :–

مَنْ مَلَكَ زَادًا وَّ رَاحِلَةً تُبَلِّغُهُ اِلٰى بَيْتِ اللّٰهِ وَلَمْ يَحُجَّ فَلَا عَلَيْهِ اَنْ يَمُوْتَ يَهُوْدِيًا اَوْ نَصْرَانِيًا

"જિસકે પાસ જાને આને કી સફર કી સવારી કા ઔર જાને આનેકા ખર્ચા ભી મૌજૂદ થા, ઔર ઘરવાલોં કે લિએ છોળકર જાએ ઉતની મુદ્દત તક કા ખર્ચા ભી મૌજૂદ થા, ઉસકે બાવજૂદ ઉસને હજ્જ નહીં કિયા. મેરે આક઼ા علیہ الصلوٰۃ والسلام ફર્માતે હૈં કે, **હો સક્તા હૈ વો મરે તો યહૂદી હોકર મરે યા ઈસાઈ હોકર મરે."**

મૈંને શાયદ ઈસસે પહલે ભી યહ રિવાયત બતાઈ થી કે બંદેકા આખરી વક્ત હોતા હૈ તો ઉસકે દોનોં તરફ ઉસકી જાંકની કે વક્ત ઉસ્કી દાઈ જાનિબ ઉસકા બાપ જો મર ચૂકા હૈ ઉસ બાપકી શક્લ મેં શૈતાન આતા હૈ, ઔર દાઈ જાનિબસે આકર કે ઉસે કહતા હૈ, બેટા ! મૈં તેરા બાપ હૂં, તુઝે પતા નહીં હૈ કે મરને કે બાદ કૌનસા મઝહબ ઠીક ઔર સહીહ હૈ. મૈં મર ચુકા હૂં ઈસ લિયે તુઝે બતાને આયા હૂં કે મરને કે બાદ જો મઝહબ હક્ક઼ ઔર સહીહ હૈ, વો યહૂદી મઝહબ હૈ, બેટા ! મરને સે પહલે પહલે યહૂદી મઝહબ ઈખ્તિયાર કરકે મરના, તાકે મરને કે બાદવાલી તેરી ઝિંદગી આસાન હો સકે. અભી યહ કહ કર વો ગુઝરતા હૈ કે દુસ્રી તરફસે શૈતાન ફિર ઉસ્કી માં કી શકલો સૂરતમેં આતા હૈ ઔર બાઈ તરફસે આકાર કહતા હૈ, બેટા ! મૈં તેરી માં હૂં ! તુઝે પતા નહીં હૈ કે મરને કે બાદ કૌનસા મઝહબ સચ્ચા હૈ, મૈં તુઝે બતાને આઈ હૂં, મરને કે બાદ જો મઝહબ સચ્ચા હૈ વો ઈસાઈ હૈ, ઈસલિયે મરને સે પહલે પહલે ઈસાઈ બન જાના, ઈસાઈ બન કરકે દુન્યાસે રુખસદ હોના.

અબ આપ દેખીયે યહ કિતના કઠિન મરહલા હોતા હૈ ! ઉસ વક્ત આપકા પરેશાની કા જાંકની કા વક્ત હોગા તો બાત હી કિસ કી સુનોગે ? જો ઈમ્તેહાન ઔર આજમાઈશ કા વક્ત હૈ વો વહી હૈ ! બાદ હઝારો ખતમ ઔર હઝારો ખાનોં પર ખર્ચ કરતે હો, પહલે ઈસ અસલ ચીઝ કે ઉપર અપની નઝર રખ્ખો. ઔર ઉસ વક્ત જો સખત કઠિન ઘળી હૈ, મેરા રબ ફર્મા રહા હૈ : يُثَبِّتُ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا بِالْقَوْلِ الثَّابِتِ "જો દુન્યામેં ઈમાન લાકર અમલ પર જમા રહા, આખરી વક્ત ઉસ્કી ઝબાન પર કલ્મા જારી ફર્માતા હૈ." વો કલ્મા ઉસકે દિલ પર ઉસ્કી ઝબાન પર અલ્લાહ જારી ફર્માતા હૈ. મગર ઈમાન કે બાદ જો અમલ હૈ ઔર ઉસ અમલ મેં હજ્જ એક અહમ ફર્ઝ હૈ, અગર ફર્ઝ હોને કે બાવજૂદ ભી હજ્જ અદા ન કિયા, તો મેરે આક઼ાને સખ્ત વઈદ ઉસ્કે લિયે ફર્માઈ કે હો સકતા હૈ કે વો યહૂદી હોકર મરે યા ઈસાઈ હોકર મરે. અબ ઈસસે હમે પતા ચલા કે હમ પર અગર હજ્જ ફર્ઝ હૈ તો હમેં ઝિંદગી મેં એકબાર હજ્જે ફર્ઝ અદા કરના હી ચાહિએ.

## ★ હલાલ કમાઈસે હજ્જ કરો ! ★

કઈ લોગોં કો હમને ઐસા ભી દેખા હૈ કે વો કમાઈ કૈસી કરતે હૈં કે વો હરામ ઝરીએ ઔર હરામ તરીક઼ોં સે કમાતે હૈં. ઉનકે કારોબાર હરામ કે હૈ ઔર પૈસે કમા લિયે તો સીધે અજમેર ચલે જાતે હૈં. તો ક્યા તુમ્હારી ઈસ હરામકારી સે હઝરત ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ રાઝી હોતે હૈં ? ક્યા અવલિયા અલ્લાહ રાઝી હોતે હૈં ? મૈંને તો યહાં તક પઢ્હા હૈ ઔર ફતાવા આલમગીરીમેં યહ બાત પઢ્હી હૈ કે જબ તુમ કિસી મઝાર યા કિસી વલી કી ઝિયારત કે લિયે જાઓ તો મકરૂહ વક઼્ત ન હો તો દો રકાત નફ્લ નમાઝ ઐસી પઢ્હો કે હર રકાત મેં સૂરએ ફાતિહા કે બાદ એક મર્તબા આયતુલ કુર્સી ઔર તીન મર્તબા સૂરએ ઈખ્લાસ પઢ્હ કે ઉસ વલી યા ક઼બ્રસ્તાનમેં રહનેવાલે કી રૂહકો ઉસકા ષવાબ પહુંચા દો. તુમ યહાંસે પહુંચાઓગે વહાં ઉસકી ક઼બ્રમેં નૂર મિલના શુરૂઅ હો જાએગા, ક઼બ્રમેં નૂર આ જાએગા. અબ યહાં તો યહ હૈ કે વલી કે દર પર યા ક઼બ્રસ્તાનમેં જાઓ તો દો રકાત નફ્લ નમાઝ પઢ્હો, ઔર લોગ ફર્ઝ છોળકર મઝારોં પર જા રહે હૈં ?! લોગ હરામ કમાકર જા રહે હૈં ઔર ફિર સમઝ રહે હૈં કે હમ પર નિગાહે કરમ હોગી ! તો ઐસા શખ્સ કાન ખોલકર સુન લે ! કે મેરે આક઼ા علیہ الصلوٰۃ والسلامને ઉસ પર કિતની સખ્ત વઈદ (વોર્નિંગ) ફર્માઈ હૈ ?! પહલે હલાલ કમાઈ સે હજ્જ કરનેવાલે કી બશારત સુનેં ફિર સુનાતા હૂં.

સરકારે દો આલમ ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : اِذَا خَرَجَ الْحَاجَّ حَاجًّا بِنَفْقَةٍ طَيِّبَةٍ اِلٰى آخِرِهٖ ''જો બંદા હજ્જ કે ઈરાદે સે નિકલે ઔર પાકીઝા કમાઈ લેકર કે નિકલે ઔર ઉસકી સવારી ઔર ઉસકા રૂપિયા સબકુછ હલાલકા હો. ઔર ફિર જબ વો નિકલતા હૈ હજ્જ કે લિએ ઔર જબ વો પુકારતા હૈ, લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક ! વો ઝમીન પર લબ્બૈક કહતા હૈ, આસ્માનસે ફરિશ્તે પુકારતે હૈં, તેરા લબ્બૈક ભી ક઼બૂલ હૈ ઔર સઅ્દૈક ભી ક઼બૂલ હૈ. રબ કી બારગાહસે ઉસકો યહ નિદા મિલતી હૈ ! ઈસલિયે કે વો હલાલ કી કમાઈ લેકર ચલા થા.

## ★ હરામ કમાઈસે હજ્જ કરનેકા વબાલ ! ★

મગર મેરે આક઼ા ﷺને સાથમેં ફર્માયા હૈ. સરકારે દો આલમ ﷺ ઈર્શાદ ફર્માતે હૈં : وَاِذَا خَرَجَ بِالنَّفْقَةِ الْخَبِيْثَةِ اِلٰى آخِرِهٖ અગર ઉસકી કમાઈ હલાલ કી નહીં ઔર હરામ કી કમાઈ કો લેકર વો હજ્જ કે લિયે નિકલતા હૈ ઔર સવારી પર ક઼દમ રખને કે બાદ ફિર વો કહતા હૈ : લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક ! મેરે આક઼ા ﷺ ફર્માતે હૈં : لَا لَبَّيْكَ وَلَا سَعْدَيْكَ જબ વો ઝમીન પર લબ્બૈક કહતા હૈ તો આસ્માનસે ફરિશ્તે કહતે હૈં તેરા લબ્બૈક ક઼બૂલ ભી નહીં તેરા સઅ્દૈક ક઼બૂલ નહીં હૈ. ઔર ઉસકે બાદ ફરિશ્તે ઉસ્કો યહ કહતે હુએ નઝર આતે હૈં કે અબ યૂં કે તેરા હજ્જ ઈસ લિએ ક઼બૂલ નહીં હૈં કે તેરે પાસ જો સામાને સફર હૈ વો હરામ કા હૈ, જો લિબાસ પહના હુવા હૈ વો હરામ કા હૈ, ઔર યહ સારી હરામ કી ચીઝેં લેકર તૂ પાક ઔર પાકીઝા સરઝમીન પર જા રહા હૈ, તો તેરા હજ્જ ભી ક઼બૂલ નહીં, તેરા લબ્બૈક ભી ક઼બૂલ નહીં. તેરા સઅ્દૈક ભી ક઼બૂલ નહીં. ઔર ઉસ્કે બાદ યહ સારી ચીઝેં (તવાફ, સઈ વગૈરા) એક પ્રેક્ટિકલી રસ્મ રહ જાતી હૈ, અલ્લાહ કી બારગાહમેં વો ક઼બૂલ નહીં હો પાતી હૈ. તો હજ્જ કે લિએ જાનેવાલોં કે લિએ ઝરૂરી હૈ કે વો ઝરૂર જાએં, ન જાએં તો સખ્ત વઈદ હૈં, મગર યહ ન સોચે કે જિસ તરહ કા લૂટ ખસૂટ કર જમા કિયા અબ ઉસી કો લેકર જાએં તો હજ્જ અદા હો જાએગા તો સુનો ! ઐસે આદમી પર હજ્જ ફર્ઝ હી નહીં હૈ ! ઉસ પર ફર્ઝ યહ હૈ કે જિસ્કા લૂટા હૈ ઉસ્કો વાપસ લૌટા દે, જિસકા લિયા હૈ ઉસકે ઘર તક વાપસ પહોંચાએં. ફર્ઝ ઉસકે ઉપર હજ્જ નહીં ઉસકે ઉપર વધુ પેજ નં. ૭ પર

## કુર્બાનીનું જાનવર તથા કુર્બાનીનો તરીકો

કાર્યાલય

ઊંટ પાંચ વર્ષ, ભેંસ બે વર્ષ, બકરી એક વર્ષ અથવા એનાથી વધુ વયનું હોય, એનાથી ઓછુ જાઈઝ નથી. હા ! જો ઘેટાનુ છ મહિનાનું બચ્ચુ એટલું મોટુ માલૂમ પડે કે જોવામાં એક વર્ષનું લાગે તો એની કુર્બાની જાઈઝ છે પરંતું યાદ રાખશો કે છ માસનુ જાઈઝ નથી પણ એનું એટલુ તાજુ હોવુ જરૂરી છે કે દૂરથી જોવામાં એક વર્ષનું લાગે. કુર્બાનીનું જાનવર તાજુ, મોટુ અને ઐબ વગરનું હોવું જોઈએ. જો થોડીક ખામી હોય તો કુર્બાની મકરૂહ થશે અને જો વધુ ખામી હશે તો કુર્બાની થશે નહીં. *(વધુ માહિતી માટે ફતાવા રઝવિય્યહ, ભાગ-૮)* શરીઅતમાં જાનવરની ઉમરનો લિહાઝ રાખવામાં આવ્યો છે, દાંતોનો નહીં. ઘણા લોકો દાંતો પર આધાર રાખે છે, આ એમની ભૂલ છે. માટે ઉમરનો ખયાલ રાખવામાં આવે કે જે જાનવરની ઉમર હોવી જરૂરી છે તે હોવી જોઈએ ભલે દાંતો મોટા હોય કે નાના.

કુર્બાનીના જાનવરને જમણી બાજુ એ રીતે સુવડાવે કે કા'બા શરીફ સામે એનું માથુ હોય અને ઝબહ કરવાવાળો એનો જમણો પગ એના પાસા પર રાખીને તેજ છરીથી જલ્દીથી ઝબહ કરી દે. ઝબહ કરતા પહેલાં આ દુઆ પઢે :–

**اِنِّیْ وَجَّهْتُ وَجْهِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِیْفًا وَّمَا اَنَا مِنَ الْمُشْرِكِیْنَ اِنَّ صَلَاتِیْ وَ نُسُكِیْ وَمَحْيَایَ وَمَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعَالَمِیْنَ لَا شَرِیْكَ لَهٗ وَبِذَالِكَ اُمِرْتُ وَاَنَا مِنَ الْمُسْلِمِیْنَ اَللّٰهُمَّ لَكَ وَ مِنْكَ بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَكْبَرْ**

**ઈન્ની વજ્જહતુ વજહીય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલઅર્દ હનીફંવ વમાઅના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વમહયાય વમમાતી લિલ્લાહિ રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક વઉમીરતુ વઅના મિનલ મુસ્લિમીન. અલ્લાહુમ્મલક વમિન્ક બિસ્મિલલાહિ અલ્લાહુ અકબર.**

દુઆ પૂરી થતાંની સાથે જ છુરી ચલાવી જાનવરને ઝબ્હ કરી નાખવું. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબ્હ કર્યા પછી આ દુઆ પઢવી :

**اَللّٰهُمَّ تَقَبَّلْ مِنِّیْ كَمَا تَقَبَّلْتَ مِنْ خَلِیْلِكَ اِبْرَاهِیْمَ عَلَیْهِ السَّلَام وَ حَبِیْبِكَ مُحَمَّدٍ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمْ**

**અલ્લાહુમ્મ તક઼બ્બલ મિન્ની કમા તકબ્બલત મિન ખલીલિક ઈબ્રાહીમ અલૈહિસ્સલામ વહબીબિક મુહમ્મદીન સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.**

જો બીજાના તરફથી ઝબ્હ કર્યું તો **مِنِّیْ "મિન્ની'**ને બદલે **مِنْ 'મિન્'** બોલી તે વ્યકિતનું નામ બોલવું જેના તરફથી કુર્બાની હોય. અને ઊંટ, ગાય, ભેંસ જેવું મોટું ભાગીદારવાળું જાનવર હોય તો જેટલા ભાગીદાર હોય તે બધાનાં નામ લેવાં. ઝબહ કરવામાં વધુમાં વધુ ચાર રગ અને ઓછામાં ઓછી ત્રણ રગ પહેલાં કાપવી એથી વધુ કાપવું નહીં બલ્કે (જાનવર) ઠંડુ પડી ગયા પછી કાપવું તે પછી ખાલ ઉતારવી.

કુર્બાનીનું જાનવર જો જાતે ઝબહ ન કરી શકે તો કોઈ સુન્ની સહીહુલ અકીદાથી ઝબહ કરાવે. **જો કોઈ બદઅકીદા અને બેદીનથી જેમ કે વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, ક઼ાદયાની વગેરેથી કુર્બાનીનું જાનવર ઝબહ કર્યું તો કુર્બાની થશે નહીં.** એવી જ રીતે **કદીપણ કોઈ બદમઝહબ અથવા બેદીનની સાથે હિસ્સો ન લે બાકી તમારી કુર્બાની પણ બેકાર થઈ જશે** અને ગુનાહનો ભાર તમારા ઉપર આવશે એ અલગ. ખયાલ રહે કે **કુર્બાનીનો ગોશ્ત વગેરે કાફિર, મુશ્રિકને દેવું મના છે.**

*–(ફતાવા રઝવિય્યહ શરીફ, ફતાવા ફયઝુર્રસૂલ)*

**દયાદરા** : ખાતે તા. ૧૨–૮–૨૦૧૬ના રોજ શાહઝાદાએ ગાઝીએ મિલ્લત સૈયદ નૂરાની અશરફી જીલાનીએ નમાઝે મગરિબ અદા કરાવી. મગરિબ બાદ ઝિક્રની ફઝીલત સાથે ઝિક્ર કરાવ્યું પછી રિક્કતઅંગેઝ દુઆ ગુજારી હતી. છેવટમાં સૌ મુક્તદીઓને મુલાકાતનો શરફ બખ્શ્યો હતો.

- **ડભોઈ** : ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ હાફિઝ કારી અફઝલ રઝા નજમી, મૌલાના મુહમ્મદ રઉફ, મૌલાના તૌસીફ રઝા નૂરી (મુદર્રિસીને દારુલ ઉલૂમ ફયઝાને નૂરી) થકી હપ્તાવારી ઈજતેમા તા. ૧૩–૮–૨૦૧૬ના રોજ છીપવાડ બજાર, કાઝી મસ્જિદ ખાતે યોજાયો. જેમાં કિર્અત, નઅત પછી બયાન "હજ્જ ઔર શાને નબી ﷺ" પર થયું. એ અગાઉ ૩૦–૭–૨૦૧૬ના રોજ "ઝિક્રે ઈલાહી ઔર મહબ્બતે ઈલાહી" પર તર્બિયત કરતું બયાન થયું હતું.
- **સાધલી** : મદીના મસ્જિદ ખાતે ૧૩–૮–૨૦૧૬ના રોજ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ ઈમરાન નૂરી, યૂસુફ નૂરી થકી ઈજતેમાનું આયોજન થયું જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે અલ્હમ્દ શરીફની તફસીર અસરકારક અંદાઝમાં કરી. સાધલી ઉપરાંત આસપાસના ૩૦ કિ.મિ.થી સુન્ની ભાઈઓએ હાજરી આપી ફયઝ ઉઠાવ્યો હતો.
- **સૂરત** : દર શનિવારે હપ્તાવારી ઈજતેમા અકબર શહીદ મસ્જિદ પર થાય છે. ઉપરાંત શહેરની વિવિધ મસ્જિદોમાં ઈજતેમા થાય છે. તા. ૩૧–૭–૨૦૧૬ શનિવારે "હજ્જ તર્બિયતી કેમ્પ" યોજાયો. જેમાં હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ૧૨.૩૦ થી ૩.૩૦ સુધી હજ્જ, ઉમરા વિશે તર્બિયત ફર્માવી જેમાં મોટી સંખ્યામાં હાજીઓ તથા અવામ હાજર રહી મગરિબ બાદ મિનારા મસ્જિદ, ઝાંપા બજારમાં હઝરતે બયાન કર્યું અને ઈશા બાદ મસ્જિદે અખ્તર રઝામાં ઈજતેમા થયો જેમાં "અલ્લાહની રાહમાં ખર્ચ કરવા" સંબંધે બયાન કર્યું એ દરમ્યાન લગભગ ૭૦ હજાર રૂપિયા મસ્જિદને ઈમદાદ મળી.
- **ભરૂચ** : મૌલાના અલ્તાફ મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) તથા અન્ય મુબલ્લિગો થકી પીર છત્તર મસ્જિદ, ઈમામ અહમદ રઝા મસ્જિદ–નૂર પાર્ક, તથા અન્ય મસ્જિદોમાં હપ્તાવારી ઈજતેમા યોજાયા. તા. ૩૧–૭–૨૦૧૬ રવિવારના રોજ પીર છત્તર મસ્જિદ પર હાજીઓની તર્બિયતનો કેમ્પ યોજાયો જેમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતીએ સરળ અંદાઝમાં હજ્જનો તરીકો, ફઝાઈલ, મસાઈલ, આદાબે મદીના વર્ણવ્યા. ફયઝાને રઝા ઈબાદતગાહ, પાંચબત્તી ખાતે રોજ અસર બાદ દર્સ તારીકભાઈ થકી થયો. વિવિધ મસ્જિદોમાં જુમ્આમાં બયાનોનું આયોજન થયું.
- **જંબુસર** : ખાતે તા. ૨૬–૭–૨૦૧૬ના રોજ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી ખતીબે જામા મસ્જિદ જંબુસર થકી હઝરત પીરે તરીકત સૈયદ નૂરાનીબાવા પેટલાદવાળા (رحمۃ اللہ علیہ)ના ઉર્સ નિમિત્તે મૌલાના ઈમરાન નજમીએ શાહી જામા મસ્જિદમાં નૂરાની બયાન કર્યું, વિવિધ ઉલમા, સાદાત તથા અવામે હાજરી આપી. છેવટમાં મૌલાના ઝહીર મિસ્બાહીએ દુઆ કરી હતી. તદ્ ઉપરાંત નગીના મસ્જિદ, ચાંદ પીર મસ્જિદ ખાતે હપ્તાવારી ઈજતેમા થયા તેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હાફેઝ અસ્લમ સાહબે તથા હાફેઝ મુહમ્મદ સાહબે કિર્અત, નઅત તથા સુન્નતો બયાન કરી હતી. મૌલાના ઈમરાન ઝંઘારવી તથા મૌલાના ઝહીર મિસ્બાહી થકી તર્બિયતી બયાનો થયાં તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી થકી જામા મસ્જિદમાં દર્સે કુર્આનનો પ્રોગ્રામ તા. ૧૨–૮–૨૦૧૬ જુમ્આના રોજ રાત્રે થયો હતો.
- **દયાદરા** : ખાતે દર રવિવારે અસરબાદ હપ્તાવારી ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહી થકી તલાકના વિષયે માહિતી સભર દર્સ ચાલ્યો જેમાં ખૂબ જાણકારી હાજરજનોને મળી. તેમજ રાબેતા મુજબ અસર બાદ "બરકાતે શરીઅત"માંથી તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) થકી દર્સ દરરોજ જારી રહ્યો.
- **ધોરાજી** : "ઑલ સૌરાષ્ટ્ર હજ્જ તર્બિયતી કેમ્પ"નું આયોજન તા. ૭–૮–૨૦૧૬ રવિવારના રોજ મુફતી મુનવ્વર રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તથા સાથીઓ થકી થયું જેમાં બહોળી સંખ્યામાં હાજીઓ તશરીફ લાવ્યા જેમની તર્બિયત બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાનખાન સાહબે રસપ્રદ અંદાઝમાં કરી હજ્જનો તરીકો, મસાઈલ, ફઝાઈલ પોતાના આગવા અંદાઝમાં સમજાવેલ જેનાથી હાજરજનો ખૂબ લાગણીવશ તથા પ્રભાવિત થયા હતા.

## વડોદરા (તાંદલજા) નૂરે ઈલાહી મસ્જિદ ખાતે

# અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું બોધદાયક બયાન

**વડોદરા** : તા. ૨૦–૭–૨૦૧૬ બુધવારે ઈશાની નમાઝ બાદ નૂરે ઈલાહી મસ્જિદ (તાંદલજા) ખાતે જનાબ હાજી બશીરભાઈ ટંકારીયાવાળા (ટેલર) એન્ડ બ્રધર્સના પ્રયત્નોથી દાઈએ કબીર અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) તેમજ આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, માલેગાંવ)ની તશરીફ આવરી થઈ હતી. ઈશા બાદ મસ્જિદ નીચે ઉપર ચિક્કાર ખીચોખીચ ભરાઈ ગઈ હતી. બાજુના હોલમાં ઔરતો માટે બેસવાની વ્યવસ્થા હતી. નિઝામતની જિમ્મેદારી ત્યાંના ખતીબો ઈમામ મૌલાના મુબારક દહેગામી સાહબે નિભાવી હતી. સૌ પ્રથમ બયાન હઝરત સૈયદ અમીન અલી કાદરી સાહબે કર્યું જેમાં જંગે ઓહદના વાકિઆત વર્ણવીને દીનના માટે નવયુવાનો કમર કસે અને દીનના કામમાં આગળ વધે તેના માટે નવયુવાનોની ઈસ્લાહ કરી તેમને પ્રોત્સાહિત કરતું બયાન પોતાના અનોખા અંદાઝમાં કર્યું હતું.

અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ "હમારે અચ્છે દીન કબ આયેંગે ?"ના વિષયે ઈબ્રતઅંગેઝ બયાન કર્યું હતું. જગતભરમાં વર્તમાન સમયમાં મુસ્લિમોની કપરી હાલત સંબંધે ચર્ચા કરતાં જણાવ્યું કે આ હાલત થવાના બે કારણો છે : એક તો કુર્આન તથા સાહિબે કુર્આન ﷺથી મુસલમાનોનો રિશ્તો કમજોર થઈ રહ્યો છે. જો મુસ્લિમ કૌમ કુર્આન મજીદ પઢતી, સમજતી અને તેના પર અમલ કરતી તો હાલાત આથી ઉલ્ટા હોતા. અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને લાવારિશ નથી છોડયા ! બલ્કે તેની આગળ પણ ફરિશ્તા છે અને પાછળ પણ, જેઓ બંદાની હિફાઝત કરે છે. જેમ કે ફર્માને રબ છે, (અર્થ) : "માણસના માટે બદલીવાળા ફરિશ્તાઓ છે તેની આગળ તથા પાછળ, કે ખુદાના હુકમથી તેની હિફાઝત કરે છે." (સૂરએ રઅદ, આ. ૧૧) હઝરત યૂસુફ علیہ السلامને કૂવામાં ફેંકવામાં આવ્યા તો અલ્લાહના માસૂમ ફરિશ્તાએ પકડી લીધા. ક્યારેક માણસ સાતમા માળેથી પડે છે છતાં પણ બચી જાય છે. મોટી મોટી ગાડીઓ સાથે અકસ્માત થાય છતાં એમાંના માણસો ઘણીવાર સલામત રહે છે, એટલા માટે કે એની હિફાઝત ફરિશ્તા કરે છે. હા ! જો કોઈની કઝા લખેલી હોય તો વાત અલગ છે. બુખારી વ મુસ્લિમની હદીષમાં છે કે તમારામાં ફરિશ્તાઓ ક્રમવાર આવે છે રાત દિવસમાં અને ફજર તથા અસરની નમાઝમાં ભેગા થાય છે. નવા આવેલા ફરિશ્તા રહી છે અને અગાઉ આવેલા જતા રહે છે. સવાલ એ છે કે જ્યારે ફરિશ્તા હિફાઝત કરે છે પછી આપણે શાથી અનેક પરેશાનીઓમાં સપડાયેલા છીએ ?! હદીષથી એનો જવાબ રજૂ કર્યો કે જૂઠુ બોલવાથી, ઝિના કરવાથી તથા અન્ય ગુનાહો કરવાથી ફરિશ્તાઓ દૂર થઈ જાય છે. આપણે એટલા માટે પરેશાન હાલ છીએ કે આપણી પાસેથી ફરિશ્તા દૂર થઈ ગયા છે. આયતે મુબારકાના બીજા હિસ્સા પર રોશની નાખતાં આપે ફર્માને ઈલાહી પેશ કર્યું, (અર્થ) : "બેશક ! અલ્લાહ કોઈ કૌમથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી તે પોતે પોતાની હાલત ન બદલે." *(સૂરએ રઅદ, આ. ૧૧)* સારાંશ કે, "હમ અચ્છે હો જાયેં તો હમારે અચ્છે દિન આ જાયેંગે !"

**આમોદ** : ખાતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં તા. ૨૧–૭–૨૦૧૬ જુમેરાતના રોજ મસ્જિદે રઝાની અંદર સવારે ૧૦.૩૦ વાગે ભરૂચ જિલ્લાના તેહરીકે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો, મુઆવિન તથા દારુલ ઉલૂમના તલબાનો એક તર્બિયતી ઈજતેમા થયો જેમાં સૌ પ્રથમ હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, માલેગાંવ)એ દીનો સુન્નિયતનું કામ કરવા સંબંધે તેમજ છેવટમાં હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ દીનના કામની અહમિયત તથા તેમાં આવતી રૂકાવટોને દૂર કરવા સંબંધે તર્બિયત કરી હતી. બાદમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજામાં ગયા વરસે ૧ થી ૩ નંબર લાવનાર હિફઝ કલાસ, આલિમ કલાસના તલબાને હઝરતના હસ્તે ઈનામો વિતરણ કર્યાં હતાં. સલાતો સલામ દુઆ પર ઈજતેમા ખત્મ થયો હતો.

હજ્જ-ઉમરાહ અને ઝિયારહ ટૂર્સના આયોજક

# હમ્ઝા ટૂર્સ

ઓફીસ : C/o. ડીઝીટલ કોમ્પ્યુટર,
બી/૪, બોમ્બે શોપીંગ સેન્ટર,
બીગ બજાર સામે, સ્ટેશન રોડ, ભરૂચ.
ઓફીસ નં. 02642-262277
(હારૂન બાજીભાઈ દયાદરાવાલા) Mo. 9824345784

## ઉમરાહ ટૂર

બુકીંગ ચાલુ છે | નવે. ડિસે. ૨૦૧૬

**ઈદે મીલાદ મદીનામાં**

16 દિવસ — Rs. 66,900

-:: પેકેજની સુવિધાઓ : મક્કા શરીફ ::-

વિઝા, રીર્ટન ટીકીટ, ૭ દિવસ મક્કા શરીફમાં, ૭ દિવસ મદીના શરીફમાં, બન્ને શહેરમાં ઝિયારત, સવારે ચા-નાસ્તો બે ટાઈમ જમવાનું, લોન્ડ્રી, સ્ટાનડર્ડ હોટેલ બંને શહેરોમાં, ભરૂચથી ભરૂચની બસની ખાસ સગવડ..

## બગદાદ ટૂર

બુકીંગ ચાલુ છે | જાન્યુઆરી-૨૦૧૭

**ગ્યારવી શરીફ બગદાદમાં**

બગદાદ | કરબલા | કુફા | નજફ | હિલા

07 દિવસ — Rs. 66,900

-:: પેકેજની સુવિધાઓ : બગદાદ ::-

ઉપરના દરેક શહેરોમાં ખુબ જ અનુભવી ગાઈદ દ્વારા ઝિયારત, આ ટૂર ૭ થી ૮ દિવસની રહેશે. રહેવા જમવાની વ્યવસ્થા ગૌષે પાકના દરબારમાં રહેશે.

**નોધ : નવેમ્બર સુધી બુકિંગ લેવામાં આવશે.**

## હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૨૪૦૦/-**

:: સંપર્ક કરો ::

**ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા**
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::
ફારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા
મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬

:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::

| | |
|---|---|
| તારીકભાઈ શેખ-ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ-ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| યૂસુફભાઈ શેઠ-દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** ''મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો.'' *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

## ઉર્સે સૈયદ નૂરાની

**પેટલાદ :** ખાતે પીરે તરીકત હઝરત કિબ્લા સૈયદ મુહમ્મદ નૂરાની બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૩૭, તા. ૨૭–૭–૨૦૧૬ના રોજ હઝરત સૈયદ યૂસુફબાવા નૂરાની સરપરસ્તીમાં મનાવાયો હતો. બહોળી સંખ્યામાં અકીદતમંદો, મુરીદોએ હાજરી આપી હતી. યુ.કે.થી જનાબ હાફેઝ આદમ કંબોલ્વી સાહબ તથા પ્રિટોરીયાથી તેમના ભાણ્યા મૌલાના શોએબ સાહબે, તેમજ યુ.કે.થી હાફેઝ યાકૂબ ચાંચવેલી, મુફતી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી તથા આમોદ, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજાથી મૌલાના ઈમરાન મિસ્બાહી તથા મૌલાના ગુલામયાસીન મિસ્બાહી તેમજ તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) પટેલ શબ્બીર અલી રઝવી, જંબુસરથી હઝરત સૈયદ શૌકતઅલી બાવા, અલ્લાહરખા ફુટવાળા તેમજ થામ, બોડેલી, પાવીજેતપુર, વાગરા તાલુકા, વડોદરા વગેરે અનેક ઠેકાણેથી ચાહકો ઉમટી પડયા હતા. ઝહોર પહેલાં ન્યાઝ જમાડવામાં આવી, ઝહોર બાદ જુલૂસે નૂરાની ખાનકાહથી ફેરા ફરીને મઝારે નૂરાની પહોંચ્યું ત્યાં શજરા શરીફ જનાબ હાફિઝ આદમ કંબોલ્વીએ પઢયો છેવટમાં દુઆ સલાતો સલામ થઈ હતી. *–અલ્લારખા ફુટવાલા (જંબુસર)*

## ઈન્તેકાલ પુરમલાલ !

**દયાદરા :** ખાતે તા. ૧૫–૭–૨૦૧૬ જુમ્આ, ૧૦ શવ્વાલ હિ.સ. ૧૪૩૭ના રોજ અહમદ આદમ ધીરજનો ૯૨ વર્ષની વયે ઈન્તેકાલ થયો છે. તથા તા. ૧૧–૮–૨૦૧૬ હિ.સ. ૮ ઝીલ કઅ્દ હિ.સ. ૧૪૩૭ જુમેરાતના રોજ રાત્રે ઝયબૂન મૂસા ટીંડુનો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ જુમ્આના રોજ સવારના નવ વાગ્યે રાખવામાં આવી.

**કુરચણ :** નિવાસી હાફેઝ યાકૂબ ઈબ્રાહીમ મછાસરાવાળા બુધવાર તા. ૯–૮–૨૦૧૬ ઝીલ કઅદ–૬, હિ.સ. ૧૪૩૭ના રોજ ભરૂચ મુકામે ટૂંકી માંદગી ભોગવીને ઈન્તેકાલ કરી ગયા અને તેમની દફનવિધિ બીજા દિવસે બુધવારે ઝહોર બાદ કુરચણ ખાતે કરવામાં આવી.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلمના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે ૩ X ૨ લકઝરી બસ દ્વારા**

**પ્રવાસના સ્થળો :** ઉદેપુર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર સિક્રી, આગ્રા, બરેલી, હલદ્વાની, નૈનીતાલ, કલીયર શરીફ, હિરદ્વાર, મસૂરી, દીલ્લી, જયપુર, અંતરશાવલી, મીરાદાતારથી ધોળકા પરત.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૨ |

**:: બસ ઉપડશે ::**

**તા ૩૧/૧૦/૨૦૧૬, સોમવાર**

**:: બસ ઉપડવાનું સ્થળ ::**

૧. આદર્શ હોટલ પાસે, સામરખા ચોકડી, આણંદ સમય : સાંજે : ૪ કલાકે

૨. તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, **ધોળકા** (જિ. અમદાવાદ) સમય : રાત્રે : ૧૦ કલાકે

**નોંધ :** **૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતા રકમ રૂા. ૧૫૦/– મુસાફરના શીરે રહેશે. **૧.** રૂા. ૩૦૦૧ ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૫૦૦/– અલગથી ભરવાના રહેશે. **૪.** હલદ્વાનીથી નૈનીતાલ અને હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૫.** નૈનીતાલ અને મસૂરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે.

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૨૭૧૭૪૦૦૨

**Bank A/c. No. 32996143540 SBI (Dholka Branch)**